કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૨૪ જૂન, ૨૦૨૪ સોમવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૩૧◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ જેઠ વદ-૩◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## મોદી પાર્ટ ૩-૧૮મી લોકસભાના પ્રથમ સત્રનો ધમધમાટ

# સાંસદો જનસેવાને સમર્પિત રહે : પીએમ

### ૧૮મી લોકસભાના આરંભ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ બહાર મીડીયા મારફતે કર્યો અનુરોધ : વિપક્ષને પણ તટસ્થ ભુમિકા ભજવવા કરી હાકલ : વિકસીત ભારત, કટોકટી, અમૃતકાળ, શ્રેષ્ઠ ભારત નિર્માણ, પ્રજાજનો સહિતના મુદાઓ પર મોદીએ કરી છણાવટ


નવી દિલ્હી : આજ રોજ દેશની ૧૮મી લોકસભાના સત્રનો આરંભ થવા પામે તે પહેલા નરેન્દ્ર મોદીએ સંસદ ભવન બહાર મીડીયાની સાથે વાતચીત કરી હતી અને મીડીયાના માધ્યમથી જ સૌ નવા ચુંટાયેલા સાંસદોને અભિનંદન આપવા ઉપરાંત અનુરોધ કર્યો હતો કે, આપણે પ્રજાજનોએ ત્રીજી વખત સેવાની તક આપી છે અને આવુ દેશના ઈતિહાસમાં બીજી વખત બનવા પામી રહ્યુ છે ત્યારે હવે આપુ દાયિત્વ પણ વધી રહ્યુ છે અને નવા ચુંટાયેલા સાંસદો પણ જનસેવાને સમર્પિત રહે તેવો અનુરોધ મોદીજીએ કર્યો હતો. મોદીજીએ અહી કહ્યુ હતુ કે, બે દીવસ નવા સાંસદો શપથ લેશે. દરેક નવા સાંસદો સહિતનાઓનુ હુ અભિનદન આપું છુ.

સંસદનુ આ સત્ર વિકાસની નવી ગતિ-નવી ઉંચાઈ પ્રાપ્ત કરવા માટે આજનો દીવસ મહત્વપૂર્ણ અવસર છે. શ્રેષ્ઠ ભારત નિર્માણનો, વિકસીત ભારત ૨૦૪૭નો લક્ષ્ય આ બધાય સપનાઓ-સંકલ્પ લઈને આજ ૧૮મી લોકસભાનો આરંભ થવા પામી રહ્યો છે. વિશ્વની સૌથી મોટી ચુંટણી ખુબજ શાનદાર રીતે અને એકદમ ગોરવમય રીતે સંપન્ન થવી તે દરેક ભાતીય માટે ગોવરની વાત છે. ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે ગૌવરની વાત છે. અંદાજીત ૬૫ કરોડથી વધુ મતદાતાઓએ મતદાનમાં ભાગ લીધો. આ ચુંટણી એટલે પણ મહત્વપૂર્ણ બની ગયો છે કે, કે આઝાદી બાદ બીજી વખત કોઈ સરકારને લગાતાર ત્રીજી વખત સેવા કરવાની દેશની પ્રજાએ અવસર આપ્યો છે. અને આ અવસર ૬૦ વર્ષ બાદ આવ્યો છે. તે પણ એક મોટી ગૌવરપૂર્ણ ઘટના કહી શકાય તેમ છે. મોદીએ કહ્યુ કે, સાથીઓ જયારે દેશની જનતાએ ત્રીજી કાર્યકાળમાં પણ એક સરકારને પસંદ કરી છે તેનો અર્થ એ છે કે, તેની નિયત-નીતીઓ પર મહોર લગાવી છે. જનતા જનાદર્ન પ્રત્યેની આ સરકારના સમર્પણ પર મોહર લગાવી છે અને તે માટે હું દેશવાસીઓનો આભાર વ્યકત કર્યુ છે. ગત એક દાયકામાં જે પરંપરાને અમે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. કારણ કે અમે માનીએ છીએ કે, દેશ ચલાવવા માટે સહમતી ખુબ જ જરૂરી હોય છે. અને તે માટે જ અમારો નિરંતર પ્રયાસ રહેશે કે દરેકની સહમતીની સાથે દરેકને સાથે લઈને મા ભારતની સેવા કરીએ. ૧૪૦ કરોડ દેશવાસીઓની આશા-આકાંક્ષાઓને પૂર્ણ કરીએ. અમે સૌને સાથે લઈને ચાલવા માગીએ છીએ અન તેની સાથે જ સંવિધાનની મર્યાદાનુ પાલન કરતા નિર્ણયોને ગતી આપવા માંગીએ છીએ. ૧૮મી લોકસભામાં અમારા માટે ખુશીની વાત છે કે, યુવા સાંસદોની સંખ્યા સારી છે. અને આપણે જયારે ૧૮મીની વાત કરીએ છીએ તેઓ ભારતની પરંપરાઓ, દેશની સાંસ્કૃતીક વિરાસતને જે જાણે છે તેઓને ખબર છે કે, આપણા દેશમાં ૧૮મા અંકનો ખુબ જ સાત્વીક મુલ્ય છે. ગીતાના ૧૮ અધ્યાય છે, કર્મ, કર્તવ્યઅ ને કરૂણાનો સંદેશ આપણે ગીતામાથી મળે છે. આપણા દેશમાં પુરાણો અને ઉપપુરાણોની સંખ્યા પણ ૧૮ છે. ૧૮નો મુલાંક નવ છે. અને નવ પૂર્ણતાની ગેરંટી આપે છે. નવ પૂર્ણતાનો પ્રતિક અંક છે. ૧૮ વર્ષની ઉંમરમાં આપણે અહી મતાધિકાર મળે છે. ૧૮મી લોકસભા ભારતના અમૃતકાળની લોકસભાનું ગઠન પણ એક શુભ સંકેત છે. મોદીજીએ કહ્યુ કે, મિત્રો આજે આપણે ૨૪મી જુનના મળી રહ્યા છે, આવતીકાલે ૨૫ જુન છે, જે લોકો આ દેશના સંવિધાનની ગરીમાથી સંપર્પિત છે, જે લોકો ભારતની લોકતાંત્રિક પરંપરાઓ પર નિષ્ઠા રાખે છે તેઓ માટે ૨૫મી જુન ન ભુલી શકાય તેવો દીવસ છે. કાલે ૨૫મી જુને ભારતના લોકતંત્ર પણ જો કાળો ધબ્બો લાગ્યો હતો તેના ૫૦ વર્ષ થાય છે. ભારતની નવી પેઢી આ વાતને કદાપી નહી ભુલે કે, ભારતના સંવીધાનને પુરી તરાહ નકારી દેવામાં આવી હતી. સંવીધાનના લીરેલીરા ઉડાવી દેવામા અવ્યા હતા. દેશને જેલખાના બનાવી દેવામા આવ્યા હતા. લોકતંત્રને પુરી રીતે દબોચી દેવામા આવ્યો હતો. ઈમરજન્સીના આ ૫૦ વર્ષ આ સંકલ્પના છે કે, આપણે ગૌવરની સાથે આપણા સંવીધાનની રક્ષા કરતા, ભારતની લોકતાંત્રાકિ મુલ્યોની રક્ષા કરતા દેશવાસીઓ સંકલ્પ લેશે કે ભારતમાં ફરીથી કોઈ એવી હીમંન નહી કરે જે ૫૦ વર્ષ પહેલા કરવામા આવી હતી. અને લોકતંત્રમાં કાળો ધબ્બો લગાવી દેવામા આવ્ય હતો. આપણે સંકલ્પ કરીશુ, જીવનના લોકતંત્રનો, ભારતના સંવીધાનની નિદિષ્ટ દીશા અનુસરા જનસામાન્યના સ્વપ્નાઓને પુરા કરવાનો સંકલ્પ કરીશુ. મિત્રો દેશની જનતાએ અમને ત્રીજીવાર તક આપી છે. આ ખુબજ મહાન વિજય છે. ખુબજ ભવ્ય વિજય છે

અનુસંધાન પાના નં.૪ પર



## ભાજપના ભર્તુહરિ મહતાબ બન્યા પ્રોટેમ સ્પીકર



(પ્રતિનિધિ દ્વારા)

નવી દીલ્હી : આજે દેશની ૧૮મી લોકસભાનો આરંભ થવા પામી ગયો છે. બીજેપી સાંસદ ભર્તુહરી મહતાબે લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે શપથ લીધા છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદ પદના લીધા શપથ

## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને આખરી ઓપ અપાયો

### મંત્રીઓ આઈએએસ, આઈપીએસ અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે જિલ્લાઓની ફાળવણી કરાઈ





### ત્રણ આઈએએસ સહિત ૧૨ અધિકારીઓને કચ્છ જિલ્લાના તાલુકાની જવાબદારી સોંપાઈ

ગાંધીનગર:કચ્છ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે આરોગ્ય કમિશનર હર્ષદકુમાર.આર.પટેલ અને ત્રણ આઈએએસ અધિકારીઓ સહિત ૧૨ અધિકારીઓને કચ્છ જિલ્લાના જુદા જુદા તાલુકાની જવાબદારી સોંપવામાં આવી છે.૨૭મી જૂનથી શરૂ થતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે રાજ્ય સરકારે રાજ્યના આરોગ્ય કમિશનર હર્ષદકુમાર.આર. પટેલને લખપત તાલુકા ની, ક્લાઈમેટ ચેન્જ વિભાગના અધિક સચિવ બી.એચ. તલાટીને રાપર તાલુકાની અનુસંધાન પાના નં.૪ પર

ગાંધીનગર: રાજ્યમાં ૨૭મી થી ત્રણ દિવસ માટે યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ને આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આખરી ઓપ આપવામાં આવ્યો હતો અને મંત્રીઓને તેમજ અધિકારીઓને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં ગત ૧૩ મી જૂનથી નવા અનુસંધાન પાના નં.૪ પર

## રથયાત્રા બાદ રાજ્યના પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો

### રાજ્યના વધુ એક આઇપીએસ અધિકારી કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર જાય તેવી શક્યતા

ગાંધીનગર: રાજ્યના પોલીસ તંત્રમાં રથયાત્રા બાદ ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. રાજ્યના બે થી ત્રણ આઈપીએસ અધિકારીઓને કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લોકસભા ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પંચ દ્વારા રાજ્યના કેટલાક પોલીસ અધિકારીઓની બદલીઓ કરવા માટે આપેલી સૂચનાના પગલે રાજ્ય સરકાર દ્વારા કેટલીક બદલીઓ કરવામાં આવી હતી પરંતુ ઘણા અધિકારીઓની બદલીઓ કરવાની બાકી હતી.

લોકસભા ચૂંટણી પૂર્ણ થતા અને ચૂંટણી આચારસંહિતા ઉઠી જતા હવે રાજ્યના પોલીસ તંત્રમાં ફેરફારો કરવા માટેની કવાયત રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અષાઢી બીજે રાજ્યમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળતી હોય છે. રથયાત્રામાં પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હોય છે. આથી રથયાત્રા પૂર્ણ થયા બાદ રાજ્યના પોલીસ તંત્રમાં ફેરફારો કરવામાં આવે તેવી શક્યતા છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના એક આઈપીએસ અધિકારીને કેન્દ્રના ગૃહ મંત્રાલય હેઠળ ની રોમાં પ્રતિનિયુક્તિ પર નિમણૂંક આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમય થયો છે તેવા આઈપીએસ અધિકારીઓ આઈજી તેમજ ડીઆઇજી રેન્ક ના કેટલાક અધિકારીઓની બદલીઓ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને રથયાત્રા બાદ રાજ્યના પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# નવા જુનીના એંધાણ ! ગુજરાતમાં મંત્રીમંડળ વિસ્તરણની તૈયારી



### રાજકોટ અગ્નીકાંડ બાદ સરકાર દ્વારા ક્યાં પગલાં લેવાયા તેના અંગે વિસ્તૃત ચર્ચા થઈ : અધિકારીઓ બાદ હવે પદાધિકારીઓનો વારો ! : ચૂંટણી સમયે ભાજપના નેતાઓ દ્વારા કરાયેલ કામગીરીનો રિપોર્ટ સોંપાયો

ગાંધીનગર : ૯ જૂનના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત શપથ લઈ ઈતિહાસ રચ્યો હતો. ત્યારબાદ શનિવાર ૨૨ જૂનના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોચ્યાં હતાં જયાં તેમને વડાપ્રધાન મોદીએ અભિનંદન પાઠવ્યા હતા.પરંતુ આ બેઠક અભિનંદન અને શુભેચ્છા પૂરતું સિમિત ન હતી. એક કલાકની લંબાણપૂર્વક ચર્ચામાં ગુજરાતના રાજકારણ, મંત્રીમંડળ વિસ્તરણ અને રાજકોટ અગ્નિકાંડ વિશે વિશેષ ચર્ચા થઈ હતી.૨૫ મેના રાજકોટ અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. ત્યારબાદ કોંગ્રેસ સ્થાનિક થી લઈ દિલ્હી સુધી આક્રમક રહી છે. શનિવારે કોંગ્રસ સાંસદ અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ પીડિત પરિવાર સાથે ઝૂમ દ્વારા વિડિયો કોન્ફરન્સ વાતચીત કરી હતી. આ મામલો સંસદમાં પણ લઈ જવા તૈયારી દર્શાવી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલ વાતચીતમાં અગ્નિ કાંડ બાદ સરકાર દ્વારા કેવા પગલાં લેવાયા તેની વિસ્તૃતમાં ચર્ચા થઈ હતી. આ ઉપરાંત રાજકોટ મનપ ના ટીપીઓ, ફાયર સહિતના વિભાગોના અધિકારીઓ જેલમાં છે તો અમુક રિમાન્ડ પર છે. તો શું હવે મનપાના પદાધિકારીઓ પણ છાંટા ઉડશે તેવી એક ચર્ચા જાગી છે. એવું મનાય રહ્યું છે કે વડાપ્રધાન આકરા પગલાં લેવાની તૈયારીમાં છે. ઉલ્લેખનિય છે કે મોરબી ઝૂલતો પુલ તૂટ્યા બાદ આખી નગરપાલિકા સુપર સિડ કરવામાં આવી હતી. રાજકોટ મનપામાં શું પદાધિકારીઓ બદલાશે કે આખી મનપા સુપર સિડ થશે તે ટુંક સમયમાં જોવાનું રહ્યું.

હવે ટૂંક સમયમાં અષાઢી બીજ ની રથયાત્રા બાદ રાજ્યના કેબિનેટ મંત્રીમંડળમાં ફેરબદલ થશે. વધુ મંત્રીઓ ઉમેરાશે તો અમુક કપાશે તો આ બાબતે મુખ્યમંત્રીએ વડાપ્રધાનનું માર્ગદર્શન મેળવ્યું હોય તેવું સૂત્રો જણાવે છે. ઉલ્લેખનિય છે કે આગામી સમયમાં હવે પંચાયતની ચૂંટણીઓ યોજાશે અને ત્યારબાદ એક વર્ષમાં અલગ અલગ મનપાની પણ ચૂંટણી આવશે તેથી હવે તે રીતે મંત્રી મંડળમાં ફેરફાર કરાશે.હાલમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા રાજ્યના તમામ સાંસદો અને ઉમેદવારો સાથે લોકસભા ચૂંટણી અંગે બેઠક યોજી હતી જેમાં કોને કેવી કામગીરી કરી તેનો રિપોર્ટ મેળવ્યો હતો. આ ચૂંટણી દરમ્યાન જેને ભાજપ વિરૂધ્ધ કામગીરી તેનો રિપોર્ટ પણ પ્રધાનમંત્રીને સોંપાયો હતો. સમગ્ર રિપોર્ટ બાદ હવે વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ પગલાં લેશે તેવું મનાઈ રહ્યું છે.હાલમાં ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડા અને સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય કાનજી વિરાણી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવાનો આરોપ છે. શનિવારે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી વચ્ચે ચાલેલી એક કલાક લાંબી બેઠક બાદ હવે કેવા નિર્ણયો આવે છે તેના પર સૌની નજર છે.

## અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાળવાની ધમકીથી દોડધામ

અમદાવાદ : રાજયના આર્થિકપાટનગર અમદાવાદ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટને બોમ્બથી ઉડાળી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળતા દોડધામ મચી જવા પામી છે. આ અંગે મળતી વધુ વિગતો અનુસાર થોડા સમય પહેલા જ હજુ અમદાવાદમાં શાળાઓ શરૂ થઈ તે વખતે શાળાઓને બોમ્બથી ઉડાળવાનો ઈમેઈલ મળયો હતોતે બાદહવે એરપોર્ટને ઉડાળી દેવાની ધમકી મળતા અજેન્સીઓમાં દોડધામ મચી જવા પામી છે. અમદાવાદઅરેપોર્ટની સુરક્ષા વધારે સઘન બનવવામાં આવી છે.

## રશિયામાં મોટો આતંકવાદી હુમલો : ૧૫ના મોત

નવી દીલ્હી : રશિયાના દાગેસ્તાન ક્ષેત્રના બે શહેરોમાં રવિવારે મોટો આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ૧૫ પોલીસકર્મીઓ અને એક પાદરી સહિત ૧૬ લોકો માર્યા ગયા હતા અને ૨૫ લોકો ઘાયલ થયા હતા. રશિયાની તપાસ સમિતિએ કહ્યુ કે તેણે આતંકવાદી હુમલાની તપાસ શરૂ કરી દીધી છે. આ હુમલાઓ લગભગ ફક્ત ચર્ચો, પૂજા સ્થાનો અને ડર્બેન્ટ અને મખાચકલા શહેરોમાં પોલીસ ચોકીઓ પર થયા હતા.તપાસ નિર્દેશાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ઘટનાના તમામ સંજોગો અને આતંકવાદી હુમલામાં સંડોવાયેલા લોકોની તપાસ કરવામાં આવી રહી છે અને તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.દાગેસ્તાન પબ્લિક મોનિટરિંગ કમિશનના અધ્યક્ષ શામિલ ખાદુલેવે કહ્યું કે તેમને મળેલી માહિતી મુજબ ફાધર નિકોલેની ડર્બેન્ટના ચર્ચમાં હત્યા કરવામાં આવી હતી, તેમનું ગળું આતંકવાદીઓએ કાપી નાખ્યું હતું. તેણે એમ પણ કહ્યું કે ચર્ચમાં માત્ર પિસ્તોલથી સજ્જ એક સુરક્ષા ગાર્ડે ગોળી મારી હતી.

### તિકડમ !
– દેવેન વ્યાસ



ડોકટર કે વકીલ નહીં, મોટો થઈને હું નેતા બનીશ અને ભ્રષ્ટાચાર કરીશ !

## રાજયમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : ખેડુતોમાં ખુશી
## મ.ગુજરાત-સૌરાષ્ટ્રમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ

ગાધીનગર :વહેલી સવારથી જ ગુજરાતમાં વરસાદ પડી રહ્યો છે. વરસાદથી વાતાવરણમાં પલટો આવ્યો છે, ઠેર ઠેર ઠંડક પ્રસરી ગઈ છે. વાદળછાયા વાતવરણમાં લોકો બહાર ફરવા નીકળી પડ્યા છે. કેટલાય જીલ્લાઓમાં મોડી રાતથી જ વરસાદ શરૂ થઈ ગયો હતો. વરસાદી માહોલથી ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. ગુજરાતમાં ૬૬ તાલુકામાં મેઘો વરસ્યો છે. નવસારીથી ચોમાસુ આગળ વધ્યુ,મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.૧૩ દિવસ બાદ આખરે મેઘરાજાએ આળસ ખંખેરી છે અને હવે ચોમાસું નવસારીથી આગળ વધ્યું છે. છેલ્લા થોડા દિવસોથી સાનુકૂળ પરિસ્થિતિ ન થતા ચોમાસું નવસારીમાં જ અટવાયું હતુ. હવે ચોમાસું નવસારીથી આગળ વધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમૂક ભાગોમાં બેઠું છે.આજે ૬ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.નવસારીથી આગળ વધી નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર સુધી ચોમાસું પહોંચ્યુ છે, તો સાથે અમરેલી અને ભાવનગરમાં પણ ચોમાસું બેઠું છે. આખરે ચોમાસુ આગળ વધતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી રાજકોટ, અમરેલી,અને બોટાદમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદનું આગમન થયુ છે.વરસાદ વરસતા અસહ્ય ગરમીથી લોકોને મળી રાહત,તો વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.અમરેલીમાં વરસાદી પાણી રોડ પર ફરી વળ્યા હતા.લાંબા વિરામ બાદ મેઘરાજાની એન્ટ્રી થઈ હતી.તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા પણ વરસાદની ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## વેસ્ટ ઈન્ડિઝ T૨૦ વર્લ્ડ કપમાંથી બહારઃસાઉથ આફ્રિકા ટોપ પર રહીને સેમિફાઈનલમાં પહોંચી

નવીદિલ્હી : ICC T-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ૧૦મી સુપર-૮ મેચમાં સાઉથ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝને ૩ વિકેટે હરાવ્યું છે. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે સાઉથ આફ્રિકાને ૧૩૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જોકે, વરસાદને કારણે ડકવર્થ-લુઈસ નિયમ હેઠળ ત્રણ ઓવર ઘટાડવામાં આવી હતી. ત્યારબાદ સાઉથ આફ્રિકાને ૧૭ ઓવરમાં ૧૨૩ રનનો રિવાઇઝ્ડ ટાર્ગેટ મળ્યો હતો.

જવાબમાં સાઉથ આફ્રિકાએ ૧૬.૧ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી કરી લીધો હતો. આ જીત સાથે જ સાઉથ આફ્રિકા સુપર-૮ના ગ્રૂપ-૨માં ટોપર રહીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. જયારે યજમાન વેસ્ટ ઈન્ડિઝ સેમિફાઈનલમાંથી બહાર થઈ ગઈ છે.



કેરેબિયન ટીમને ૩ વિકેટે હરાવ્યું

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
જેઠ વદ - ૩, તા.૨૪ જૂન, સોમવાર



તંત્રી સ્થાનેથી....

# જવાહર પર જંગ : શું ભાજપમાં બગાવતની થઈ શરૂઆત!

ગુજરાત રાજયના પૂર્વ કેબીનેટ મંત્રી, કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા જવાહર ચાવડાએ એક ખુદનો વીડીયો વાયરલ કરી અને આક્રમણ વેણ કહી દીધા છે. મનસુખમાંડવીયાએ કહ્યુ હતુ કે, ભાજપના સિમ્બોલ લઈને ફરનારાઓએ કામ પણ કરવુ જોઈએ, તેનો જવાબ આ વીડીયોમાં આપી દીધો હોય તેવો રાજકીય એંગલ તજજ્ઞો જોઈ રહ્યા છે.

જવાહર ચાવડાએ સુચક રીતે જ ભાજપથી અંતર બનાવવાનુ નકકી કરી લીધુ હોય તેમ ભાજપના લાગો તેઓએ હટાવી દીધા છે. ઉપરાંત તેઓએ કરેલા કામો ગણાવી અને કહ્યુ છે કે, તમે તો કમળના સિમ્બોલ પર ચુંટાઈ રહ્યા છે અમે તો અમારી ઓળખ અમારા કામથી ઉભી કરી છે. જે રીતે જવાહરભાઈએ વીડીયો વાયરલ કર્યો છે શુ તેને ભાજપમાં બગાવતની શરૂઆત કહી શકાય કે નહી?

કારણ કે, ભાજપમાં જે રીતે જુના અને મુળ કાર્યકર્તાઓ, પદાધિકારીઓ, સૈદ્ધાંતિક વિચારધારા સહિતનાઓને દરકિનાર કરી અને માત્ર અને માત્ર મતલક્ષી, ચુંટણીલક્ષી વિનિંગ કેન્ડીડેટસની નીતી અપનાવવામાં ગમે ત્યાથી ગમે તે પક્ષમાથી કોઈને પણ લાવી અને ચૂંટણી મેદાનમાં ઉતારવા કે પછી ચારવીરૂપ પદો આપી દેવાની લ્હાણીઓ શરૂ થઈ હતી તેનાથી તો ભાજપમાં મુળ કાર્યકર્તાઓની લાગણી દુભાણી હોય તે તો ચોકકસથી લોકસભાની ચૂંટણીમાં આવેલા પરીણામોમાં તેના પ્રત્યાઘાતો રૂપે જ જોઈ શકાય તેમ છે. હવે આવનારા સમયમાં પણ જો આવુ જ ચાલ્યું તો સ્થિતી વધુ સ્ફોટક બની શકે છે ભાજપ માટે તે વિચારવું જરૂરી.

## ભુજ ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલના સ્થાપક પરિવાર દ્વારા ૭૫,૦૦૦નું દાન જાહેર કરાયું

ભુજ : સને ૧૯૪૯ માં સ્થાપિત કચ્છની ઐતિહાસિક મહા કન્યાશાળા શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ ભુજના સ્થાપક દાતા ડોસાભાઈ લાલચંદ થાવરના ભત્રીજા અને દાતા કરમચંદ લાલચંદ થાવરના પુત્ર રસિકભાઈ કરમચંદ થાવર તથા તેમના પરિવાર (મુંબઈ) તરફથી ૭૫ વર્ષ પૂર્ણ થતા અને આગામી અમૃત મહોત્સવ નિમિત આર્થિક રીતે નબળા પરિવારોની વિદ્યાર્થીનીઓ માટે પાઠ્ય પુસ્તકો, નોટબુકો, ગણવેશ તથા અન્ય સહાય માટે રૂપિયા ૭૫૦૦૦ જાહેર કરેલ છે. તે બદલ શાળાના આચાર્યા ભૂમિકાબેન ગઢવી, સુપરવાઈઝર બેલાબેન મહેતા અને શાળા પરિવારે તેમનો આભાર વ્યકત કર્યો હતો.

ભટ્ટ પરીવાર-બ્રહ્મસમાજ-એરફોર્સ સ્કુલનું ગૌરવ

# ભુજની ૯ વર્ષીય અંતરા ભટ્ટે નૃત્યક્ષેત્રે મેળવ્યા વધુ 3 રાષ્ટ્રીય પુરસ્કાર : અયોધ્યામાં કચ્છીહીર ઝળકયું

**દેશભરના ૧૨ જુદા-જુદા રાજયોમાંથી જુદી-જુદી કેટેગરીમાં ૪૫૦થી વધુ શાસ્ત્રીય નૃત્ય નિપુણ સ્પર્ધકોએ લીધો હતો ભાગ**

**14માં કલ્ચરલ ઓલમ્પીયાડ પરફોર્મીંગ આર્ટસ 2024 (કેપા) અબુધાબી દુબઈના ''આંતર રાષ્ટ્રીય કલ્ફેસ્ટ'' માટે વર્ષ 2022 પૂનાના નેશનલ ટેલેન્ટ સર્ચના વિજેતા તરીકે અંતરા ભટ્ટને ડાયરેકટર એન્ટ્રી સાથે મળ્યું છે આમંત્રણ : 7 થી 10 નવેમ્બર 2024 સુધી દુબઈ મધ્યે યોજાનાર છે કલ્ચરલ ઓલમ્પીયાડ**



ગાંધીધામ : બેટી પઢાઓ-બેટી બઢાઓના સુત્રને વધુ એક વખત ભુજની નવ વર્ષીય અંતરા આનંદકુમાર ભટ્ટે સાર્થક કરી દેખાડયું છે. તાજેતરમાં જ ઈન્ડીયન આર્ટ એન્ડ કલ્ચરલ સોસાયટીના ઉપક્રમે કલા એવમ સાંસ્કૃતિક મહોત્સવ(યુપી) રામનગરી અયોધ્યા મધ્યે કલાસીકલ નૃત્યની નેશનલ લેવલની સ્પર્ધા યોજવામાં આવી હતી. દેશના ૧૨ રાજયોમાથી અંદાજીત ૪૫૦થી વધુ સ્પર્ધકોએ જુદી જુદી કેટગરીમાં ભાગ લીધો હતો જેમાં વધુ એક વખત ભુજની નવવર્ષીય અંતરા આનંદકુમાર ભટ્ટે પ્રથમ અને દ્વીતીય નંબર હાંસલ કરી અને રાષ્ટ્રીય સ્તરે કચ્છનો ડંકો વધુ એક વખત ગજવી દીધો છે. અંતરા ભટ્ટએ સોલો-ડયુએટ અને ગ્રુપ એમ ત્રણ અલગ અલગ કેટેગરીમાં જુનીયરવિભાગમાં બે કૃતીઓમાં પ્રથમ અને સોલોમાં દ્વીતીય નંબર સાથે રાષ્ટ્રીય પુરસ્કાર તેમજ અયોધ્યા માનપત્ર પ્રાપ્ત કરી અને પરીવાર-શાળા-કચ્છ-નુપુર એકેડમીનું ગૌરવ વધાર્યુ છે. અયોધ્યા મધ્યે તા. ૨ જુનથી ૪ જુન ૨૦૨૪ સુધી યોજાયેલ આ રાષ્ટ્રીયકક્ષાની નૃત્ય સ્પર્ધામાં દેશભરના ૧૨ રાજયોમાથી ૪૫૦થી વધુ જેટલા અલગ અલગ વયજુથના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ભુજની અંતરા આનંદકુમાર ભટ્ટએ જુનીયર વિભાગમાં ''અઈગીરી નંદીની મહીષાસુરમર્દીની સ્ત્રોતમ'' પર નૃત્ય રજુ કરી અને દેશભરમાથી આવેલા સ્પર્ધકોમાં બીજો નંબર હાંસલ કર્યો હતો. તો વળી ડયુએટમાં ભુજની જ બાળા દ્રષ્ટી અને અંતરાની જોડીએ શ્રીકૃષ્ણનું ''મુકુન્દા મુકુન્દા '' ગીત પર નૃત્ય રજુ કરી અને સૌનું ધ્યાન આકર્ષીત કરી ભારત ભરમાથી આવેલા સ્પર્ધકોમાં જુનીયર કેટેગરીમાં પ્રથમ નંબર હાંસલ કરી અને કચ્છનો ડંકો ગજવી દીધો હતો. આ ઉપરાંત અંતરા ભટ્ટએ ગ્રુપ ડાન્સમાં પણ ભાગ લઈ અને તેના નૃત્યના કરતબ રજુ કરી અને તેમાં પણ તેમના ગ્રુપે દેશભરમાથી આવેલા સ્પર્ધકોમાં પ્રથમ ક્રમાંક હાસલ કર્યો હતો. પાછલા બે વર્ષથી ભરત નાટયમની પદ્ધતીસરની તાલીમ ભુજના નુપુર એકેડમીના વૈશાલીબેન સોલંકી પાસેથી મેળવી રહેલી અંતરા ભટ્ટે અત્યાર સુધીમાં કુલ્લ ૭ રાષ્ટ્રીય એવોર્ડ નૃત્ય ક્ષેત્રે મેળવી અનોખી સીદ્ધી હાંસલ કરી છે. નોધનીય છે કે, આ પહેલા અંતરા ભટ્ટ પુના મધ્યે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ-યુનેસ્કો એફીલેટેડ આયોજીત નેશનલ ટેલેન્ટ સર્ચના કાર્યક્રમમાં પણ ૮ વર્ષની ઉંમરે ૪-૪ રાષ્ટ્રીય એવોર્ડ મેળવેલા છે. અખિલ ભારતીય સાંસ્કૃતીક સંઘ પુના-મહારાષ્ટ્ર(યુનેસ્કો એફીલેટેડ ઓફીશીયલ પાર્ટનર),આયોજીત ઓલ ઈન્ડીયા મલ્ટી લીંગ્યુઅલ ૧૮મી કલ્ચરલ ફોર ઓફ પર્ફોમીંગ આર્ટસ ૨૦૨૨ના નેશલ આર્ટસ ટેલેન્ટ સર્ચના તા.૨૫મી મેથી ૩૦મે -૨૦૨૨ સુધી આયોજીત થયેલ રાષ્ટ્રીયકક્ષાના ઈવેન્ટસમાં ચાર જુદી જુદી કેટેગરીમાં ભાગ લઈ અને ચારેયમાં રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધારેલ છે. નોધનીય છે કે, પુનામાં આયોજીત રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં કુલ્લ ૩૫૦૦ સ્પર્ધોએ ભાગ લીધો હતો જેમાથી કચ્છની કુમારીકા અંતરા ભટ્ટે હીર ઝળકાવીને કાઠું કાઢયું છે. અંતરા ભટ્ટ ભરત નાટયમ ઉપરાંત ગાયનક્ષેત્રે પણ સુગમ સંગીતનુ પદ્ધતિસરનું જ્ઞાન મેળવી અને શાળાકીય કલામહાકુંભ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં પણ તાલુકા-જિલ્લા, ઝોન કક્ષાએ પ્રથમ નંબર મેળવી ચૂકી છે. તો વળી ગાયન ક્ષેત્રે અંતરાએ રાષ્ટ્રીય ચેનલ સોની ટીવી પર આવી રહેલા સુપર સ્ટાર સિંગર સિઝન થ્રીના પ્રોગ્રામ માટે જજીસ રાઉન્ડના ઓડીશન સુધી પસંદગી પામેલ છે. રસીકલાલ માર્કંડરાય ભટ્ટ પરીવાર-એરફોર્સ સ્કુલ-બ્રહ્મસમાજનું ગૌરવ વધારવા બદલ અંતરા ભટ્ટ પર ઠેર-ઠેરથી અભિનંદન વર્ષા થવા પામી રહી છે.



અંતરાએ અત્યાર સુધીમાં ૭ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવી અનોખી સિધ્ધી કરી હાંસલ

**અયોધ્યા મધ્યે ઈન્ડીયન આર્ટ એન્ડ કલ્ચરલ સોસાયટીના ઉપક્રમે કલા એવમ સાંસ્કૃતિમ મહોત્સવની યોજાયેલ નેશનલ લેવલની સ્પર્ધામાં અંતરાએ સોલો-ડયુએટ અને ગ્રુપની ત્રણ કેટેગરીમાં ભરતનાટયમ સ્પર્ધામાં પ્રથમ-દ્વીતીય નંબર મેળવવા સાથે વધુ ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ અને અયોધ્યા માનપત્ર મેળવ્યું**

## નારાયણ સરોવર અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા પૂર્વ ટ્રસ્ટીઓની સેવા બિરદાવી



દયાપર : નારાયણસરોવર અન્નક્ષેત્ર, ગૌશાળા, પાંજરાપોળ સહિતના ભગીરથ સેવા કાર્ય કરી રહી છે. યાત્રાએ આવતા સાધુ સંતો તથા યાત્રિકોને વિનામુલ્યે ભોજન પીરસવામાં આવે છે, જેનો દરરોજ અંદાજીત ૨ હજાર યાત્રિકો લાભ લઈ રહ્યા છે. ગૌશાળામાં ૮૬૫ ગૌવંશનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. પશુઓ માટે ખાવા માટે શેડ, પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રમુખ પરસોત્તમભાઈ ઠક્કરની દેખરેખમાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગૌશાળામાં કાયમી ડોકટરની વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રસ્ટી તરીકે ગોવિંદકુમાર જેઠમલ કોઠારી ૧૯૯૫થી ૨૦૨૩ સુધી ૨૮ વર્ષથી સેવા બદલ તેમનું સન્માનપત્ર, શાલ અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ગોવીબાપાની નાદુરસ્ત તબીયતના કારણે સેવા પ્રવૃતિઓમાંથી સ્વૈચ્છિક રીતે નિવૃતિ લેતા તેમનું મુળરાજભાઈ ગંગારામ ઠક્કર, હિતેશભાઈ ઠક્કર, વિરાગભાઈ શેઠ, મુકેશભાઈ ઠક્કર, નવીનભાઈ ગણાત્રા, રામજીભાઈ મજેઠિયા, વિપુલભાઈ ઠક્કર સહિતના આગેવાનો તેમને સન્માન વેળા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ટ્રસ્ટના પ્રમુખ પદે પ્રભાબેન જે. પોપટે ૨૫ વર્ષ સુધી સેવા આપી હતી. ગોવિંદકુમાર કોઠારીની સેવા પ્રવૃતિ બદલ પ્રમુખ પરસોત્તમભાઈ ઠક્કર, ઉપપ્રમુખો પંકજભાઈ મંગલદાસ ઠક્કર, ઘનશ્યામભાઈ ઠક્કર, મંત્રી તુલસીદાસ ઠક્કર, મંત્રી પ્રવીણભાઈ દૈયા, ખજાનચી નરસીહભાઈ કોઠારી, ટ્રસ્ટીઓ જમનાદાસ ઠક્કર અને કલ્પેશભાઈ ઠક્કરે શુભેચ્છાએ પાઠવી હતી.

## પોલીયોના ટીપાંથી વંચિત રહેલા બાળકો માટે આજથી ડોર ટૂ ડોર સર્વે શરૂ કરાયો

**ગઈકાલે બુથ પર ૨.૬૧ લાખ બાળકોને પીવડાવાયા હતા ટીપાં**

ભુજ : જિલ્લા પંચાયત આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા દ્વારા ગઈકાલે એક જ દિવસ ૨.૬૧ લાખા બાળકોને પોલીયોના ટીપાં પીવડાયા હતા. જેમાં પોલીયોના ટીપાંથી વંચિત રહેલા બાળકોને આજથી ડોર ટૂ ડોર ઘરે જઈને સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. રવિવારે બુથ પર બાળકોને પોલીયો રસીકરણ સાથે પ્રોત્સાહનરૂપે રમકડા પણ આપવામાં આવેલ હતા. ૦થી ૫ વર્ષના બાળકોને નજીકના પોલીયો બુથ પર જઈ પોલીયો ડ્રોપ્સ પીવડાવવા અંગે અપીલ કરવામાં આવેલ હતી. અમુક કારણસર જે વાલીઓ પોતાના બાળકો ને આજે પોલીયો ડ્રોપ્સ નથી પીવડાવી શક્યા તેના માટે જીલ્લા આરોગ્ય ટીમ દ્વારા આગામી ૨ દિવસમાં ડોર ટુ ડોર જઈ સર્વે કરી છુટી ગયેલા બાળકોને પોલીઓ ડ્રોપ્સ પીવડાવાશે. જિલ્લામાં ૧૩૮૪ બુથો પર ૦થી ૫ વર્ષના કુલ ૩,૧૭,૦૮૨ બાળકોને આવરી લેવામાં આવશે. જેમાં આરોગ્ય વિભાગની ૧૮૭ મોબાઈલ ટીમો અને ૭૫ ટ્રાંઝીટ ટીમો દ્વારા ગઈકાલે રવિવારે એક જ દિવસમાં ૨,૬૧,૨૩૭ (૮૨.૩૯%)ની કામગીરી કરવામાં આવી છે.

## મુન્દ્રાના નવીનાળમાં એસએમસી ત્રાટકી : દેશી દારૂના અડ્ડાનો પર્દાફાશ

**દારૂનો હિસાબ રાખનાર, માલ આપી જનાર અને દારૂ વેચવા માટે રાખેલા ૭ મજૂર ઝડપાયા : મુખ્ય બુટલેગર ગજુભા અને તેના બે પાર્ટનર હાથ ન લાગ્યા : સ્થળ પરથી ૩૪૦ લિટર તૈયાર દેશી દારૂ અને વાહનો સમેત પોણા ત્રણ લાખનો મુદ્દામાલ કબજે કરાયો**



**આયોજનબદ્ધ રીતે દેશી દારૂ વેચાણનો અડ્ડો ધમધમતો હોવા છતા સ્થાનિક મુન્દ્રા પોલીસ કેમ અંધારામાં રહી ? જવાબદારો સામે કાર્યવાહીની લટકતી તલવાર**

મુન્દ્રા : પરપ્રાંતિય વસતી ધરાવતા મુન્દ્રા વિસ્તારમાં દેશી દારૂની બદી વ્યાપક ધોરણે ફેલાઈ છે. સ્થાનિક પોલીસ આ દુષણને ડામવા માટે નિષ્ફળ સાબિત થઈ હોય તેમ અવાર-નવારની ફરિયાદો છતા કોઈ કાર્યવાહી ન થતા આખરે ગાંધીનગરથી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડતા મસમોટો અડ્ડો ઝડપાયો છે. આયોજનબદ્ધ રીતે ચાલતી દેશી દારૂની દુકાનમાં કોથડીઓ વેંચવા માટે માણસો રાખવામાં આવ્યા હતા. હિસાબ-કિતાબ માટે પણ અલગ માણસો રાખેલા હતા. સ્ટેટ મોનિટરીંગ સેલની ફરિયાદ પ્રમાણે નવીનાળ ગામની સીમમાં ડેમની પાછળ ઓરડીમાં દેશી દારૂનું વેચાણ થતું હતું. આ સ્થળેથી દેશી દારૂનો હિસાબ રાખનાર કુંદરોડીના કિશનસિંહ દશરથસિંહ જાડેજા, દારૂ વેચવા માટેના મજૂર કુંદરોડીના જયદીપસિંહ જીલુભા ચૌહાણ, કાંકરેજના મહેશ વીજુભા વાઘેલા, ભુજપુરના તેજસ નવલદાન બારોટ, બારોઈના વિજયસિંહ મહિપતસિંહ રાઠોડ, ગુંદાલાના કરણસિંહ કાળુભા પરમાર, નવીનાળના ભરત પાલુભાઈ વર્મલ (રાવ), મહેન્દ્ર મદનલાલ બારોટ અને દારૂના બાચકા નાખવા આવનાર નરેશ લાખાભાઈ જોગીને ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે દેશી દારૂનો ધંધો કરનાર મુખ્ય આરોપી નવીનાળનો ગજુભા ભીમજી જાડેજા અને દેશી દારૂ પૂરું પાડનાર વવારનો ગોપાલ લાધાભાઈ ગઢવી અને તેનો પાર્ટનર મોહન પતરામલભાઈ ગઢવી હાજર મળી આવ્યો ન હતો. સ્થળ પરથી ૩૪૦ લિટર દેશી દારૂ કિંમત રૂા.૬૮૦૦, ૨૦,૧૧૦ રોકડા, ૫૦ હજારના ૯ મોબાઈલ, ૧.૯૦ લાખના ચાર વાહનો, પ્લાસ્ટિક બેરલ, ટબ સહિતનો મુદ્દામાલ કબજે કરી મુન્દ્રા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીથી સ્થાનિક પોલીસની બેદરકારી છતી થઈ છે. જેથી કાર્યવાહીની તલવાર લટકી રહી છે.

## અસહ્ય બફારાથી કચ્છવાસીઓ વરસાદ નહીં પણ પરસેવે નાહ્યા



**ગત રાત્રે મુંદરા શહેર અને તાલુકામાં ધમાકેદાર બેટીંગથી આંશિક રાહત થઈ : ગઢશીશા, નરેડી, સામખિયાળીમાં છાંટા વરસ્યા : ભુજ સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકાથી લોકો વરસાદની રાહ જોતા રહ્યા પણ મેઘરાજા હાથતાળી આપીને છૂ...**

મુંદરા : ભારે બફારો અને ગરમીના કારણે લોકો અકળાઈ ગયા છે. ત્યારે ગત રાત્રીના ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતા ગરમીમાંથી રાહત મળી હતી. જો કે, વરસાદ એકાદ કલાકમાં જ બંધ થઈ ગયો હતો પરંતુ મુંદરા શહેરમાં વીજ ધાંધિયા યથાવત રહ્યા હતા. તો માંડવી તાલુકાના ગઢશીશા પટ્ટામાં વરસાદે હાજરી પુરાવી હતી. તો આજ વિસ્તારમાં નરેડી, રાતાતળાવમાં પણ વરસાદી ઝાપટું વરસ્યું હતું. વાગડમાં સામખિયાળી માર્ગ ભીનો થયો હતો.

મુન્દ્રા તાલુકાના ભુજપર, નવીનાળ, કાંડગરા, ભદ્રેશ્વર, લુણી, વવાર, તુબડી, ફાચરિયા, વડાલા, કપાયા, પ્રાગપર, લુણી, વાંકી, પત્રી સહિતના લગભગ ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાના પધરામણા થયા હતા. આજે સવારથી જ મુન્દ્રામાં ભારે બફારો અને સખત ઉકળાટ વચ્ચે વાદળછાયું વાતાવરણ છે અને દિવસ દરમ્યાન મેઘરાજાના આગમનની શક્યતા છે.

મુન્દ્રાના ખારવા પચાડા વિસ્તારમાં આજે પણ વરસાદી પાણી ભરાયા છે. મુન્દ્રામાં રાત્રિના એક કલાકમાં અઢી ઈંચ વરસાદથી શહેરના વિવિધ વિસ્તારો અને સોસાયટી વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરના જૂની ટેલિફોન કચેરી, ખારવા પચાડા વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે વરસાદના કારણે પાણી ભરાયા હતા. વરસાદ પડતાં ગામોમાં પાણી ભરાઈ ગયા હતા, ખાડાઓમાં ખાબોચિયાથી મચ્છરોનો ઉપદ્રવ વધશે.

ઝરપરાના ખેડૂત માણશીભાઈએ જણાવ્યું હતું કે, રાત્રે પડેલા વરસાદથી ખારેકને ૫૦ ટકા જેટલું નુકશાન ભથવાની ભીતિ છે. ભારે પવનના કારણે કેરીઓ ખરી પડી છે તો કપાસનું વાવેતર કર્યું છે અને જે પાણીથી ધોવાઈ ગયો છે. તો ખેડૂતોને ખારેકનું નુકશાન થયું છે. મુન્દ્રાના નાયબ મામલતદાર એચ.એ. કટારાએ જણાવ્યું હતું કે, મુન્દ્રા શહેર તેમજ તાલુકામાં રવિવારના રાત્રિના શાંતિ પૂર્વક વરસાદ થયો હતો. તો બીજીતરફ મુંદરા તાલુકામાં બેધડક રેતીચોરીના કારણે ૧૦થી ૩૦ ફુટ ઉંડા મસમોટા ખાડાઓ પડ્યા છે, જે ખાડાઓ લોકો માટે ઘાતક સાબિત થશે. આ વિસ્તારમાં પોલીસ અને ખાણ ખનિજ અધિકારીઓના આશિર્વાદથી ભૂમાફિયાઓ તગડી કમાણી કરી રહ્યા છે. તુંમ ભી ખાઓ, હમ ભી ખાયેની વાત અહીં ચાલે છે. વરસાદ પડતાં જ પીજીવીસીએલની કામગીરી ચાડી ખાય છે. તાલુકાના ઘણા ખરા ગામોમાં વીજપ્રવાહ બંધ થતાં લોકો પરેશાન થઈ જાય છે, જે કામ પીજીવીસીએલને ઉનાળામાં કરવાનું હોય છે તે કામ ચોમાસાની શરૂઆતમાં કરતા તંત્રના કર્મચારીઓ પહોંચી વળતાં નથી. મુંદરામાં ચોમાસાની શરૂઆતથી જ આ સ્થિતિ છે તો આગળ હજુ કેવી સ્થિતિ સર્જાશે તેવું લોકો જણાવી રહ્યા છે. તો ચોમાસાના આગમન પૂર્વે ભયંકર ગરમીથી કચ્છવાસીઓ ત્રસ્ત થઈ ગયા છે. ત્યારે ધરતીપુત્રો સહિત લોકો હવે સાર્વત્રિક વરસાદ વરસે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. કચ્છવાસીઓ સવારથી રાત્રી સુધીમાં બફારાને લીધે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. ગઈકાલે રાજ્યમાં ૪૨.૫ ડિગ્રી સાથે ભુજ ગરમ મથક રહ્યું હતું. તો ભુજ તાલુકાના અમુક ગામડાઓમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેમાં ભુજ તાલુકાના ખાવડા અને બન્ની - પચ્છમના કેટલાક વિસ્તારમાં ભારે પવન ફુંકાવા સાથે વરસાદી ઝાપટુ વરસ્યું હતું. જયારે અબડાસા તાલુકાના નરેડી ગામથી રાતાતળાવ, મોથાળા વચ્ચે વરસાદ વરસતાં ગરમીમાં થોડી રાહત થઈ હતી અને રસ્તાઓ ઉપરથી પાણી વહી નિકળ્યા હતા. તો માંડવી તાલુકાના ડોણ, મોટા રતડિયા, દરશડી, મોટી ભાડઈ, ગંગાપર, શેરડી સહિતના વિસ્તારમાં ઝરમરથી લઈને ઝાપટા રૂપી વરસાદ વરસ્યો હતો.

## નિરોગી જીવન જવવા માટે જીવનમાં યોગ જરૂરી : રાધિકા ટાંક



ભુજ : સ્વસ્થ અને નીરોગી જીવન જીવવા માટે રોજિંદા જીવનમાં યોગને સ્થાન આપવું જરૂરી છે તેવું એશિયાના સૌથી મોટા મિયાવાકી વનના રમણીય વાતાવરણમાં ભુજ સ્મૃતિવન ખાતે રેગ્યુલર ઘણા મહિનાઓથી યોગ કરવા માટે રાધિકા રાજેન્દ્ર ટાંક તથા દક્ષા સંજય પરમારે જણાવ્યું હતું. વધુમાં રાધિકાબેને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્મૃતિવનનો પ્રોજેક્ટ ખુલ્લો મુક્યો ત્યારથી યોગ કે વોકિંગ કરવામાં આવી રહ્યું છે. ભુજ સ્મૃતિ વન ભૂકંપ મેમોરીયલ મ્યુઝિયમને યુનેસ્કો દ્વારા વિશ્વમાં સાતમા સ્થાન મળ્યું છે તે બાબતની કચ્છીઓને બહુ જ ગૌરવ છે. તેઓ છેલ્લા દસ વર્ષથી પતંજલિ યોગપીઠ દ્વારા યોગા અને ધ્યાન કરે છે. આયુર્વેદિક દવા વિશે બહોળું જ્ઞાન ધરાવે છે.

## ભારતીય ગ્રામીણ ડાક કર્મચારીઓનું પ્રથમ અધિવેશન મળ્યું





ભુજ : ભારતીય ગ્રામીણ ડાક કર્મચારીઓનું પહેલું અધિવેશન આંબેડકર ભવન ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં ગામડાના પ્રશ્નો, શહેરના પ્રશ્નો જો સ્થાનિક લેવલે હલ થાય તેની ચર્ચા કરાઈ હતી.

આ અંગે કચ્છ ડિવિઝન કાર્યકારી સેક્રેટરી અશોક તુલસીદાસ નંદાએ જણાવ્યું કે, ગામડામાં એક જ વ્યક્તિને બે કામ સોંપવામાં આવે છે. જેમાં પોસ્ટમેન સાથે ઓફિસ વર્ક કરવાનું જેમાં વધારાના ૪થી ૫ કલાક બગડતા હોય છે. જેનું વળતર અપાતું નથી, અને અપાય છે ત્યારે વળતર મળવા માટે ક્યારે ૨થી ૪ વર્ષનો સમય લાગે છે. સાયકલ એલાઉન્સ નથી મળતું , ઘણાની નોકરીનો સમય વધારાનો કામ કરવાનો હોય છે વગેરે બાબતે સ્થાનિકે નિરાકરણ આવે તેવી માંગ કરી છે. જો કોઈ સમસ્યા સ્થાનિકે નિરાકરણ ન આવે તો ગુજરાત લેવલે નિરાકરણ આવે તવી રજૂઆત કરવામાં આવી છે. આ અધિવેશન સર્કલ સેક્રેટરી જગદીશભાઈ લશ્કરીની અધ્યક્ષતામાં યોજાયું હતું. એમ.ટી.એસ.પ્રમુખ ગુજરાત સર્કલ બિપિનભાઈ ત્રિવેદી, કરશનભાઈ ગઢવી, ઈકબાલ મીર, દશરથસિંહ જાડેજા, જીડીએસ મંડળી સાથે લક્ષ્મણભાઈ ગઢવી, માર્ગદર્શન કરણસિંહ જાડેજા હાજર રહી માર્ગદર્શન આપ્યો હતો. ડાક કર્મચારીઓ પોતાની સમસ્યાઓની ચર્ચા કરી હતી. જેના નિરાકરણ માટે સંગઠન પેરતા પ્રયાસ કરશે તેવું હોદ્દેદારો જણાવ્યું હતું.

## મુન્દ્રાના ભદ્રેશ્વર રંધ બંદરે સ્ટંટ કરવા ગયેલા નબીરાઓની શાન ઠેકાણે આવી



લાલ થારના ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન



સફેદ થારનો ચાલક અંજારના વિજયનગરનો યુવક ઝડપાયો

ભુજ : અહીં ભદ્રેશ્વર રંધ બંદર ખાતે થાર લઈને આવેલા યુવાનો સ્ટંટ કરતા હતા એ દરમિયાન કિનારા પર વીર આવતા બન્ને થાર પાણીમાં ડૂબી ગઈ હતી અને ફસાઈ જતા નીકળી શકી ન હતી. મહામહેનતે ટ્રેક્ટર બોલાવી ખેંચીને ગાડી બહાર કાઢવામાં આવી હતી. ૧૫ દિવસ પહેલાની આ ઘટનાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરવામાં આવ્યો હતો. જે પોલીસને ધ્યાને આવતા ચાલકને ઝડપી લેવામાં આવ્યો હતો. સફેદ અને લાલ કલરની થાર ગાડી લઈને ભદ્રેશ્વરના રંધ બંદરે દરિયાના પાણીમાં ગાડી ચલાવી બેદરકારી દાખવી બીજાની જીંદગી જોખમમાં મુકવા સંદર્ભે મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે અંજારના વિજયનગરમાં રહેતા ૨૫ વર્ષિય પરેશભાઈ અનીલભાઈ કાતરીયા (આહિર)ની સફેદ થાર સાથે ધરપકડ કરી છે. જ્યારે લાલ કલરની થાર ખરાબ થઈ જતા ગેરેજમાં છે. જેના ચાલક કરણ મહેશ સોરઠીયાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. મહત્ત્વની બાબત એ છે કે, જેમ દરિયામાં પાણી હિલોળા મારે તેમ આ ગાડીઓ દરિયામાં હિલોળા મારતી હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી કરી હતી.

## ભુજમાં ગુનેગારોના ઘરે પોલીસની આકસ્મિક તપાસથી દોડધામ



**સંવેદનશીલ વિસ્તારોમાં ૧૨૦ પોલીસ અધિકારી-કર્મચારીઓએ કર્યું કોમ્બિંગ : ૩૧ વાહનો ડિટેઈન કરાયા**

ભુજ : શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ગઈકાલે સાંજે પોલીસ દ્વારા ગુનેગારોના ઘરે કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. મિલકત અને શરીર સંબંધી ગુના આચરનારા આરોપીઓના ઘરે તપાસ કરવામાં આવતા દોડધામ મચી ગઈ હતી.

આ અંગેની વિગતો મુજબ એલસીબી, એસઓજી, પેરોલફર્લો, સિટી ટ્રાફિક, જિલ્લા ટ્રાફિક, એ-ડિવિઝન, બી-ડિવિઝન, માધાપર તથા હેડક્વાર્ટરના ૧૨ પીઆઈ-પીએસઆઈ અને ૧૧૩ પોલીસ કર્મચારીઓ દ્વારા સાંજે ૬થી ૯ દરમિયાન મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૫૧ આરોપીના મકાન તપાસ કરવામાં આવ્યા હતા. ૨૧ આરોપી ચેક કરી ડોક્યુમેન્ટ તપાસી હાલ શું કરે છે તેની વિગતો મેળવવામાં આવી હતી. આ ઉપરાંત વાહન ચેકિંગ દરમિયાન ૧૮૩ વાહન તપાસી ૩૧ વાહન ડિટેઈન કરી ૬૩,૭૦૦નો સ્થળ દંડ વસૂલવામાં કરવામાં આવ્યો હતો. ગલ્લી અને સાંકડી શેરીઓમાં પોલીસ કાફલો જોવા મળતા લોકોમાં કુતૂહલ ફેલાયું હતું.

3 BHK ટેનામેન્ટ વેચવાનું છે.
107 વારનું મકાન, વિઠ્ઠલ નગર, ગોલ્ડન પાર્ક સોસાયટી પાસે, મેઘપર બોરીચી, તાલુકો:અંજાર
મો: 76000 54945 (owner)

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.


# ગાંધીધામની પ્રતિષ્ઠીત કો-ઓપ.બેંકને જિલ્લા રજીસ્ટ્રારનું અંતે પુછાણું : આર્થિકકૌભાંડ-ગેરરીતીઓના હતા આક્ષેપ

**બેંકના એકાઉન્ટ હોલ્ડર મૃતક પિતાના વારસદાર સુરેશભાઈ ગુલાબરાય ગુરનાનીએ આર્થીક ફ્રોડ-વહીવટી ગેરરીતીઓ સહિતના મામલે કરેલા આક્ષેપો અને પિતાજીના મૃત્યુ બાદ ખુદ વીલમાં વારસદાર તરીકે પ્રસ્થાપિત છે, નામદાર કોર્ટમાંથી પ્રોબેટ પણ લાવ્યા હોવા ઉપરાંત તેમના પિતાની બેંકમા રહેલી એફડીઆર-લોકર(તેમાં રહેલ લાખોની મત્તા) સહિતની માહીતીઓ આપવામાં બેંકના જવાબાદરો દ્વારા ઠાગઠૈયા કરવામાં આવતા હોવાની જિલ્લા રજીસટ્રાર(સહકારીમંડળી)ઓને રજુઆત કરતા શરૂ કરાઈ તપાસ : અરજદારે તો જીલ્લા રજીસ્ટ્રારશ્રીને કલમ (૮૩)અનુસાર મળેલી સત્તાના રૂએ બેંકમાં રેઈડ કરી અને દસ્તાવજો જપ્તી કરવાની જ કરી છે માંગ**

**સુરેશ ગુરનાની ની ફરીયાદ અરજી મળેલી હતી, કેટલીક વિગતો અમે ગાંધીધામ કો-ઓપ બેંકથી માંગી છે, એ મળેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે : શ્રીમતી મેગાબેન અગ્રવાલ (જીલ્લા રજીસ્ટ્રાર, કચ્છ)**

**હજુ સુધી અમારી પાસે લેખિત કે મૌખિકમાં જિલ્લા રજીસ્ટ્રારશ્રી પાસેથી કોઈ જ માહીતી માંગવામાં આવી નથી : શ્રી સુરેશભાઈ કેશવાણી (જીએમ, ગાંધીધામ કો-ઓપ બેંક)**

## કચ્છઉદયના અહેવાલ બાદ તંત્ર હરકતમાં




**ગાંધીધામની પ્રતિષ્ઠીત કો.ઓપ.બેંકના વહીવટની સામે અંગુલીનિર્દેશના મથાડા સાથે તા. ૨૭/૪/૨૦૨૪ના રોજ પાના ન. ૩ પર અહેવાલ ઉજાગર** કરી અને ભોગગ્રસ્તની વ્યથા રજુ કરવામા આવી હતી. અરજદાર ત્રણ વર્ષથી સર્વત્ર રજુઆતો કરી હોવા છતા તેમને દાદ ન હોતી મળતી, કચ્છઉદયએ તેમની લાગણીને વાચા આપી અને હવે જિલ્લાનુ પ્રશાસન પણ એકશનમાં આવેલુ જોવાઈ રહ્યું છે.

**ખાટલે મોટી ખોટ : એફડી જેમના નામના ચેકની સહી સાથે બેંકમાથી ૨૦૧૬માં વીથ ડ્રો કરી આપવામાં આવી છે તેઓ તે સમયે જિવિત હતા ખરા? તેમનુ તો ૨૦૧૨માં અવસાન થયેલ છે? વારસદારે ફરીયાદમાં આ બાબતેનુ મૃત્યુ પ્રમાણપત્ર પણ રજુ કરેલ છે? વિચાર તો કરો કે, આ પ્રતિષ્ઠીત બેંકમાં અમુક બની બેઠેલાઓ વેરીફીકેશનની કામગીરી પણ કેટલી હદે સજાગતાથી કરતા હશે..?**

ગાંધીધામ :પૂર્વ કચ્છની પ્રતિષ્ઠીત ગાંધીધામ કો ઓપરેટીવ બેંકના વહીવટની સામે ભોગગ્રસ્ત નાગરીક દ્વારા વિવિધ સરકારીતંત્રો-તથા સબંધિત બેંકને પણ થોડા સમય પહેલા ફરીયાદ કરી અને મોટા અંગુલીનિર્દેશ કરવામા આવ્યા હતા. દેર સે આયે દુરસ્ત આયેના તાલે હવે જિલ્લા રજીસટ્રાર તંત્ર આ બાબતે હરકતમાં આવ્યુ હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. સૌ પ્રથમ ફરીયાદીની અરજીની વાત કરીએ તો ફરીયાદી ખુદ આદિપુરના રહેવાસી છે અને તેઓના પિતાજીની જીવનમુડી તેઓની જાણ બહાર તેમના બન્ને ભાઈઓ મોતીભાઈ અને યોગેશભાઈ બારોબાર ખોટી રીતે ઉપાડી ગયેલ છે અને તે રકમ નામદાર કોર્ટના હુકમ અનુસાર તે એફડીઆરની રકમના યોગ્ય અને કાયદેસરના વારસદાર ફરીયાદી હોઈ તેથી કાયદેસરની રીતે તપાસ કરવામા આવે તેવી માંગ કરાઈ છે. ફરીયાદી સુરેશભાઈ અહીં કહી રહ્યા છે કે, તેઓના સદગત પિતા તથા આરતી ગુરનાનીના નામે ગાંધીધામ કો ઓપરેટીવી બેંક આદિપુર શાખામા જોઈન્ટ લોકર આવેલ હતુ. જે ૨૫ વર્ષથી ચાલતુ હતુ તેમા આશરે રૂપીયા પચાસ લાખ સુધીનુ સોનુ મુકેલ હતુ. જે બેંકએ બંધ કરવાની કોઈ પણ કોર્ટ ફોર્માલીટી કે લીગલ વારસદારોની સહમતી લીધા વગર જ બંધ કરી દીધેલ અને ફરીયાદીના માતા આજીવન સહી કરતા અને આરોપીઓ એક બીજા સાથે સાંઠગાંઠ કરીને તેઓની માતાના અવસાન બાદ ઉપરોકત લોકર બંધ થયેલ છે. પરંતુ ફરીયાદના પિતાજીએ તેઓને વસીયતનામુ જે વસીયતનામા નંબર ૦૦૪૭/૨૦૧૬થી તારીખ ૪/૧/૧૬થી આપેલ હતુ જેના અંદર ફરીયાદીના પિતાએ સ્થાવર અને જંગમ મિલ્કત અને બેંકોના શેર તેમજ ફીકસ ડીપોઝિટનીરકમ ફરીયાદીના નામે તથા તેમના પત્નીના નામે આપવામા આવેલ હતી. અને તે વસીયતનામા પરથી તેઓ નામદાર કોર્ટનો હુકમ પણ મેળવેલ છે. જે અંગેની તમામ માહીતી તેઓને મળતા તેઓએ તેમના ભાઈથી સંપર્ક કરતા તેમના ભાઈએ ભુંડી ગાળો આપીને તારાથી થાય તે કરી લેજે અમે તને ફુટી કોડી પણ નહી આપીએ તેવી ધમકી આપી હતી. એટલુ જ નહી પણ ફરીયાદીમાં દર્શાવેલા તમામ પાંચે શખ્સોએ એકબીજાને સાંઠગાંઠ કરીને મોટા પાયે ખોટા દસ્તાવેજ ઉભા કરેલ તેમજ બેંક ફ્રોડ કરીને ધાકધમકી કરીને ઉપરોકત તમામ એફડીઆરની રકમ, શેરની રકમ તથા સોનુ તમામ પચાવી પાડેલ છે. જેથી આ તમામ શખ્સો સામે ખોટા દસ્તાવેજ બનાવવા, બેંક ફ્રોડ આચરવો તેમજ ધાકધમકીની ફરીયાદી નોધી અને કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ફરીયાદ તેઓએ પોલીસ સમક્ષ અગાઉ રજુ કરી હતી. ફરીયાદી દ્વારા પોલીસને અપાયેલી અરજીની સાથે એફડીઆરની નકલ,પાસબુકમાં કરેલ નોધની નકલ, કો ઓપરેટીવ બેંકનો પત્ર, નામદાર કોર્ટનો હુકમ, બેંકને કરેલ તમામ ઈમેઈલની નકલ, માતાના મરણનુ પ્રમાણપત્ર, ડ્રાફટની નકલ સહિતના થોકબંધ આધારે પણ રજુ કર્યા હોવાનુ શ્રી સુરેશ જી ગુરનાનીએ જણાવ્યુ છે. તેની સાથે જ હવે અરજદાર સુરેશ ગુરનાની દ્વારા જિલ્લા રજિસ્ટ્રાર(સહકારીમંડળી) નાઓને પણ રૂબરૂમાં મૌખિક તથા લેખિતમાં પત્ર મારફતે પણ ફરીયાદ અરજી-રજુઆત કરેલી હતી. અને તેમાં પણ ગાંધીધામ કો.ઓપ.બેંકમાં ચાલી રહેલી ગેરપ્રવૃતીઓ અને તેનો ખુદ ભોગ બનેલા હોવાની રજુઆત કરી તેને લગતા બધા જ આધાર-પુરાવાઓ પણ સુપરત કર્યા છે. અને પાછલા ત્રણ વર્ષથી સબંધિત બેંક દ્વારા અરજદારને ગોળ-મટોળ જવાબો આપી અને પરેશાન જ કરાઈ રહ્યા છે ત્યારે હવે કલમ ૮૩ની રૂહે જિલ્લા રજીસ્ટ્રારશ્રીને મળેલી સત્તાના આધારે તેઓ બેંકમાં જઈ, રેઈડ કરી અને સબંધિત દસ્તાવેજો અંકે કરે અને ભોગગ્રસ્ત પીડીત અરજદારને ન્યાય અપાવે તેવી માંગ કરવામા આવી છે.

બીજીતરફ આ બાબતે જિલ્લા રજીસ્ટ્રાર શ્રીમતી મેગા અગ્રવાલની સાથે ટેલીફોનીક ચર્ચા કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, સુરેશભાઈ ગુરનાનીની ફરીયાદ અરજી મળવા પામી હતી, તેનો અભ્યાસ કરાયો છે, અને અરજદારે નામદાર હાઈકોર્ટનો ઓર્ડર પણ અમારી સમક્ષ રજુ કરેલો છે, જે બાદ સબંધિત બેંકથી અમારા દ્વારા કેટલીક વિગતો તપાસર્થે મંગાવવામા આવી છે, જે આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે તે ઉપરાંત કંઈ પણ કહેવુ હાલમાં વહેલુ ગણાશે તેવુ શ્રીમતી અગ્રવાલે જણાવ્યુ હતુ. હવે અહી જોવાનુ રહ્યુ કે, જિલ્લા રજીસટ્રારશ્રીએ માંગેલી માહીતી તેઓને બેંકના સત્તાધીશો કેટલા સમયમાં આપે છે અથવા તો પછી માહીતી આપવામાં કોઈ વિલંબ કરાય છે તો તંત્ર કક્ષાએથી કેવા પ્રકારની કાર્યવાહી કરવમાં આવી છે તથા માહીતી મળેથી શું પગલા લેવાઈ રહ્યા છે.?

બીજીતરફ આ બાબતે ગાંધીધામ કો.ઓપ બેંકના જીએમ શ્રી સુરેશભાઈ કેશવાણીની સાથે ટેલીફોનીક વાતચીત કરવામા આવતા તેઓએ કહ્યુ હતુ કે, હજુ સુધી અમારી પાસે કોઈ પણ સરકારી વિભાગમાંથી લેખિત અથવા મૌખિક માહીતીઓ માંગવામાં આવી નથી.

## ગાંધીધામ કો-ઓપ.બેંકથી આ ડોકયુમેન્ટસ કરો જપ્ત અને પંચનામુ કરી હાથ ધરો કાર્યવાહી

ગાંધીધામ : અરજદાર સુરેશ ગુરનાની દ્વારા જિલ્લા રજીસ્ટ્રારને અપાયેલી લેખિત ફરીયાદની સાથે બેંકમાથી કયા કયા દસ્તાવેજો જપ્ત કરી તેનુ પંચનામુ કરી અને તેઓનેપણ ફરીયાદી-સાક્ષી તરીકે સ્થળ પર હાજર રાખવાની પણ અરજ કરી છે. જેમા નીચે મુજબના દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

**૧.** પાંચ એફડીઆરની નકલો

**૨.** પાંચ એફડીઆરના બેંક દ્વારા વ્યાજ જમા કરાયેલ છે તે પાસબુકની કોપી

**3.** પરી ગુલાબરાય ગુરનાની કે જેઓ ૨૦૧૨માં દેહાવસાન પામેલ છે તેમના નામે ૧૭/૧૨/૨૦૧૬માં ચેક ન.૧૪૫૬ કલીયર થયેલ છે જેઓનુ મૃત્યુપ્રમાણપત્ર રજુ કરેલ જ છે, તે ચેકની કોપી.

**૪.** ફરીયાદી ખુદ પ્રોબેટ હોલ્ડર છે, તેઓ બેંકનું સ્ટેટમેન્ટ મેળવવા પુરતા હકકદાર છે, એસબીઆઈએ તેમને સ્ટેટમેંટ પ્રોબેટના આધારે આપેલ છે, પંરતુ ગાંધીધામ કો ઓપ.બેંક આપતી નથી, તો એકાઉન્ટ ન.૧૦૦૧૦૦૫૦૦૩૬૧૨નું તા. ૧/૧/૨૦૧૪થી સ્ટેટમેંટની કોપી મેળવવી.

**૫.** કોર્ટના આદેશ અનુસાર પોતાના પિતાના એકમાત્ર વારસદાર રહેલા સુરેશ ગુરનાનીએ અગાઉ તેમના પિતા અને પત્નીના નામે જોઈઅટ એકાઉન્ટથી રહેલ લોકર જે બાદમાં તેમના-માતા-પિતાના જ નામે હતુ તેનો પણ કબ્જો મેળવી આપવા જિલ્લા રજિસટ્રારને લેખિતમાં જણાવ્યું છે.

# પુત્રના લગ્ન પ્રસંગે એક લાખ વૃક્ષ વાવવાનું સંકલ્પ : યોગેશ દોશી









**દરેક જણ પોતાના સારા પ્રસંગોમાં વૃક્ષારોપણ કરી અન્યો માટે પ્રેરણારૂપ બને**

ભુજ : વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોના લીલાપાંદડા પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુધ્ધ કરે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. સાથે વાંદડાને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શિતલ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ આરામ કરે છે, તેમજ બાળકો રમે છે. વૃક્ષો ઘરની પર શોભા વધારે છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિનાના મસ્તક જેવી ઉજ્જળ લાગે છે. વૃક્ષો કેટલાક વર્ષો પૂર્વ આપણા દેશમાં ખુબ હતા તેના જંગલો હોવાથી તેના ઉપર અનેક જંગલી પશુઓ વસવાટ કરતાં હતા. જંગલોથી એ પશુઓનું અને એ પશુઓથી જંગલોનું રક્ષણ થતું અને આ જંગલોના કારણે વાતાવરણ ઠંડુ રહેતુ અને હવા શુધ્ધ રહેતી, વરસાદ પુષ્કળ આવતો આમ જંગલો આપણા માટે આશીર્વાદરૂપ હતા. સમયાંતરે વસ્તી વધારો થતાં વસાહત, કારખાના, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરીયાત વધી હોવાથી આડેધડ જંગલો કપાતા ગયા જેટલા વૃક્ષો કપાયા તેટલા વૃક્ષો ફરીથી વવાયા નહી. વરસાદનું પ્રમાણ પણ સતત ઘટતું રહ્યું અને વાતાવરણમાં પ્રદુષણ વધતું જ જાય છે, જેથી ગરમીનો આંકડો પણ વધી રહ્યો છે, જેના કારણે દરેક જણ બેહાલ થઈ રહ્યા છે.

આજે આપણને વૃક્ષોનું મહત્વ સમજાયું છે ત્યારે આવનારી પેઢી માટે જો વૃક્ષો વાવશુ નહી તો પર્યાવરણને મોટો નુકશાન થશે. શાંતિનિકેતન ફાઉન્ડેશનના યોગેશ શાંતિલાલ દોશી મુળ રાપર તાલુકાના બાદરગઢ ગામના વતની છે. તેમણે એક સંકલ્પ લીધો કે મારો પુત્ર કૈવલ્યના લગ્ન ૧૪ જુલાઈના છે. ત્યાં સુધીમાં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવું છે. આવો વિચાર આવતા પરિવારના સભ્યો સાથે મિત્ર વર્તુળમાં ચર્ચા કરતાં સર્વે લોકોએ હા ભણતા આ કાર્યની શરૂઆત ૬ દિવસથી કરાઈ છે.

૨૦ વર્ષથી દુબઈમાં વસતા યોગેશભાઈ વતનનુ ઋણ ચુકવવાનું કયારેય ભુલ્યા નથી. ત્યારે આ બાબતે વિગતો આપતા યોગેશભાઈ દોશીએ જણાવ્યું કે, શાંતિની કેતન ફાઉન્ડેશન અગાઉ હૃદયરોગ બચાવવાનુ અભિયાન ચલાવતું હતું. અને હાલે આ ફાઉન્ડેશન દ્વારા વૃક્ષ વાવવાનું અભિયાન હાથ ધર્યું છે ત્યારે અત્યાર સુધીમાં ૧૫થી ૨૦ હજાર વૃક્ષોનું વાવેતર કર્યું છે જેમાં શાળાઓને આવરી લેવાઈ છે. હવે પછીના આયોજનમાં કહ્યું કે ધાર્મિક સ્થાનો સહિતને આવરી લેવાશે. કચ્છમાં પાણીની તંગી રહેતી હોવાના કારણે ઘટાદાર વૃક્ષોનું વાવેતર વધુ પ્રમાણમાં કરવામાં આવશે. હાલે શાળાઓમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેમના પુત્રી મીતલ અને પુત્ર પર્લએ ઉચ્ચ અભ્યાસ કર્યો હોવા છતાં આવી પ્રવૃતિમાં રસ લઈ રહ્યા છે. અંગત ઈચ્છા એવી છે કે દરેક વ્યક્તિએ એક વૃક્ષ દત્તક લે જેથી તેની માવજત, જાળવણી સારી રીતે થઈ શકશે. તેમણે જણાવ્યું કે, મારા વડવાઓને વૃક્ષો પ્રત્યે અપાર પ્રેમ-મારો ભાઈ અશોક દોશી-દુબઈમાં ખેતી કરે છે. પિતાએ પરિવારમાં બંને ભાઈઓને કહ્યું કે, કંઈક અલગ હંમેશા કરવું અને સમાજ ઉપયોગી કાર્ય કરતા રહેવું. આજે બંને ભાઈઓ સમાજને આપવાની ભાવના સાથે કાર્ય કરીએ છીએ. શાંતિ નિકેતન ફાઉન્ડેશનના નેજા હેઠળ પ્રમુખસ્વામીનગર ખાતે મહિલાઓ આત્મનિર્ભર થાય તેના માટે વર્ગો ચાલુમાં હવે લાયન્સનગર મુંદરા રોડ ઉપર ટુંક સમયમાં વર્ગો ચાલુ કરાશે તેવું જણાવ્યું સાથે અપીલ પણ કરી કે દરેક જણ વૃક્ષોનું વાવેતર કરે. આ વિરાસત આપણે આપણી આવનારી પેઢીને આપશુ તો જ તેઓ તેમના પછીની પેઢીને આપી શકશે. દરેક જણે પોતાના યાદગાર પ્રસંગોમાં વૃક્ષો વાવે અને તેને દત્તક લે તો જ આવનારી વિરાસત એ સંસ્કારને આગળ વધારશે. ઉલ્લેખનીય છે કે યોગેશભાઈ દોશીના પરિવારમાં દિકરી મિતલ ફેશન ડિઝાઈનર છે. બોલીવુડમાં તેમણે વાર્તાઅનુરૂપ કપડા અનેક ફિલ્મોમાં કામ કરતાં કલાકારો માટે તૈયાર કર્યા છે. તે પણ આ અભિયાનમાં તેમણે સાથે સેવા આપી રહી છે. આ સિવાય કચ્છ ઉપરાંત સુરત સહિત વિસ્તારોમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. કચ્છમાં લાંબા સમયથી મહિલાઓ આત્મનિર્ભર થાય તેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ તેમની સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ વૃક્ષા રોપણ કાર્યમાં હેમલભાઈ માણેક, નરેશભાઈ પુજારા, ભાવેશભાઈ સહિત અનેક સેવાકીય પ્રવૃત્તિ કરનાર આ કાર્યમાં જોડાયા હતા.





**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧–૭૫

**બાકીદારો માટે માંગણાની નોટિસ**

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
| --- | --- | --- | --- | --- |
| શ્રી લક્ષ્મણસિંહ શંભુસિંહ સોઢા<br>શ્રી પ્રવિણસિંહ શંભુસિંહ સોઢા<br>૨૦૦૦૧૧૧૦૦૦૧૯૧૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ સર્વે નં.૧૦૪/૧પી૧, ફાઇનલ પ્લોટ નં.૪૭પી ઉત્તર, મકાન નં.૪૭પી ઉત્તર, શ્રી શિવ આહ્વા, પ્રાચી નગરી ૩ પાસે, નખત્રાણા, કચ્છ, ગુજરાત–૩૭૦૬૧૫ સ્થિત છે અને જે આવરિત છેઃ<br>ઉત્તરઃ પ્લોટ નં.૪૮, પૂર્વઃ એનએ જમીન સર્વે નં.૧૦૮, પશ્ચિમઃ ૭.૫૦ મીટર પહોળો આંતરિક માર્ગ, દક્ષિણઃ પ્લોટ નં.૪૭ નો દક્ષિણ ભાગ | ૧૮.૦૫.૨૦૨૪/<br>૦૪.૦૩.૨૦૨૪ | ૩,૮,૧૮,૧૩૯ | ૧૨.૦૬.૨૦૨૪ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા–કલમ (૮)ની જોગવાઇઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થળઃ નખત્રાણા
તારીખઃ ૨૪/૦૬/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# અરુણાચલ પ્રદેશ અને આસામમાં જન જીવન પ્રભાવિત

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : અરુણાચલ પ્રદેશ અને આસામમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. અધિકારીઓએ જણાવ્યું કે અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરમાં રવિવારે સવારે વાદળ ફાટવાને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલન અને પૂરની સ્થિતિ સર્જાઇ હતી.જો કે હવામાન વિભાગનું કહેવુ છે કે હાલમાં વરસાદની કોઇ આગાહી નથી.અધિકારીઓએ જણાવ્યું હતું કે વાદળ ફાટવાની ઘટના સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ બની હતી, જેના કારણે ઈટાનગર અને આસપાસના વિસ્તારોમાં અનેક સ્થળોએ ભૂસ્ખલન થયું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે રાજ્યની રાજધાનીની કનેક્ટિવિટી માટે મહત્વપૂર્ણ એવા NH-૪૧૫ પર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે ઘણા વાહનો ફસાઈ ગયા હતા. ઈટાનગરમાં ભારે વરસાદને કારણે એનર્જી પાર્ક અને વિવિધ વિસ્તારના આસપાસના મકાનો પાણીમાં ડૂબી ગયા હતા. જિલ્લા વહીવટીતંત્રે લોકોને નદીઓ અથવા ભૂસ્ખલન વિસ્તારોમાં ન જવાની સલાહ આપી છે. તેમજ ભારે વરસાદને કારણે લોકોને સલામત સ્થળે જતા રહેવા વિનંતી કરી છે. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગના સચિવ દાની સાલુએ જણાવ્યું હતું કે ઇટાનગરમાં ઘણા રસ્તાઓને નુકસાન થયું છે. NH-૪૧૫ના કેટલાક ભાગો ડૂબી ગયા છે, જેના કારણે વાહનવ્યવહારમાં ભારે વિક્ષેપ પડ્યો છે. તેમણે કહ્યું કે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. જોકે મિલકતના નુકસાનનું આકલન વિભાગીય અધિકારીઓ દ્વારા ફિલ્ડ એસેસમેન્ટ બાદ જ કરવામાં આવશે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન સ્થાનિક લોકોને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે.કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે પૂરનો સામનો કરવા, કૃષિ, સિંચાઈ અને પર્યટનના વિકાસમાં મદદ કરવા માટે બ્રહ્મપુત્રા નદીના પાણીને વાળવા માટે ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં ઓછામાં ઓછા ૫૦ મોટા તળાવ બનાવવા જોઈએ. ચોમાસા દરમિયાન પૂર વ્યવસ્થાપન માટેની તૈયારીઓ અંગે દિલ્હીમાં સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરવા દરમિયાન અમિત શાહે પૂર અને જળ વ્યવસ્થાપન માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા પ્રદાન કરવામાં આવેલી સેટેલાઈટ ઈમેજના ઉપયોગ પર પણ ભાર મૂક્યો હતો.ગૃહમંત્રીના સૂચન પર આસામના સીએમ હિમંતા બિસ્વા સરમા કહે છે કે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક દરમિયાન પૂરની સ્થિતિને જોયા બાદ નિર્ણય લેવામાં આવશે કે સ્થાનિક લોકોને નુકસાન પહોંચાડ્યા વિના પૂર વ્યવસ્થાપન કરવામાં આવે.

# કેજરીવાલને SCની રાહત નહી, વધુ સુનાવણી ૨૬ જૂને



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુનાવણી. થઈ. સુપ્રિમ કોર્ટ તરફથી કેજરીવાલને રાહત મળી નથી. સુપ્રિમ કોર્ટનું કહેવુ છે કે પહેલા હાઈકોર્ટનો નિર્ણય આવવા દો.આ માટે હાઈકોર્ટ પર કોઇ ફોર્સ કરી શકાય નહી. વધુમાં કહ્યું કે બે દિવસમાં હાઈકોર્ટ સુનાવણી કરશે જ તેમ સુપ્રિમ કોર્ટે ટિપ્પણી કરી હતી. મહત્વનું છે કે કેજરીવાલે દિલ્હી લિકર પોલિસી કેસમાં હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો, જેમાં કોર્ટે દિલ્હીના સીએમના જામીન પર રોક લગાવી દીધી હતી. ત્યારે હવે આ મામલે ૨૬ જૂને સુપ્રિમ કોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે.સુપ્રીમ કોર્ટે કેજરીવાલની જામીન અરજીના આદેશ પરનો વચગાળાનો સ્ટે હટાવવાનો ઈનકાર કર્યો હતો. સાથે જ સુપ્રિમ કોર્ટે કહ્યું કે આપણે દિલ્હી હાઈકોર્ટના નિર્ણયની રાહ જોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે હાઈકોર્ટે નિર્ણય અનામત રાખ્યો છે ત્યારે અમારા માટે દખલ કરવી યોગ્ય નથી. અમે અરજી બુધવારે સુનાવણી કરીશું. જો આ દરમિયાન હાઈકોર્ટનો નિર્ણય આવી જશે તો અમે તેને પણ રેકોર્ડમાં ધ્યાને રાખીશું.કેજરીવાલના વકીલ સિંઘવીએ કહ્યું કે જ્યારે દિલ્હી હાઈકોર્ટ ઓર્ડરની કોપી અપલોડ કર્યા વિના સ્ટે લગાવી શકે છે ત્યારે સુપ્રીમ કોર્ટ પણ હાઈકોર્ટના આદેશ વિના તેના પર સ્ટે મૂકી શકે છે.

# UAEના પ્રવાસે વિદેશ પ્રધાન જયશંકર, વ્યૂહાત્મક સંબંધો અંગે કરી ચર્ચા



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે શ્રીલંકા બાદ રવિવારે સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લીધી હતી. UAEની તેમની મુલાકાત દરમિયાન તેમણે તેમના સમકક્ષ અબ્દુલ્લા બિન જાયદ અલ નાહયાન સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.જયશંકરે UAEના વિદેશ મંત્રી અલ નાહયાન સાથે ભારત અને UAE વચ્ચે સતત વધી રહેલા વ્યૂહાત્મક સંબંધો અંગે ચર્ચા કરી. આ સાથે તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ઘણી ચર્ચા કરી હતી.UAE ની મુલાકાત દરમિયાન જયશંકરે અબુ ધાબીમા BAPS હિન્દુ મંદિરની પણ મુલાકાત લીધી હતી. BAPSના અધિકારીઓને પણ મળ્યા હતા. મંદિરના દર્શન કર્યા બાદ તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, આજે મને અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિરની મુલાકાત લેવાનું સૌભાગ્ય મળ્યું. ભારત-છઈ મિત્રતાનું દ્રશ્યમાન પ્રતીક, આ મંદિર વિશ્વને સકારાત્મક સંદેશ આપે છે. આ બંને દેશો વચ્ચેનો કલ્ચરલ બ્રિજ છે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન મોદીએ આ વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ આ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. BAPS UAE દ્વારા દાનમાં આપેલી જમીન પર મંદિર બનાવ્યું છે.આ પછી તેમણે UAEમાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું અને તેમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અબુ ધાબી મ્યુઝિયમ સંકુલમાં યોજાયો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધા બાદ તેમણે વિદેશ મંત્રી અલ નાહયાન સાથે મુલાકાત કરી હતી. મીટિંગ પછી, જયશંકરે કહ્યું કે અમે સતત વધતી જતી વ્યૂહાત્મક ભાગીદારી પર અર્થપૂર્ણ અને વિસ્તારપૂર્વક વાતચીત કરી. આ ઉપરાંત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

# લોકસભાના નવા સત્રના આરંભે કોંગ્રેસની PM મોદી અને BJPને ઘેરવાની શરૂઆત, બંધારણની નકલો લઈ કર્યો દેખાવ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી :આજથી ૧૮મી લોકસભાના સત્રની શરૂઆત થઈ રહી છે. દ્રહ્છ ગઠબંધનની જીત થતા નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના INDIA મહાગઠબંધને સારો દેખાવ કર્યો. ચૂંટણીમાં મળેલા સારા પ્રતિસાદ બાદ કોંગ્રેસ નવા સત્રના આરંભ સાથે ર મોદી અને મ્તને ઘેરવાની શરૂઆત કરી છે. સત્રના આરંભ સમયે સોનિયા ગાંધી સહિતના દિગ્ગજ નેતાઓ બંધારણની નકલો લઈ દેખાવ કર્યો હતો.કોંગ્રેસ પાર્ટીમાં મહત્વનું સ્થાન ધરાવતા કે.સી.વેણુગોપાલે ટ્વીટ કરતાં કહ્યું કે ૧૮મી લોકસભાના સત્રની શરૂઆત થઈ રહી છે. અમે લોકશાહીના રક્ષક છીએ. અમે બંધારણના રક્ષણ અને સમર્થન માટે પ્રતિબદ્ધ છીએ. અમે અન્યાય સામે લડવાના અમારા સંકલ્પમાં સંગઠીત છીએ. બાપુના આશીર્વાદ અને સંસદમાં લોકોના પ્રશ્નો, પડકારો, આશાઓ અને આકાંક્ષાઓને અવાજ આપવા અને સરકારને દર મિનિટે અંકુશમાં રાખવાના નવેસરથી સંકલ્પ સાથે INDIA મહાગઠબંધન પડકાર આપશે.નવા સત્રના આરંભમાં કોંગ્રેસ પાર્ટી કેવા પ્રકારની તૈયારી સાથે સંસદમાં આવશે તેને લઈને રાહુલ ગાંધીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓ દ્વારા આજે સંસદમાં બંધારણની નકલો લઈ જવા અંગે પૂછવામાં આવતા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી કહે છે, "PM અને અમિત શાહ બંધારણ પર જે હુમલો કરી રહ્યા છે તે અમને સ્વીકાર્ય નથી, અમે તેનો વિરોધ કરીશું. આવું ન થવા દઈએ તો, અમે શપથ લેતી વખતે બંધારણને પકડી રાખ્યું હતુંપ અમારો સંદેશ જઈ રહ્યો છે, ભારતના બંધારણને કોઈ શક્તિ સ્પર્શી શકશે નહીં.રાહુલ ગાંધી ઉપરાંત કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ પીમ મોદી પર નિશાન સાધતા ટ્વીટ કર્યું કે વડાપ્રધાન મોદીજીએ આજે તેમના ક્ષેર્જદ્રક્રિ શબ્દોમાં જરૂર કરતાં વધુ વાત કરી. દેશને આશા હતી કે મોદીજી આજે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કંઈક બોલશે. તેઓ દ્રઈઈ અને અન્ય ભરતી પરીક્ષાઓમાં પેપર લીક થવા અંગે યુવાનો પ્રત્યે થોડી સહાનુભૂતિ દર્શાવશે, પરંતુ તેઓ તેમની સરકારના ગોટાળા અને ભ્રષ્ટાચાર અંગે કોઈ જવાબદારી ના લીધી. મોદીજી પણ પશ્ચિમ બંગાળમાં તાજેતરના ટ્રેન અકસ્માત અંગે મૌન રહ્યા. મણિપુર છેલ્લા ૧૩ મહિનાથી હિંસાથી ઘેરાયેલું છે, પરંતુ મોદીજી ન તો ત્યાં ગયા અને ન તો તેમના ભાષણમાં તાજેતરની હિંસા અંગે કોઈ ચિંતા વ્યક્ત કરી. આસામ અને ઉત્તર-પૂર્વમાં પૂર આવી શકે છે, મોંઘવારી વધી શકે છે, રૂપિયામાં ઘટાડો થઈ શકે છે, એક્ઝિટ પોલ-સ્ટૉક માર્કેટ કૌભાંડ થઈ શકે છે. મોદી સરકાર દ્વારા આગામી વસ્તી ગણતરી લાંબા સમયથી પેન્ડિંગ છે, જ્ઞાતિની વસ્તી ગણતરી પર પણ મોદીજી સાવ મૌન હતા.ખરગેએ પોસ્ટમાં લખ્યું કે @narendramodi જી, તમે વિપક્ષને સલાહ આપી રહ્યા છો. તેઓ અમને ૫૦ વર્ષ જૂની ઈમરજન્સીની યાદ અપાવી રહ્યા છે.

# સસ્તી થઇ જશે રેલવેની પ્લેટફોર્મ ટિકિટ : મુસાફરો માટે સરકારનો મોટો નિર્ણય

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણની આગેવાનીમાં શનિવારે જીએસટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનેક મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. ફાઈનાન્સ મંત્રીએ રેલવેના મુસાફરોને મોટી રાહત આપી છે. બેઠક બાદ ફાઈનાન્સ મંત્રીએ જાહેરાત કરી કે, રેલવે પ્લેટફોર્મ ટિકિટના વેચાણ અને રિટાયરિંગ રુમ, વેઈટિંગ રૂમ, ક્લોક રૂમ સુવિધાઓ અને બેટરીથી ચાલતી કાર જેવી સુવિધાઓમાં હવે જીએસટીની છૂટછાટ આપવામાં આવશે.

હાલ પ્લેટફોર્મ ટિકિટની કિંમત ૧૦ રૂપિયા છે. જીએસટી દાયરામાંથી બહાર થઈ જતા હવે પ્લેટફોર્મ ટિકિટની કિંમત ઘટી જશે. હાલ પ્લેટફોર્મ ટિકિટ પર ૫ ટકા જીએસટી લાગે છે. હવે તેની કિંમત ૧ રૂપિયા ઘટી શકે છે. જોકે, રેલવેએ હજી સુધી પ્લેટફોર્મ ટિકિટની કિંમતના ઘટાડા વિશે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. આશા છે કે, જીએસટીમાંથી છૂટ મળ્યા બાદ પ્લેટફોર્મ ટિકિટની કિંમત ઓછી થઈ જશે.ઉલ્લેખનીય છેકે, કોઈ પણ વ્યક્તિ ૧૦ રૂપિયા પ્લેટફોર્મ ટિકિટ લઈને આખો દિવસ પ્લેટફોર્મ પર રહી શક્તી નથી. પ્લેટફોર્મ ટિકિટ ખરીદવા માટે માત્ર ૨ કલાકનો સમય વેલિડ રહે છે. મતલબ કે, જો તમે એકવાર ટિકિટ ખરીદી લો તો તમે ૨ કલાક સુધી તેનો ઉપયોગ પ્લેટફોર્મ પર આવવા જવા માટે કરી શકો છો.

નોંધનીય છે કે જો કોઈ મુસાફર પ્લેટફોર્મ ટિકિટ ખરીદવાનું ભૂલી જાય તો રેલવે ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા ઓછામાં ઓછો ૨૫૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવી શકે છે. એટલું જ નહીં, જો યાત્રી પ્લેટફોર્મ ટિકિટ કે મુસાફરીની ટિકિટ વગર પ્લેટફોર્મ પર પકડાય છે, તો જે પ્લેટફોર્મ પરથી પેસેન્જર પકડાયો હોય અથવા જે ટ્રેન તે પ્લેટફોર્મ પર આવી હોય તે પ્લેટફોર્મ પરથી ઉપડેલી અગાઉની ટ્રેનનું ભાડું બમણું, નાણાકીય દંડ તરીકે વસૂલવામાં આવશે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટઃ દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસવે પર 'મેક ઇન ઇન્ડિયા' સ્ટીલ બ્રિજ લૉંચ

વડોદરાઃ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસવે પર ૧૩૦ મીટર લાંબો 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજ લોંચ કરવામાં આવ્યો છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે ૧૩૦ મીટર લંબાઈનો બીજો સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક લોંચ કર્યો છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં વડોદરા નજીક દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસવે પર સ્ટીલ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.૧૮દ્વ ઉંચાઈ અને ૧૪.૯દ્વ પહોળાઈનો આ ૩૦૦૦ MT સ્ટીલ બ્રિજ મહારાષ્ટ્રના વર્ધા ખાતેના વર્કશોપમાં બનાવવામાં આવ્યો છે અને તેને ટ્રેઈલર પર ઈન્સ્ટોલેશન માટે સ્થળ પર લઈ જવામાં આવ્યો છે.

આવા ભારે ગર્ડરને ખેંચવા માટે જબરદસ્ત પ્રયાસોની જરૂર છે જે દેશના કોઈપણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સૌથી લાંબો હોઈ શકે છે.

બ્રિજ ફેબ્રિકેશનમાં લગભગ ૧૨૪,૨૪૬ નંગ ટોર-શીયર ટાઈપ હાઈ સ્ટ્રેન્થ બોલ્ટ્સ ઝપ સિસ્ટમ પેઇન્ટિંગ અને મેટાલિક સ્ફેરિકલ બેરિંગ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે તમામ ૧૦૦-વર્ષના જીવનકાળ માટે રચાયેલ છે. સ્ટીલના પુલને જમીનથી ૧૫ મીટરની ઉંચાઈ પર કામચલાઉ ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરવામાં આવ્યો હતો અને મેક-એલોય બારનો ઉપયોગ કરીને ૨૫૦ ટનની ક્ષમતા ધરાવતા ૨ નંબરના સેમી-ઓટોમેટિક જેકની ઓટોમેટિક મિકેનિઝમ સાથે ખેંચવામાં આવ્યો હતો.

સલામતી અને એન્જિનિયરિંગ શ્રેષ્ઠતાના સર્વોત્તમ ધોરણોને જાળવી રાખીને, આ પ્રોજેક્ટને સાવચેતીપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે. જાપાની કુશળતાનો ઉપયોગ કરીને, ભારત "મેક ઈન ઈન્ડિયા" પહેલ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે તેના પોતાના તકનીકી અને ભૌતિક સંસાધનોનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનો સ્ટીલ બ્રિજ આ પ્રયાસનું મુખ્ય ઉદાહરણ છે.

જાણાવી દઈએ કે, કોરિડોર માટે પૂર્ણ થયેલા ૨૮ સ્ટીલ બ્રિજમાંથી આ ત્રીજો છે. પ્રથમ અને બીજો સ્ટીલ બ્રિજ ગુજરાતના નડિયાદ નજીક, સુરતમાં અને ભારતીય રેલ્વેની વડોદરા-અમદાવાદ મુખ્ય લાઇન પર નેશનલ હાઈવે ૫૩ પર શરૂ કરવામાં આવ્યો હતો. સ્ટીલના પુલ હાઈવે, એક્સપ્રેસવે અને રેલ્વે લાઇનને પાર કરવા માટે સૌથી વધુ યોગ્ય છે, પૂર્વ-તણાવવાળા કોંક્રિટ પુલોથી વિપરીત, ૪૦ થી ૪૫ મીટર સુધી ફેલાયેલા છે, જે નદીના પુલ સહિતના મોટાભાગના વિભાગો માટે યોગ્ય છે.

# રેલ્વેના બફરમાં ઝડપથી વધારો થશે, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ એક્શન મોડમાં આવ્યા

નવીદિલ્હી : બંગાળમાં ટ્રેન દુર્ઘટનાના ૫ દિવસ બાદ શનિવારે એક બેઠકમાં રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તેમની ટીમને ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ કવચને ઝડપથી સ્થાપિત કરવા સૂચના આપી છે.અશ્વિની વૈષ્ણવે કહ્યું કે બફરથી ટ્રેનની ટક્કર રોકવામાં મદદ મળી છે. ભારતીય રેલ્વે ટૂંક સમયમાં આ અંગે એક મોટું ટેન્ડર બહાર પાડવા જઈ રહ્યું છે. તેની મદદથી લગભગ ૧૦ હજાર કિલોમીટરના રેલવે ટ્રેક પર બફર લગાવવામાં આવનાર છે.રેલવેના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, રેલવે મંત્રીએ કવચની પ્રગતિની સમીક્ષા કરી હતી. અધિકારીઓએ તેમને કવચના સંસ્કરણ ૪.૦ની પ્રગતિ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે કવચ ૪.૦ ના વિકાસ અને પ્રમાણપત્ર પછી, ભારતીય રેલ્વે કવચને મિશન મોડમાં સ્થાપિત કરવાનું શરૂ કરશે. ઉત્પાદકો હાલમાં આ બેઠકો વિકસાવી રહ્યા છે. ટૂંક સમયમાં તે ઈન્સ્ટોલ કરવા માટે તૈયાર થઈ જશે. ભારતીય રેલ્વે આવતા વર્ષે માર્ચ સુધીમાં દિલ્હી-મુંબઈ અને દિલ્હી-હાવડા રૂટ પર આર્મિંગનું કામ પૂર્ણ કરશે. તેમજ આ વર્ષે ડિસેમ્બર સુધીમાં લગભગ ૬૦૦૦ કિલોમીટરના અન્ય રૂટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે.

# ભારતે ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ બનાવવી જોઈએ, લાખો નોકરીઓ સર્જાશે, માત્ર એસેમ્બલ કરવાથી કામ નહીં થાય -CII

નવીદિલ્હી : ભારતે ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો અને ઘટકોના ઉત્પાદનને લઈને તેની વિચારસરણી બદલવી પડશે. આ ઉત્પાદનો અને ઘટકોને એસેમ્બલ કરવાને બદલે, ભારતે તેમનું ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી અનુસાર, માત્ર મેન્યુફેક્ચરિંગ વધારીને જ આપણે વિશ્વમાં અમારી છાપ છોડી શકીશું. ભારતે માત્ર એક એસેમ્બલીંગ દેશ તરીકેની પોતાની છબી ખતમ કરવી પડશે. આનાથી દેશને આર્થિક લાભ તો થશે જ પરંતુ લાખો નોકરીઓનું પણ સર્જન થશે.CIIના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૩માં ઈ૧૦૨ બિલિયન (રૂ. ૮.૫૨ લાખ કરોડ)ના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને ટેકો આપવા માટે લગભગ ઈ૪૫.૫ બિલિયન (રૂ. ૩.૮ લાખ કરોડ)ના ઘટકોની માંગ હતી. અહેવાલ મુજબ, વર્ષ ૨૦૩૦ સુધીમાં $૫૦૦ બિલિયન (રૂ. ૪૧.૭૮ લાખ કરોડ)ના મૂલ્યના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોના ઉત્પાદનને ટેકો આપવા માટે આ માંગ વધીને ઈ૨૪૦ બિલિયન (રૂ. ૨૦.૦૫ લાખ કરોડ) થવાની ધારણા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે PCBA (પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ એસેમ્બલી) સહિતના પ્રાથમિક ઘટકોની માંગ વાર્ષિક ૩૦ ટકાના દરે વધવાની અપેક્ષા છે.

# ચણા-તુવેર પર સ્ટોક-નિયંત્રણ મોંઘવારીને રોકવાનું નર્યું તિકડમ

નવીદિલ્હી : સરકારે તાજેતરમાં કઠોળ-દાળની એકધારી વધી રહેલી મોંઘવારીને રોકવા ચણા અને તુવેર પર સ્ટૉક-નિયંત્રણ લાદવાનો નિર્ણય લીધો છે. જ્યારે પણ કોઈ આવશ્યક ચીજવસ્તુઓની મોંઘવારી રોકવામાં સરકારને નિષ્ફળતા મળે છે ત્યારે સરકાર દ્વારા આવાં નિયંત્રણો લાદીને નર્યું તિકડમ કરવાનો સિલસિલો વર્ષોથી ચાલ્યો આવ્યો છે, પણ વાસ્તવિકતા એ છે કે સરકારના આવા કોઈ પણ નિયંત્રણાત્મક પગલાથી મોંઘવારી અટકી નથી અને અટકવાની પણ નથી, પણ સરકાર આમપ્રજાને એવો અહેસાસ કરાવવા માગે છે કે સરકાર મોંઘવારી રોકવા માટે સતત પ્રયત્નશીલ છે, પણ વાસ્તવમાં સરકારે આગોતરાં કોઈ પગલાં ન લીધાં એ ભૂલને છુપાવવાનો આ પ્રયાસ છે.

આટલા મોટા દેશમાં કોઈ પણ જીવનજરૂરી ચીજવસ્તુઓની શૉર્ટેજ રાતોરાત થતી નથી, પણ સરકાર પાસે આમજનતાને સુચારુ રૂપે અને વાજબી ભાવે તમામ ચીજવસ્તુઓ મળે એ માટેનું કોઈ વ્યવસ્થાતંત્ર જ નથી. જ્યારે પણ મોંઘવારી બેફામ બને એટલે કે આગ લાગે ત્યારે જ સરકાર કૂવો ખોદવા નીકળે છે.

# ગાઝામાં ખોરાક-પાણી માટે એકઠા થયેલાં પેલેસ્ટિનિયનો પર બોમ્બમારો

નવીદિલ્હી : ગાઝા સિટી નજીક એક ટ્રેનિંગ કોલેજમાં સ્થિત રાહત સામગ્રી વિતરણ કેન્દ્ર પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં આઠ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. દરમિયાન, ઈજિપ્તની સરહદ પર સ્થિત રફાહમાં, ઈઝરાયેલની ટેક્ન હવે શહેરની અંદર પહોંચી ગઈ છે. ત્યાં છેલ્લા દોઢ મહિનાથી ઈઝરાયલી સેના અને પેલેસ્ટિનિયન લડવૈયાઓ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે.યુનાઈટેડ નેશન્સ પેલેસ્ટાઈન રેફ્યુજી એજન્સી ટ્રેનિંગ કોલેજમાંથી રાહત સામગ્રીનું વિતરણ કરી રહી છે. રવિવારે મોટી સંખ્યામાં પેલેસ્ટિનિયનો ત્યાં ખાદ્યપદાર્થો, પાણી અને અન્ય વસ્તુઓ એકત્રિત કરવા પહોંચ્યા હતા. તે જ સમયે ઈઝરાયેલી સેના દ્વારા ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં રાહત સામગ્રી એકત્ર કરવા આવેલા આઠ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હતા અને નજીકનું એક ઘર નષ્ટ થઈ ગયું હતું.

# અમરનાથ યાત્રા પર આતંકી હુમલાનો ખતરો : ૪૦ પાકિસ્તાની જમ્મુમાં ઘૂસ્યા હોવાનો દાવો

નવીદિલ્હી : ૨૯ જૂનથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. આ સમયે જમ્મુમાં ૩૦થી ૪૦ આતંકીઓએ ઘૂસણખોરી કરી હોવાના અહેવાલોથી સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઇ ગઇ છે.

જમ્મુ-કાશ્મીરમાં તંત્ર વિધાનસભા ચૂંટણીઓની તૈયારી કરવાની સાથે દર વર્ષે યોજાતી પારંપરીક અમરનાથ યાત્રાની તૈયારીમાં વ્યસ્ત છે તેવા સમયે રાજૌરી, પૂંછ અને કઠુઆ સેક્ટરોમાં ૩૦થી ૪૦ વિદેશી આતંકીઓ ઘૂસી આવ્યા હોવાના અહેવાલો છે.મુખ્યરૂપે પાકિસ્તાની મૂળના આતંકીઓ કથિત રીતે જમ્મુમાં ફરી એક વખત આતંકવાદ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોવાનું માનવામાં આવે છે.સુરક્ષા દળના સૂત્રોએ જણાવ્યું કે, પાકિસ્તાની મૂળના આ આતંકીઓ સ્થાનિક ગાઈડ્સ અને સહાયતા નેટવર્કની મદદથી નાની-નાની ટીમોમાં કામ કરી રહ્યા છે. આ આતંકીઓએ ૨-૩ જૂથ બનાવ્યા છે અને સ્થાનિક સ્લિપર સેલ સાથે સારી રીતે જોડાયેલા છે.આ આતંકીઓને જવાબ આપવા માટે સૈન્ય અને અન્ય સુરક્ષા એજન્સીઓએ તેમના ગુપ્તચર અભિયાનોને તીવ્ર બનાવ્યા છે અને ઘૂસણખોરીના પ્રયત્નોને અસરકારક રીતે રોકવા માટે આતંકવાદ વિરોધી ગ્રીડ મજબૂત કરી છે.

જમ્મુમાં ગાઢ જંગલોના કારણે ગુપ્ત માહિતી એકત્ર કરવી અને વ્યુહાત્મક અભિયાનો વધારવાની જરૂર છે. સૂત્રોએ જણાવ્યું કે, સૈન્યે ઈમરજન્સી પ્રક્રિયા હેઠળ ખરીદવામાં આવેલા ૨૦૦થી વધુ બખ્તરબંધ સુરક્ષિત વાહનો સાથે જવાનોની વધુ ટુકડીને પહેલાંથી જ આ વિસ્તારમાં તૈનાત કરી દીધી છે.દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સાથેની અથડામણમાં ભારતીય સૈન્યએ ચીનમાં બનેલા અત્યાધુનિક ઈક્વિપમેન્ટ્સ જપ્ત કર્યા છે. અધિકારીઓએ કહ્યું કે, આતંકીઓ પાસેથી ચીનના અત્યાધુનિક ટેલીકોમ ઈક્વિપમેન્ટ્સ જપ્ત કરાયા છે.

## "રક્તદાન એ મહાદાન"



રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના પર્યાય, પ્રખર રાષ્ટ્રવાદી અને ભારતીય જનસંઘના સંસ્થાપક ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે માંડવી શહેર-તાલુકા ભાજપના બ્લડ ડોનેશમ કેમ્પ માં રક્તદાન કર્યું.આ કાર્યક્રમ માં માંડવી વિધાનસભાના ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે,માંડવી શહેર ભાજપ પ્રમુખ દેવાગંભાઈ દવે,નગરપાલિકા પ્રમુખ હરેશભાઈ વિંઝોડા,શહેર મહામંત્રી કિશનસિંહ જાડેજા કમલેશભાઇ ગઢવી ,કચ્છ જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ માંડવી શહેર યુવા મોરચાના પ્રભારી કૃણાલભાઈ મહેશ્વરી માંડવી શહેર તાલુકાના યુવા મોરચાના પ્રમુખ દર્શન ગોસ્વામી,ગોપલભાઈ ગઢવી તથા યુવા મોરચા કાર્યકર્તાઓ જોડાયા હતા.



અંજાર તાલુકાના ખોખરા ગામે પોલિયો બુથનું ઉદઘાટન સીધીકભાઈ આગરિયા ના હસ્તે કરવામાં આવ્યું.ફિમેલ હેલ્થ વર્કર ભાવનાબેન અને આશા બહેન રંજનબા હાજર રહેલ.

# ભુજ, વંડી અને બાડામાં મારામારી

ભુજ :જિલ્લામાં મારામારીના બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ ત્રણ ઘટનાઓ સામે આવી છે. અંજાર તાલુકાના વંડી ગામે સામ સામે મારામારી થઈ હતી. ફરિયાદી અકબર જુસબભાઈ ભટ્ટીએ જણાવ્યું કે, આરોપીઓ નાજીર બુઢા મંગવાણા અને તૈયબ ઉર્ફે બુઢો મક્વાણાએ ફરિયાદીના દિકરાને રોડ વચ્ચે ઊભો રખાવી જુના ઝઘડાનું મનદુઃખ રાખી પાઈપ વડે માર માર્યો હતો. સામે પક્ષે જુણસ સિદિકભાઈ ચાવડાએ પ્રતિ ફરિયાદમાં જણાવ્યું કે, આરોપી અકબર જુસબ ભટ્ટી, ઉમર મુસા સોઢા અને ફરદીન અકબર ભટ્ટીએ જુના ઝઘડાનું મનદુઃખ રાખી માર માર્યો હતો. આ તરફ ભુજના અંજલીનગરમાં થયેલી મારામારી બાબતે સુલેમાન દાઉદ કુંભારે કાદર ઉર્ફે અહેમદ મામદ પરમાર, રૂક્શાના કાદર ઉર્ફે અહેમદ પરમાર અને ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ લખાવી હતી. આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી કરી લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. દરમિયાન માંડવી તાલુકાના બાડા ગામે બજાર મસ્જિદ પાસે પારિવારીક મુદ્દે થયેલી બોલાચાલીમાં છરી વડે હુમલો કરાતા બુધિયા રાયશી કન્નડને ઈજાઓ થતા આરોપી સોહિલ સાલેમામદ સથિયા સામે ફરિયાદ નોંધાઈ છે.

# પહેલા પાનાથી...

### સાંસદો જનસેવાને

અને ત્યારે અમારૂ દાયિત્વ પણ ત્રણ ઘણુ વધી જાય છે અને એટલે જ હુ દેશવાસીઓને વિશ્વાસ અપાવુ છે કે, તમે અમને જે ત્રીજી વખત તક આપી છે, અમે અમારા ત્રીજા કાર્યકાળમાં અમે અગાઉથી ત્રણ ઘણી વધુ મહેનત કરીશુ. તમામ નવા ચુંટાયેલા સાંસદો લોકોના પ્રશ્નો-સમસ્યાના સમાધાન માટે કામ કરે તેવો અનુરોધ પણ મોદીજીએ કર્યોહતો. દેશને એક સારા વિપક્ષની આવશ્યકતા છે. જવાબદાર વિપક્ષની આવશ્યકતા છે અને મને વિશ્વાસ છે કે, ૧૮મી લોકસભામાં અમારા સાંસદ જીતીને આવ્યા છે તે સામાન્ય માનવીની અપેક્ષાઓને પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે. મોદીજીએ કહ્યુ કે, સાથીઓ વિકસિત ભારતના સંકલ્પને પુરા કરવા માટે આપણા સોનુ દાયિત્વ છે અને આપણે સો તેને નિભાવીશુ. પ્રજાનો વીશ્વાસ આપણે સૌથી વધુ મજબુત કરીશુ. ૨૫ કરોડ ભારતીયોનુ ગરીબીથી બહરા નીકળવુ તે આપણે વિસ્વ મજબુત બનાવે છે કે આપણે ગરીબથી ઝડપભેર બહાર આવીશુ. આપણા દેશના ૧૪૦ કરોડ નાગરીકો પરિશ્રમ કરવામાં કયાંય પાછીપાની નથી કરતા. અને આપણુ સદન સંકલ્પનું સદન બનશે. આપણી ૧૮મી લોકસભા સંકલ્પોથી ભરેલી રહે તેથી સામાન્ય માનવીના સંકલ્પ સાકાર થાય.

### મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં

શૈક્ષણિક સત્ર નો પ્રારંભ થયો છે અને શાળાઓ શરૂ થતા આ વર્ષે શાળાઓમાં વધુમાં વધુ બાળકો પ્રવેશ મેળવે અને નામાંકન થાય તે માટે રાજ્યમાં ૨૭ મી જુનથી ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી જેમાં રાજ્યના શિક્ષણ મંત્રી સહિતના મંત્રીઓ શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં ૨૭ મી જુન થી શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને મંત્રીઓ અને અધિકારીઓને શાળાઓ માં વધુમાં વધુ બાળકો પ્રવેશ મેળવે તે માટેના પ્રયાસ કરીને બાળકોનું નામાંકન કરાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ મંત્રીઓ અને અધિકારીઓને જિલ્લાઓ તાલુકા ઓમાં શાળાઓની મુલાકાત દરમિયાન શાળાઓ માં અપાતા શિક્ષણની ગુણવત્તા શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ વર્ગખંડો તેમજ શિક્ષકો ની કામગીરી સહિતની બાબતો અંગે પણ સમીક્ષા કરીને તેનો અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારને સોંપવા માટેની પણ આ બેઠકમાં અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માં મંત્રીઓ અધિકારીઓ તેમજ સચિવાલયના વર્ગ-૧ ના અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હતી.

### ત્રણ આઈએએસ

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ના એડિશનલ કમિશનર બી.બી.વહોનીયા ને ભચાઉ તાલુકા ની નાગરિક સંરક્ષણ ના સંયુક્ત સચિવ ડી.એમ.ઠાકર ને માંડવી તાલુકા ની શિક્ષણ વિભાગના નાયબ સચિવ આર.સી. દેસાઈ ને ભુજ તાલુકાની તેમજ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના સંયુક્ત સચિવ શ્રીમતી બી.સી શામળ ને ભુજ તાલુકાની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઉપસચિવ હેતલ ચૌહાણને મુન્દ્રા તાલુકાની નાણા વિભાગના ઉપસચિવ નિકિતા ખેતાણીને નખત્રાણા તાલુકાની વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ એ.પી. ગઢવી ને અંજાર તાલુકાની વિજિલન્સ કમિશન ના ઉપસચિવ કમલેશ ધરમદાસાની ને માંડવી તાલુકાની ગૃહ વિભાગના નાયબ સચિવ શ્રીમતી એ.પી. ઝુલાને ગાંધીધામ તાલુકા ની નર્મદા અને પાણી પુરવઠા વિભાગના ઉપસચિવ હરીસિંહ સોઢા ને નખત્રાણા તાલુકાની મહેસુલ વિભાગના સંયુક્ત સચિવ આર.જી. ભટ્ટને નખત્રાણા તાલુકાની, કમિશનર શાળાઓના એચઓડી વાય. એસ. ચૌધરી ને ભુજ તાલુકાની કમિશનર ટેકનિકલ શિક્ષણ સંયુક્ત નિયામક કચેરીના એચઓડી ડૉ. વિમલ. વી. પ્રજાપતિને માંડવી તાલુકા ની જવાબદારી સોંપવામાં આવી છે.

# આજથી ધો.૧૦-૧૨ બોર્ડની પુરક પરીક્ષાનો આરંભ

**ધો.૧૦ મા ભાષા અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડા શાસ્ત્રની આપી પરીક્ષા**

ભુજ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો.૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા શરૂ કરવામાં આવી છે. કચ્છ જિલ્લાની વાત કરીએ તો ધો.૧૦ મા ૪,૫૫૨ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨,૧૨૯ અને વિજ્ઞાન પ્રવાહમાં ૪૨૦ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. આજથી છ જુલાઈ સુધી પુરક પરીક્ષા યોજાવાની છે. આ પુરક પરીક્ષા માત્ર ભુજમાં લેવાતી હોવાથી અલગ અલગ તાલુકાઓમાંથી વિદ્યાર્થીઓને ભુજ સુધી આવું પડે છે. બોર્ડ પરીક્ષાની જેમજ સીસીટીવી કેમેરા મારફતે સમગ્ર ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. આ વખતે ધો.૧૨ સાયન્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પોતાનું પરિણામ સુધારવા માંગતા હોય પુરક પરીક્ષા આપી શકશે તેવો વિકલ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મુખ્ય અને પુરક બેમાંથી જેમાં ગુણ વધારે હશે તે રિઝલ્ટ માન્ય રહેશે. આજે કચ્છમાં ધો.૧૦ મા પ્રથમ ભાષા ગુજરાતીમાં ૨૬૭ વિદ્યાર્થી હાજર રહ્યા હતા, જ્યારે ૯૩





છાત્ર ગેરહાજર રહ્યા હતા. હિન્દી ભાષામાં તમામ ૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જ્યારે અંગ્રેજી ભાષામાં નોંધાયેલા પૈકી પાંચ ગેરહાજર રહેતા ૪૩ વિદ્યાર્થી કસોટી આપીને ખુસ ખુસ ખુશાલ જણાયા હતા. ધો.૧૨ સામન્ય પ્રવાહમાં આંકડા શાસ્ત્રના પેપરમાં ૩૭૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે ૩૯ ગેરહાજર રહ્યા હતા. ધો. ૧૨ સાયન્સમાં બપોર બાદ ભૌતિક વિજ્ઞાનનું પેપર લેવાશે તેમજ સામન્ય પ્રવાહમાં ભુગોળની પરીક્ષા પણ બપોર બાદ યોજવામાં આવી છે.

## ગાંધીધામ તાલુકા અને શહેરના ૪૯૬૨૫ બાળકોને પોલીયોના ટીપાં પીવડાવાયા





ગાંધીધામ : પોલીયો રવિવારના દિવસે ગાંધીધામ તાલુકામાં ૦થી ૫ વર્ષના બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. જે અંતર્ગત શહેરના ૧૨૩ બુથ પર ૧૧,૪૧૯ અને ગ્રામ્ય વિસ્તારના ૫૪ બુથ પર ૩૮,૨૦૬ બાળકો સાથે તાલુકામાં ૪૯૬૨૫ બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામા આવ્યા હતા. ૮૭૨ સભ્યોમાં આરોગ્ય સ્ટાફ ઉપરાત આશાબહેનો, નગરપાલિકા સ્ટાફ, ગજવાણી અને આર્યા નર્સિંગ સ્કૂલ, તોલાણી આર્ટ્સ, કોમર્સ, એન્જીનીયરીંગ સ્ટુડન્ટ્સ, આઈટીઆઈ સ્ટુડન્ટ્સ, આંગણવાડી સ્ટાફ વગેરેએ સહયોગ આપ્યો હતો. ૧૭૭ અન્ય બુથ ઉપરાંત ઓસ્લો સર્કલ, લીલાશા સર્કલ, સંતોષીમા મંદિર ચાર રસ્તા, આદિપુર અને ગાંધીધામ બસ સ્ટેન્ડ અને સુંદરપુરી પાણીના ટાંકા ચાર રસ્તા કે જ્યા લોકોની અવર જવર વધુ છે ત્યા ટ્રાન્ઝિટ બુથ રાખી ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

સુંદરપુરી પાણીના ટાંકા ચાર રસ્તે બુથનું ઉદ્ઘાટન ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, પાલિકા પ્રમુખ તેજશ શેઠ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. દિનેશ સુતરીયા, ભાજપ શહેર પ્રમુખ પંકજ ઠક્કર, ઈન્ટરનેશનલ પીડિયાટ્રિક એસોસિએશનના પ્રમુખ ડૉ. નવીન ઠક્કર, કેયૂર પરમાર, ગેલાભાઈ ભરવાડ, ભરત મિરાણી, કમલ શર્મા, બબીબેન અગ્રવાલ, પૂર્વીબેન મેઘાણી, રાજભા ગઢવી, રમેશ સથવારા, મોહન ભાનુશાલી, વિનોદ ગેલોતર, ચેતનાબેન જોશી, સુમિત પરમાર વગેરે હાજર રહ્યા હતા. મીઠીરોહર ખાતે ગાંધીધામ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શાંતિબેન બાબરીયાના હસ્તે દિપ પ્રાગટય તેમજ પોલીયોના ટીપા પીવડાવી ઉદ્ઘાટન કરાયું હતું, જેમા ડૉ. કૃશા પટેલ અને આરોગ્ય સ્ટાફ હાજર રહ્યો હતો. કિડાણા ખાતે સરપંચ અને તાલુકા અને જીલ્લા સદસ્ય અને મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય તેમજ પોલીયોના ટીપા પીવડાવી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સંતોષી મા ચાર રસ્તા ખાતે ભાજપ ઉપપ્રમુખ મીનાક્ષીબેન ભટ્ટ, નીલમ લાલવાણી તેમજ રોટરીના વેલજીભાઈ આહિર, પ્રમુખ સંદિપ શાહ, ઘનશ્યામ આહિર, જખાભાઈ આહિર, અલ્કેશ મોદી, જ્યોતિ ઢેબર, સીમા નંદા, શરીફ ખત્રી, દિપક રાજગોર વગેરે હાજર રહ્યા હતા. આદિપુર ખાતે હિરલ આહિર, ડૉ. આદિલ કુરેશી અને ગ્રામ્ય લેવલ સરપંચ અને ચૂટાયેલા પદાધિકારીઓના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતુ. અંતરજાળ ખાતે ઓમ મુશ્કાન ફાઉન્ડેશન ટ્રસ્ટના ગીતાબેન ચાવડા અને ટીમ દ્વારા બુથ ની જવાબદારી લેવાઈ હતી. અગ્રવાલ સમાજ દ્વારા પોલીયો બુથ પર કામ કરતા સ્ટાફ, સુપરવાઈઝર અને ડ્રાઈવર માટે ૬૦૦ જેટલા ફૂડ પેકેટની વ્યવસ્થા અગ્રવાલ સેવા સમાજ દ્વારા કરાઈ હતી. પ્રમુખ સમીર ગર્ગ, સુરેશ ગુપ્તા, સંજય ગર્ગ, ડી.કે. અગ્રવાલ, યુવા સંગઠનના મયૂર ગર્ગ અને મહિલા સંગઠનના ઉમા બંસલ, રેખાબેન હાજર રહ્યા હતા.

## અંજારના સ્વામિ વિવેકાનંદ નગરમાં યુવકના મોતથી અરેરાટી

અંજાર : શહેરમાં સ્વામિ વિવેકાનંદ સોસાયટી ચાર રસ્તા પાસે ગઈકાલે સાંજે પાંચ વાગ્યાના અરસામાં યુવકના મોતનો કિસ્સો સામે આવ્યો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે થાંભલા સાથે ભટકાયા બાદ આ કિશોરનું મોત થયું હતું. જેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હાલ પોલીસે ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. આજે સવારે પોલીસ ઘટનાસ્થળે ગઈ હતી અને સ્થાનિકો પાસેથી હકીકતો મેળવી હતી.

## કોલેજમાં પ્રવેશ માટેની જટીલ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓમાં ભારોભાર નારાજગી

ભુજ : ચાલુ વર્ષે ગુજરાત સરકાર દ્વારા કચ્છ સહિત ૧૫ સ્ટેટ યુનિવર્સિટીમાં પ્રવેશની કામગીરી કોમન બનાવાઈ છે, જેમાં વિદ્યાર્થીઓને ભારોભાર હાલાકી પડી રહી છે. ભ્રષ્ટ બ્યુરો ક્રેસી દ્વારા પોતાના નીજી સ્વાર્થ માટે લાખો વિદ્યાર્થીઓના ભાવીને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કરાતા એબીવીપી દ્વારા સમગ્ર રાજ્યમાં વિરોધ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ભુજમાં એબીવીપી દ્વારા યુનિવર્સિટી ખાતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની અંતિમયાત્રા કાઢી અગ્નિસંસ્કાર આપી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. સાથે પ્રશ્નના નિરાકરણ માટે કુલપતિને આવેદન અપાયું હતું. જેમાં જણાવાયું કે, હજુ




ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે, ગ્રામ્ય વિસ્તારની કોલેજના વિદ્યાર્થીઓ ટેકનોલોજીની પ્રક્રિયાની જાણકારીના અભાવે પ્રવેશથી વંચિત ન રહે એના માટે નિર્ણય લેવામાં આવે, પ્રવેશ પ્રક્રિયામાં એક રાઉન્ડમાં કોઈ કોલેજમાં એડમિશન મેળવે ત્યારે બીજા રાઉન્ડમાં તે વિદ્યાર્થી ભાગ લઈ શકતો નથી અને તેને પ્રક્રિયામાંથી બહાર કાઢી દેવામાં આવે છે વિદ્યાર્થીને એડમીશન રદ કરવું હોય કે ફોર્મમાં રહેલ કોઈ ભૂલ સુધારવાનો વિકલ્પ નથી મળતો જે ખુબ ગંભીર પ્રશ્ન છે, કોલેજના મેરીટ લિસ્ટ કયા માપદંડ પ્રમાણે બને છે, તેની માહિતી નથી જેથી પારદર્શકતા પર સવાલો ઉભા થયા છે, કોલેજમાં પ્રવેશ મળ્યા સુધી ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાતું નથી, લો કોલેજમાં પ્રવેશ શરૂ કરવામાં આવે, અમુક સ્નાતક કોર્ષમાં છેલ્લા સેમ.ના પુરક પરીક્ષા અને પુન : ચકાસણીના પરિણામ બાકી છે, જેથી આ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાની વ્યવસ્થા કરવામાં આવે, પોર્ટલ પર કઈ કોલેજની કેટલી સીટ છે, કેટલી બાકી છે, કટ ઓફ, ફી, આરક્ષીત સીટ સહિતની માહિતી મુકવા રજૂઆત કરવામાં આવી છે. ૪૮ કલાકમાં ઉકેલ નહીં આવે તો રસ્તા પર ઉતરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**અંજારમાં દંપત્તિએ અનોખું ઉદાહરણ**

## પુત્રના ચાંદલાની રકમમાંથી બનાવેલા સેડનું ત્રિકમદાસજી મહારાજના હસ્તે લોકાર્પણ

ગાંધીધામ : અંજારમાં દંપત્તિએ અનોખું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. તાજેતરમાં માલીનીબેન સુનિલભાઈ જોબનપુત્રાના પુત્રના લગ્ન પવિત્ર યાત્રાધામ ગોવર્ધન પર્વત મધ્યે યોજાયેલ હતા. લગ્નવિધિના ચાંદલામાં આવેલ તમામ રકમ અંજાર ગોવર્ધન નંદીશાળામાં આપ વાનું નક્કી કર્યું હતું, જેમાં નંદી મહારાજને વિશ્રાંતિ મળે તેની યોગ્ય સારવાર થાય તે માટે એક વિશાળ શેડ બનાવી આપવામાં આવ્યો હતો. ગોવર્ધન નંદીશાળા, વિડી રોડ મધ્યે સંત ત્રિકમદાસજી મહારાજના હસ્તે રીબીન કાપ ીને લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ તકે પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહીર તેમજ નંદીશાળાની ટીમના સર્વે સભ્યો, દાતા પરિવાર ઉપ





સ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય એ છે કે નંદી શાળામાં હાલ ૮૦૦ નંદીઓનો નિભાવ થાય છે.

## માધાપર રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રમુખની સર્વાનુમતે વરણી



માધાપર : ભુજની ભાગોળે આવેલ પરા સમાન માધાપર ગામે રાજપૂત ક્ષત્રિય સમાજની સામાન્ય સભા મળી હતી જેમાં વર્તમાન પ્રમુખ દાદુભા જે. ચૌહાણ સ્વૈચ્છીક રાજીનામું આપતા ઉપસ્થિત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ પ્રમુખ પદે મોહબતસિંહ ચાંદાજી સોઢાની સર્વાનુંમતે નિમણૂંક કરી હતી.આ અવસરે તેમણે સમાજ સંગઠિત બનીને વધુ વિકાશ કરે તેવી નેમ વ્યક્ત કરી હતી અને આગામી સમયમાં સારા કામ કરવાની ખાત્રી ઉચ્ચારી હતી. સમાજના વિવિધ હોદેદારોની પણ જાહેરાત કરાઈ હતી. સમાજના અગ્રણીઓ પ્રહલાદસિંહ ગોહિલ, પી.એમ જાડેજા, દાદુભા જે. ચૌહાણ, સુખદેવસિંહ ઝાલા, જસુભા પરમાર, પથુભા વાઘેલા, પી. એસ. જાડેજા, ગજુભા ચાવડા, રામદેવસિંહ વાઘેલા, નારણસિંહ જાડેજા, જીલુભા ચૌહણ, રણજીતસિંહ ચૌહાણ, ચંદ્રશેખરસિંહ જાડેજા, હિતુભા જેઠવા, સંગ્રામજી રાઠોડ, મોતીસિંહ ચૌહાણ, સાંગાજી સોઢા, પથુભા વાઘા, મુરૂભા જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, ભેરજી સોઢા તથા વગેરે વડીલો ઉપસ્તિથ રહીને મોહબતસિંહ સોઢાની વરણીને આવકારી હતી. સંચાલન ગિરધરસિંહ વાઘેલા તથા રાજેન્દ્રસિંહ એસ સોઢા તેમજ આભારવિધિ નવલસિંહ એન સોઢાએ કરી હતી.

## મોટા અંગિયા ગામે પુત્રીના જન્મ પ્રસંગે શાળામાં વોટરકુલર ભેટ આપવામાં આવ્યું



**ગામની દીકરી અરૂણાબેન કમલેશભાઈ સંઘવી તરફથી નવતર પ્રયાસ કરવામાં આવ્યો**

નખત્રાણા : ઘરે પુત્ર કે પુત્રીનો જન્મ થાય તે પરિવાર માટે અતિ વિશેષ અને આનંદનો દિવસ હોય છે. દીકરીનો જન્મ પરિવાર માટે કાયમનું સંભારણું બની રહે તે માટે ભુજના ડો. ઉમંગભાઈ સંઘવી પરિવાર દ્વારા સમાજ માટે પ્રેરણાદાયી અને સ્તુત્ય બની રહે તેવી ઉજવણી કરવામાં આવી હતી.

ભુજના પ્રેમચંદ લક્ષ્મીચંદ સંઘવીના પૌત્ર અને જનરલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક તરીકે સેવારત ડો. ઉમંગ સંઘવીના ઘરે પુત્રી જિનાયાના જન્મ નિમિત્તે ઉમંગભાઈ અને તેમના ધર્મ પતિ જીનીષાબેન પરિવારની સામે પોતાનો વિચાર મુક્યો કે પુત્રી જિનાયાના આગમનની ઉજવણી થોડી વિશેષ રીતે કરીયે તો આવી કાળઝાળ ગરમીમાં અનેક લોકોની સાથે શાળાના બાળકો પણ પરેશાન થઈ રહ્યા છે તો આપણે જયાં પણ આવશ્યકતા હોય ત્યાં ઠંડા પાણીના કુલર, પુત્રી આગમનના શુભ પ્રસંગે બાળકોને રાજી કરીએ તેવી ઉચ્ચ ભાવના પરિવાર સામે મુકતા સમગ્ર સંઘવી પરિવારે આ વિચારને વધાવી લીધો. કચ્છના નખત્રાણા તાલુકાના મોટા અંગિયા ગામે વોટર કુલર ભેંટ આપવામાં આવ્યું છે.

ડો. ઉમંગ સંઘવીના માતા અરૂણાબેન કમલેશભાઈ સંઘવી મોટા અંગિયાના દીકરી છે. જીનાયાના દાદા કમલેશભાઈ સેવાભાવી વ્યક્તિત્વ વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ છે. સરપંચ ઈકબાલ ઘાંચીએ જણાવવાનું હતું કે સમાજમાં દીકરીઓનો માન સન્માન વધે અને દીકરીના જન્મની ખુશીમાં કરાયેલ ઉમદા કાર્ય બદલ કમલેશભાઈ અને દાતા પરિવાર અને ગામના ચંદ્રકાન્તભાઈ શાહનો આભાર માન્યો હતો. આચાર્ય હરદેવસિંહ જાડેજા અને શાળા પરિવારના શિક્ષકોએ આભાર માન્યો હતો.

## ભુજ અને માંડવીમાં જુગાર રમતા ખેલીઓ ઝડપાયા

ભુજ : શહેરમાં ભીડનાકા બહાર દાદુપીર રોડ મમણ ફળિયામાં જુગાર રમતા રઝાક ઈબ્રાહીમ સાડ, અલીમામદ ઈબ્રાહીમ મોકરશી, ગની સુલેમાન શેખ, સાલેમામદ સુરંગીને જુગાર રમતા ઝડપી પાડી બી-ડિવિઝન પોલીસે રોકડા રૂા.૧૦,૩૦૦ કબજે કર્યા હતા. જ્યારે મિરજાપરના યક્ષ નગરીમાં જુગાર રમતા નટુભા સોઢા, ગજરાબા ચૌહાણા, ઉર્મિલાબેન સોની, શિલ્પાબેન ગોસ્વામી, હીનાબેન ગુંસાઈને એ-ડિવિઝન પોલીસે રોકડા રૂા.૭,૪૯૦ અને ૧૫,૫૦૦ ના ચાર મોબાઈલ સાથે ઝડપી લીધા હતા. આ તરફ માંડવીમાં દાદા ડેરી પાસે બાવળોની ઝાડીમાં જુગાર રમતા લક્ષ્મણ બાબુ પટ્ટણી, ઈકબાલ સલીમ મિયાણા, વિનોદ મોગલી ફકીરા પટ્ટણી અને વિજય શંકર પટ્ટણીને રોકડા રૂા.૨,૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

## કચ્છમાંથી વધુ ચાર સગીરાના અપહરણ

ભુજ : જિલ્લામાં સગીરાઓના અપહરણની ઘટનાઓ વધી રહી છે ત્યારે વધુ ચાર ઘટનાઓ સામે આવી છે. ભુજ તાલુકાના મિરજાપર ગામેથી ૧૬ વર્ષિય સગીરાનું અપહરણ થતા સુખપરના સમીર અબ્દુલ જુણેજા સામે ભુજ એ-ડિવિઝનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ તરફ ભુજ તાલુકાના ઝુરા ગામે ૧૬ વર્ષિય સગીરાનું ભખરીયાનો ઓસમાણગની સુલેમાન અબડા અપહરણ કરી જતા માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે. જ્યારે નાડાપા વાડી વિસ્તારમાંથી પણ ૧૬ વર્ષિય સગીરાનું અપહરણ થયું જેમાં શકદાર તરીકે મુકેશ દયાલભાઈ કોલી સામે ફરિયાદ નોંધાઈ છે. તો ગાંધીધામના ઓમ સિનેપ્લેક્સ ચાર રસ્તા પાસે રહેતા પરપ્રાંતિય પરિવારના ૧૨ વર્ષિય દીકરાનું અપહરણ થતા એ-ડિવિઝનમાં ફરિયાદ નોંધાતા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## વિદ્યાભારતીના સેવાકીય કાર્યોને દરેક ગામ સુધી લઈ જવાશે : ડો. નીતિનભાઈ પેથાણી

**વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશની કચ્છમાં મળેલી સાધારણ સભામાં શિક્ષણ અને એઆઈ સહિતના પ્રશ્નો ચર્ચાયા સાથે કરાઈ પુર્ણાહુતિ**







ભુજ : શિક્ષણમાં પ્રાચિત - અર્વાચીન આવિષ્કારોનો સમન્વય કરીને હિન્દુત્વ નિષ્ઠ અને રાષ્ટ્ર ભક્તિથી ઓત્તપ્રોત યુવાપેઢીના શારીરિક - માનસિક, બૌદ્ધિ, નૈતિક અને આધ્યાત્મિક રીતે પૂર્ણ વિક્સિત કરવા દ્રઢ સંકલ્પ સાથે કાર્ય કરતું વિદ્યાભારતી સંગઠન સમગ્ર ભારતમાં શિક્ષણની સાથે સેવાકીય પ્રકલ્પી પણ ચલાવે છે.

આ અંગે ગુજરાત પ્રાંતના અધ્યક્ષ નીતિન પેથાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યા ભારતીની સાધારાણ સભા મળી હતી, જેમાં સમગ્ર ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ શિશુ મંદિરો ચાલે છે એવા ટ્રસ્ટી વ્યવસ્થાપકો, પ્રધાનાચાર્યો, સહિત ૪૦૦થી વધારે જોડાયા હતા. જેમાં પ્રથમ દિવસના સત્રમાં પુસ્તકનું વિમોચન કર્યું હતું. આગામી કઈ રીતે કાર્ય કરવું તે અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સમાપન સત્રમાં મંચસ્થ પ્રાંતનાં અધ્યક્ષ ડો. નીતિનભાઈ પેથાણી, પશ્ચિમ ક્ષેત્રના ઉપાધ્યક્ષ ડો. બાબુભાઈ અઘારા, પ્રાંતમંત્રી રઘુભાઈ ખાંભલા પ્રથમ વંદના કરવામાં આવી હતી. બીજા સત્રમાં આગામી વર્ષની શિક્ષણની કાર્ય યોજના પર આયોજન અને ચર્ચા, નવી શિક્ષણ નીતિનું અસરકારક ક્રિયાનવયન કરવા ઉપર ચર્ચા, આરટીઈ સારી રીતે અમલી બની શકે એના પર ચર્ચા, એઆઈના ઉપયોગથી શિક્ષણના ફાયદા, ગેરફાયદાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બાલિકા શિક્ષણ અને સંસ્કાર કેન્દ્રો અને પરિયોજના પર ચર્ચા કરાઈ હતી. રાષ્ટ્રીય વિચાર સાથે સંસ્કાર સમૃદ્ધ શિક્ષણનાં વિવિધ પાસાઓ પર ચર્ચા વિચાર મંથનની પ્રક્રિયા ચાલુ છે. સાંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

પૂર્ણાહુતિમાં સમાપન કરતાં પ્રાંતનાં અધ્યક્ષ ડો. નીતિનભાઈ પેથાણીએ આગામી વર્ષોમાં વિદ્યાભરતીના કામને ગુજરાતનાં દરેક ગામ સુધી લઈ જવા અને પ્રાચીન મૂલ્યો જાળવીને આધુનિક ટેક્નોલોજીનો સમન્વય સાધવા જણાવ્યું હતું. ડો.બાબુભાઈ અઘરાએ કચ્છની ખાસિયતો અને મહેમાન ગતિને બિરદાવી હતી. પ્રાંત મંત્રી રઘુભાઈ ખંભાલાએ આયોજકો, વિદ્યા ભારતી કચ્છ, કાર્યકર્તા, પ્રબંધકો અને આવનાર સર્વે સભ્યોનો આભાર માનીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રાંતના મંત્રી ધર્મેશભાઈ જોશી, કચ્છ સંભાગના મંત્રી અરવિંદભાઈ ગઢવી, આસરિયાભાઈ ગઢવી, ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ધોળું, માવજીભાઈ રાબડીયા, પ્રાંતના ઉપાધ્યક્ષ ડો. કેશુભાઈ મોરસણીયા, વિભાગના અધ્યક્ષ પંકજભાઈ શાહ, નિલેન્દુભાઈ ઠાકર અને સ્થાનિક કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

## કચ્છ શાખા નહેરમાં પાણી છોડાવવા વિરેન્દ્રસિંહ જાડેજા મુખ્યમંત્રીને રજૂઆત કરશે



રાપર : કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલ હાલ બંધ થઈ ગઈ છે એટલે કચ્છ ઉપરાંત રાપર, ભચાઉ તાલુકામાં પીવાના પ ાણીની સમસ્યા વિકટ બની છે. રાપર, ભચાઉ તાલુકાની છ લાખની વસ્તી અને પાંચ લાખ જેટલા પશુઓ માટે પીવાના પ ાણીની સમસ્યા એકદમ વિકેટ બની છે ત્યારે રાપર, ભચાઉ તાલુકાના આગેવાનો તથા ખેડૂતોએ રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાને ભચાઉ ખાતે કચ્છ શાખા નહેરમાં સફાઈ અને મરામતના કામો કરાવવા નર્મદા નિગમના ધારાધોરણ મુજબ કચ્છ શાખા નહેરમાં પાણી છોડવાનું બંધ છે. આ વર્ષની કારમી ગરમીના કારણે પીવા માટે અને વાપરવા માટેનો કેનાલમાં રાખેલ સ્ટોક તેમજ આજુબાજુના ભરેલ તળાવો, રાપર શહેરને અમુક સમયે પાણી પૂરું પાડવા ભરેલ નગાસર તળાવ તેમજ સુવઈ, ફતેગઢ ડેમમાં રાખેલ સ્ટોક ખાલી થઈ જતાં કેનાલ આધારિત પ ાણીનો વપરાશ કરતા ગામોમા પાણીની મોટાપાયે પારાયણ સર્જાય છે. વિકલ્પમાં પાણી પ ૂરું પાડવા કોઈ વ્યવસ્થા નથી તેમજ બીજીબાજુ કુદરતી વરસાદ પર આધાર હતો પરંતુ હાલ વરસાદ નહિ પડતા પીવાનો પ ાણીનો પ્રશ્ન તો પેચીદો બન્યો છે. સાથોસાથ ખેડૂતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયેલ છે. વિવિધ આગાહીકારો વરસાદની આગાહી કરી રહ્યાં છે પરંતુ કચ્છ માટે કોઈ નક્કર આગાહી કરતું નથી આથી વપરાશકારોમા ચિંતા વધતા કચ્છ શાખા નહેરમાં નર્મદાના નીર સત્વરે ચાલુ કરાવવા રાપરના વિરેન્દ્રસિંહ જાડેજાને રૂબરૂ મળી રજુઆત કરવાનું નક્કી કર્યું, નક્કી કર્યા મુજબ આજે તા.૨૩મી જુન ૨૦૨૪ના રોજ ભચાઉ સ્થિત ફાર્મ હાઉસે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાને મોટી સંખ્યામાં ખેડુતો ભેગા થઈ અને પાણી વિના લોકો તેમજ પશુધન તકલીફો ભોગવી રહ્યા છે તેવી વિવિધ ગામોંમાંથી આવેલ ખેડુત આગેવાનોએ રૂબરૂમાં રજુઆત કરી હતી. આગેવાનોની રજુઆત સાંભળી ધારાસભ્ય જાતે સોમવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપ ેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી કચ્છ શાખા નહેરમાં પાણી છોડાવવા ખાસ ભલામણ કરશે. કેનાલની ચાલતી કામગીરીનો ગ્રાઉન્ડ લેવલનો જોવા માટે રાજેશભાઈ, ચોબારી સરપંચ વેલજીભાઈ આહીર વિગેરે આગેવાનો સ્થળ જોશે અને ધારાસભ્યને અહેવાલ રજુ કરશે. વધુમાં જણાવવાનું કે આ વર્ષે નર્મદા નિગમના અધિકારીઓ ખરીફ પાકો માટે માંગણા પત્રકો ભરવાનો આગ્રહ રાખતા હોય દરેક ખેડુતો માંગણા પત્રકો ભરે તેવી સલાહ ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ ઉપસ્થિત તમામ આગેવાનોને કરેલ છે. માગણા પત્રકો ભરવા તેમજ ભરાવવા બાબતે સંકલન થાય તે માટે ચાંગ ડેમની પિ યત મંડળીના મહાદેવભાઈ આહીર જરૂરી સંકલન કરશે તેવું ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ જણાવેલ છે.

## મોટી સિંધોડીમાં કેબલ વાયરની ચોરી કરનાર શખ્સો ઝડપાયા

ભુજ : નલિયા પોલીસના કર્મચારીઓ મોથાળા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતા ત્યારે પીકઅપ નં.જીજે૧૨-બીએક્સ-૨૨૦૬ આવતા તેને ઊભુ રાખવા ઈશારો કરાયો હતો. પણ ચાલકે ભુજ તરફ ગાડી ભગાવી હતી. જેથી પીછો કરી રાતા તળાવ સણોસરા ખાતેથી વાહનને ઝડપી તપાસ કરતા તેમાં કેબલ વાયર ભરેલા હતા. જેની પુછપરછ કરતા આ કેબલ વાયર સિંધોડી ગામે આવેલ સુઝલોન કંપનીના સ્ટોરમાંથી ચોર્યા હોવાની કબૂલાત આપી હતી. જેથી ભુજ જીઆઈડીસીના કાનો કિરણ વાસપોડા અને લખુરાઈ ચાર રસ્તાના જાફર અબ્દ્રેમાન કુંભારની અટક કરવામાં આવી હતી. ૧.૭૦ લાખના કોપર વાયરો સાથે અઢી લાખની ગાડી કબજે કરવામાં આવી છે. આ કામગીરીમાં નલિયા પીએસઆઈ આર.બી. ટાપરીયા સાથે સ્ટાફના બળભદ્રસિંહ ગોહિલ, ચેતનસિંહ વાઘેલા, જિતેન્દ્રસિંહ ડોડિયા, યુવરાજસિંહ જાડેજા, જયેશકુમાર બાંભવા, રાજેશભાઈ માણશીભાઈ સહિતના જોડાયા હતા.

## રાયધણજર સીમાડામાં દિપડો દેખાયો

નલિયા : પશ્ચિમ કચ્છ બાજુ હવે જંગલોમાં દિપડો દેખાવાનું ચાલુ કર્યું છે. કયાંક રાત્રીના સમયે અથવા વહેલી સવારના ભાગમાં તે કયારેક માનવ વસ્તી વાળા ઠેકાણે દેખાય છે. જો કે જ્યાં દિપડો દેખાયો છે. ત્યાં મારણની ઘટના કોઈ સામે આવી નથી. થોડા દિવસો અબડાસા તાલુકાના અંતરિયાળ એવા રાયધણજર ગામમાં દિપડો દેખાતા એ વીડિયો વાયરલ થયો હતો. આ અંગે જંગલ ખાતાના આર. એફ.ઓ દક્ષિણ રેન્જના કનકસિંહ રાઠોડના સંપર્ક કરતાં તેમણે સમર્થન આપતા જણાવ્યું કે ચિયાસર, બોરા, રાયધણજર, નુંધાતડ વિસ્તારએ દિપડાઓનું રૂટ છે. જે માંડવીથી દયાપર સુધીના રૂટમાં અવરજવર કરતાં હોય છે. આ ચાર ગામોમાં જંગલોમાં ગણતરી દરમ્યાન દિપડાની સંખ્યા ૨ નોંધાયેલી છે. પરંતુ દિપડાઓ કોઈ હાનિ કે નુકશાન કર્યું નથી. તેવું જણાવ્યું હતું. આ વાયરલ વિડિયો અંગે અબડાસા વિસ્તારમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે વિડિયો જુનો છે.

## શિયાળબારી ક્રીક અને કોટેશ્વર પાસેથી ચરસના ૧૧ પેકેટ મળ્યા

ભુજ : કચ્છના દરિયાકાંઠેથી બિનવારસુ ચરસ મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. રવિવારે જખૌ મરીન પોલીસ અને સ્ટેટ આઈબીને શિયાળબારી ક્રીક વિસ્તારમાંથી ચરસના ૧૦ પેકેટ અને કોટેશ્વરમાં બીએસએફને એક પેકેટ મળી આવ્યું હતું. અત્યાર સુધી કુલ ૩૦૩ કરોડનું ડ્રગ્સ બિનવારસુ મળી આવ્યું છે. પણ મૂળ સુધી પહોંચવામાં તમામ એજન્સીઓ નિષ્ફળ સાબિત થઈ છે જે હકીકત છે.

## જુની-મોટી ચીરઈમાં ૧.૨૧ લાખનો દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

ભચાઉ : તાલુકાના જુની-મોટી ચીરઈ ગામની સીમમાં કંથડનાથ દાદા મંદિરની બાજુમાં નદીના વોકળામાં બાવળોની ઝાડીમાં શરાબ છુપાવવામાં આવ્યો હતો. ભચાઉ પોલીસે આ શરાબ શોધી મુદ્દામાલ કબજે કર્યો છે. વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી કુલ ૧,૨૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જોકે, રેડ દરમિયાન જુની-મોટી ચીરઈનો યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા અને નવી-મોટી ચીરઈનો રામદેવસિંહ ઉર્ફે ડકુ રણજીતસિંહ જાડેજા હાજર મળી આવ્યો ન હતો. જેથી ભચાઉ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

નલીયા મામલતદાર કચેરીની ''ગરમ કીટલીઓ''ને કોણ ઠારશે?

# નલીયા મામલતદાર કચેરીમાં જાતીના દાખલા આપવામાં અસહ્ય વિલંબથી અનેકના એડમીશન અટક્યા

- ભ્રષ્ટાચારના આક્ષેપો ભુતકાળમાં થયા બાદ હજુ પણ નાગરીકોના કામ કરવા ધક્કા ખવડાવાતા હોવાની ઉઠતી ફરીયાદો
- પી.એમ.પોષણ યોજનામાં ચાલતા લોલમલોલની પ્રાંત અધિકારી તપાસ કરાવે તો અનેક થાય ઘરભેગા
- પી.એમ.પોષણ યોજનામાં દલાલો દ્વારા મહિને અધિકારીઓના નામે થતા હજારોના ઉઘરાણા કોની મહેરબાનીથી ?

નલીયા : રાજ્યના મક્કમ અને મૃદુ મુખ્યમંત્રીશ્રી દ્વારા તાજેતરમાં એક મામલતદાર કચેરીની મુલાકાત દરમ્યાન નાગરીકો દ્વારા મુખ્યમંત્રીશ્રીને ગરમ કીટલીઓ અંગે ફરીયાદ કર્યા બાદ મુખ્યમંત્રીશ્રી દ્વારા આકરા પગલા લેવામાં આવ્યા હતા, તેવી જ હાલત હાલ નલીયાની મામલતદાર કચેરીની થઈ છે.અહિંની કચેરીની અનેક "ગરમ કીટલીઓ"ના પાપે જાતીના દાખલા મેળવવાના અભાવે અનેકના એડમીશન અટકવા સાથે વિવિધ શાખાઓમાં નાગરીકોને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા હોવાની ફરીયાદો ઉઠી રહી છે.

ભુતકાળમાં ભ્રષ્ટાચારના અનેક વખત આક્ષેપો થયા બાદ હાલ નલીયાની મામલતદાર કચેરીમાં દલાલરાજની ફરીયાદો સાથે નાગરીકોને તેમના સામાન્ય કામ કરવામાં ધક્કા ખવડાવી ઉઘરાણા કરાતા હોવાની ફરીયાદો નાગરીકોમાંથી ઉઠી રહી છે. હાલ વિવિધ શાળાઓ તથા કોલેજોમાં એડમીશન પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તથા એડમીશન માટે જાતીના દાખલાની જરૂરીયાત હોય છે. નલીયા મામલતદાર કચેરી ખાતે તેના માટે અલાયદું કાઉન્ટર રાખવામાં આવેલ છે અને આઉટસોર્સીંગની સેવા પણ લેવામાં આવી રહી છે. પરંતુ જાતીના દાખલાઓ આપવામાં અખાડા કરી નાગરીકો અને વિધાર્થીઓને ધક્કા ખવડાવી પરેશાન કરી ઉઘરાણા કરવામાં આવતા હોવાની ફરીયાદો જાગૃત નાગરીકો દ્વારા વ્યક્ત કરાઈ છે. અગાઉ આવકના દાખલા માટે તાલુકા પંચાયતમાં સહી ન કરાતી હોવાના અખબારી અહેવાલો પ્રસિધ્ધ થયા બાદ આવકના દાખલાની સુવિધા સુધરી છે ત્યાં વાલીઓ માટે જાતીના દાખલાની સમસ્યા શરૂ થઈ છે. જેનો સત્વરે નિકાલ કરી બાકી રહેલા અરજદારોના દાખલા ઝડપથી આપી અટકેલા એડમીશનોવાળા માટે કામગીરી કરાય તેવી માંગ સુત્રોએ કરી હતી.

## મીડ ડે મીલની યોજના અબડાસામાં મીડલ મેન યોજના બની ગઈ !

### વડાપ્રધાનના નામ સાથે જોડાયેલી પી.એમ.પોષણ યોજનામાં અબડાસામાં લોલમલોલ

નલીયા : અગાઉ મધ્યાહ્ન ભોજન યોજના નામ ધરાવતી અને હાલ વડાપ્રધાનના નામ સાથે જોડાયેલી પી.એમ.પોષણ યોજનામાં અબડાસા તાલુકામાં લોલમલોલ ચાલતું હોવાની ફરીયાદો ઉઠી રહી છે. નાગરીકોમાંથી ઉઠતી ફરીયાદો મુજબ આ યોજના મીડ ડે મીલની યોજના છે પણ અબડાસામાં મીડલ મેનની યોજના બની ગઈ છે. ગેરરીતીઓની વાત કરીએ તો આ યોજનાના સંચાલક તરીકે જેમને નિમણુંકો અપાઈ છે તેવા મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો ખુદ ફરજ બજાવવાના બદલે અન્યને પેટા પગારે રાખી નોકરી કરી રહ્યા છે. પોતે પોતાના અન્ય ધંધા-વ્યવસાયના સ્થળે હાજર હોય છે જ્યારે અન્ય વ્યક્તિ તેમનું કામ કરે છે. સરકારી દફ્તર તથા રજીસ્ટરો પણ તેમના કબજામાં હોય છે.

બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા સામે પણ તેના લીધે પ્રશ્નાર્થો સર્જાય છે. ચેકીંગ કરવાની જેમની જવાબદારી છે તેવા જવાબદારો આવી ગેરરીતીઓ ચલાવી લેવા માટે રીતસરના દલાલો નીમી દીધા છે. આવા દલાલો તાલુકાના પી.એમ.પોષણ યોજનાના સંચાલકો પાસેથી ઉચ્ચ અધિકારીઓને સાચવવા પડશે તેમ જણાવી ઉચ્ચ અધિકારીઓના નામે હજારો રૂપિયાના ઉઘરાણા કરી રહ્યા છે તે કોની મહેરબાનીથી તેની તપાસ થાય તો અનેક સંચાલકો ઘરભેગા થઈ જાય તેમ છે. કડક અને ટુ ધી પોઈન્ટ કામ કરતા અબડાસાના પ્રાંત અધિકારી દ્વારા અબડાસાની પી.એમ.પોષણ યોજનાના સંચાલકો અને કેન્દ્રોની તપાસ કરાય તો અનેક લોલમલોલ બહાર આવે તેમ છે. સાથે ઉઘરાણા કોના નામે અને કોના દ્વારા થઈ રહ્યા છે તેની તપાસ પણ કરવી જરૂરી છે.

આમ તો કચ્છના કલેક્ટરશ્રી દ્વારા જાહેરનામા દ્વારા અનઅધિકૃત લોકોને કચેરીની અંદર બેસવા કે કામ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે પણ નલીયાની મામલતદાર કચેરીની વિવિધ શાખાઓમાં આવા દલાલો દિવસરાત પડયા પાથર્યા રહેતા હોવાની ચોંકાવનારી માહીતી જાણકાર સુત્રોએ આપી હતી.નલીયા મામલતદાર કચેરીના સીસીટીવી ફુટેજ તપાસી આવા દલાલોથી કચેરીને મુક્ત કરાય તો અબડાસના નાગરીકોના મામલતદાર કચેરીના કામો સરળતાથી થવા સાથે થતા ઉઘરાણા પણ અટકે તેમ હોઈ હવે પ્રાંત અધિકારી દ્વારા ઓચીંતી તપાસ કરી કડક પગલા લેવાય તેવી માંગ નાગરીકોમાંથી ઉઠી રહી છે.

## લખપતના ભેખડા ગામમાં પાણીની તંગી સર્જાતા લોકોમાં રોષ



લખપત : દર વર્ષે ઉનાળામાં કચ્છ જિલ્લામાં હંમેશા પાણીની તંગી સર્જાતા સ્થાનિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે લખવત વિસ્તારમાં આવેલા ભેખડા ગામમાં પાણીની વિકટ સ્થિતિ સર્જાઈ છે. ગામલોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. પાંચ છ દિવસે જે પાણી આવે તે પુરતુ ન હોવાના કારણે લોકોને પરેશાની વેઠવી પડે છે. છેવાડાના તાલુકામાં ઉનાળાની ગરમી તેમજ પશુધનની મોટી સંખ્યા હોવાના કારણે પાણીની જરૂરીયાત વધી છે. પરંતુ અનિયમિત અને ઓછું પાણી મળતાં ગામડાઓના લોકોને રોજ હાલાકી ભોગવવી પડે છે. ભેખડા ગામમાં બે-બે અઠવાડીયાથી પાણી ન મળતાં લોકો રોષે ભરાયાં છે. આ અંગે પાણી પુરવઠા, સરપંચ સહિતનાઓને અનેક વખત રજૂઆતો કરી છે છતા પણ આ સમસ્યાનું નિવારણ હજું સુધી આવ્યું નથી. આ ગામમાં પાણી પુરતું ન મળવાની સ્થિતિમાં કોણ જવાબદાર છે તેની તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગણી કરી છે. ૧૫૦૦થી વધુની વસ્તી ધરાવતા ભેખડા ગામમાં પાણીની તંગી સર્જાઈ છે. જેથી આ ગામમાં પુરતુ પાણી મળે તેમજ જવાબદાર અધિકારી, કર્મચારીઓની તપાસ કરીને પગલા લેવામાં આવે તેવી સરકારને અપીલ કરી છે.


## પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોની 35 જોડીની ટ્રીપ્સ લંબાવશે

| ટ્રેન નંબર | ક્યા થી | ક્યા સુધી | દોડનો દિવસ | સુધી લંબાવવામાં આવેલ | ખુલવાની તારીખ |
|---|---|---|---|---|---|
| 09209 | બાન્દ્રા ટર્મિનસ | ભાવનગર | શુક્રવાર | 26.07.2024 | 24.06.2024 |
| 09208 | ભાવનગર | બાન્દ્રા ટર્મિનસ | ગુરુવાર | 25.07.2024 | 24.06.2024 |
| 09415 | બાન્દ્રા ટર્મિનસ | ગાંધીધામ | ગુરુવાર | 25.07.2024 | 24.06.2024 |
| 09416 | ગાંધીધામ | બાન્દ્રા ટર્મિનસ | ગુરુવાર | 25.07.2024 | 24.06.2024 |
| 09007 | વલસાડ | ભીવાની | ગુરુવાર | 25.07.2024 | 24.06.2024 |
| 09008 | ભીવાની | વલસાડ | શુક્રવાર | 26.07.2024 | |
| 09493 | અમદાવાદ | પટના | રવિવાર | 28.07.2024 | 24.06.2024 |
| 09494 | પટના | અમદાવાદ | મંગળવાર | 30.07.2024 | |
| 09059 | સુરત | બ્રહ્મપુર | બુધવાર | 31.07.2024 | 24.06.2024 |
| 09060 | બ્રહ્મપુર | સુરત | શુક્રવાર | 02.08.2024 | |
| 09425 | સાબરમતી | હરિદ્વાર | સોમવાર અને શુક્રવાર | 24.06.24 to 29.07.2024 | ખુલ્લુ મુકાયુ |
| 09426 | હરિદ્વાર | સાબરમતી | મંગળવાર અને શનિવાર | 25.06.24 to 30.07.2024 | |
| 09211 | ગાંધીગ્રામ | બોટાદ | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09212 | બોટાદ | ગાંધીગ્રામ | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09456 | ભૂજ | ગાંધીનગર કેપિટલ | દરરોજ | 30.09.2024 | 24.06.2024 |
| 09455 | ગાંધીનગર કેપિટલ | ભૂજ | દરરોજ | 30.09.2024 | 24.06.2024 |
| 09215 | ગાંધીગ્રામ | ભાવનગર | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09216 | ભાવનગર | ગાંધીગ્રામ | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09529 | ધોલા | ભાવનગર | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09530 | ભાવનગર | ધોલા | દરરોજ | 30.09.2024 | અનરિઝર્વ |
| 09055 | બાન્દ્રા ટર્મિનસ | ઉધના | સપ્તાહમાં 5 દિવસ | 30.09.2024 | 24.06.2024 |
| 09056 | ઉધના | બાન્દ્રા ટર્મિનસ | સપ્તાહમાં 5 દિવસ | 30.09.2024 | 24.06.2024 |
| 09111 | વડોદરા | ગોરખપુર | સોમવાર | 30.09.2024 | 24.06.2024 |
| 09112 | ગોરખપુર | વડોદરા | બુધવાર | 02.10.2024 | |
| 09195 | વડોદરા | મઉ | શનિવાર | 28.09.2024 | 24.06.2024 |
| 09196 | મઉ | વડોદરા | રવિવાર | 29.09.2024 | |
| 09417 | અમદાવાદ | દાનાપુર | સોમવાર | 30.09.2024 | 24.06.2024 |
| 09418 | દાનાપુર | અમદાવાદ | મંગળવાર | 01.10.2024 | |
| 09343 | ડો. આંબેડકરનગર | પટના | ગુરુવાર | 26.09.2024 | 24.06.2024 |
| 09344 | પટના | ડો. આંબેડકરનગર | શુક્રવાર | 27.09.2024 | |
| 09025 | વલસાડ | દાનાપુર | સોમવાર | 30.09.2024 | 24.06.2024 |
| 09026 | દાનાપુર | વલસાડ | મંગળવાર | 01.10.2024 | |
| 09045 | ઉધના | પટના | શુક્રવાર | 27.09.2024 | 24.06.2024 |
| 09046 | પટના | ઉધના | શનિવાર | 28.09.2024 | |
| 09575 | રાજકોટ | જાડચેરલા | સોમવાર | 30.09.2024 | 24.06.2024 |
| 09576 | જાડચેરલા | રાજકોટ | મંગળવાર | 01.10.2024 | |
| 09569 | રાજકોટ | બારોની | શુક્રવાર | 27.09.2024 | 24.06.2024 |
| 09570 | બારોની | રાજકોટ | રવિવાર | 29.09.2024 | |
| 09407 | ભૂજ | દિલ્હી સરાઈ રોહિલા | મંગળ અને શુક્ર | 27.09.2024 | 24.06.2024 |
| 09408 | દિલ્હી સરાઈ રોહિલા | ભૂજ | બુધ અને શનિ | 28.09.2024 | |
| 09117 | સુરત | સુબેદારગંજ | શુક્રવાર | 27.09.2024 | 24.06.2024 |
| 09118 | સુબેદારગંજ | સુરત | શનિવાર | 28.09.2024 | |
| 09557 | ભાવનગર | દિલ્હી કેન્ટ | શુક્રવાર | 27.09.2024 | 24.06.2024 |
| 09558 | દિલ્હી કેન્ટ | ભાવનગર | શનિવાર | 28.09.2024 | |
| 09405 | સાબરમતી | પટના | મંગળવાર | 24.09.2024 | 24.06.2024 |
| 09406 | પટના | સાબરમતી | ગુરુવાર | 26.09.2024 | |
| 09324 | ઇન્દોર | પૂને | બુધવાર | 25.12.2024 | 24.06.2024 |
| 09323 | પૂને | ઇન્દોર | ગુરુવાર | 26.12.2024 | |
| 09520 | ઓખા | મદુરાઈ | સોમવાર | 30.12.2024 | 24.06.2024 |
| 09519 | મદુરાઈ | ઓખા | શુક્રવાર | 03.01.2025 | |
| 09097 | બાન્દ્રા ટર્મિનસ | શ્રી માતા વૈષ્ણોદેવી કટરા | રવિવાર | 29.12.2024 | 24.06.2024 |
| 09098 | શ્રી માતા વૈષ્ણોદેવી કટરા | બાન્દ્રા ટર્મિનસ | મંગળવાર | 31.12.2024 | |
| 09525 | હાપા | નાહરલાગુન | બુધવાર | 25.12.2024 | 24.06.2024 |
| 09526 | નાહરલાગુન | હાપા | શનિવાર | 28.12.2024 | |
| 09183 | મુંબઇ સેન્ટ્રલ | બનારસ | બુધવાર | 25.12.2024 | 24.06.2024 |
| 09184 | બનારસ | મુંબઇ સેન્ટ્રલ | શુક્રવાર | 27.12.2024 | |
| 09309 | ઈન્દોર | હઝરત નિઝામુદ્દીન | શુક્ર અને રવિ | 29.12.2024 | 24.06.2024 |
| 09310 | હઝરત નિઝામુદ્દીન | ઈન્દોર | સોમ અને શનિ | 30.12.2024 | |
| 09075 | મુંબઇ સેન્ટ્રલ | ખાતગોદામ | બુધવાર | 25.12.2024 | 24.06.2024 |
| 09076 | ખાતગોદામ | મુંબઇ સેન્ટ્રલ | ગુરુવાર | 26.12.2024 | |
| 09185 | મુંબઇ સેન્ટ્રલ | કાનપુર અનવરગંજ | રવિવાર | 29.12.2024 | 24.06.2024 |
| 09186 | કાનપુર અનવરગંજ | મુંબઇ સેન્ટ્રલ | સોમવાર | 30.12.2024 | |
| 09189 | મુંબઇ સેન્ટ્રલ | કટિહાર | શનિવાર | 28.12.2024 | 24.06.2024 |
| 09190 | કટિહાર | મુંબઇ સેન્ટ્રલ | મંગળવાર | 31.12.2024 | |
| 09033 | ઉધના | બરોની | સોમ અને બુધ | 30.12.2024 | 24.06.2024 |
| 09034 | બરોની | ઉધના | બુધ અને શુક્ર | 01.01.2025 | |
| 09523 | ઓખા | દિલ્હી સરાઇ રોહિલા | મંગળવાર | 31.12.2024 | 24.06.2024 |
| 09524 | દિલ્હી સરાઇ રોહિલા | ઓખા | બુધવાર | 01.01.2025 | |
| 09419 | અમદાવાદ | તિરુચિરાપલ્લી | ગુરુવાર | 26.12.2024 | 24.06.2024 |
| 09420 | તિરુચિરાપલ્લી | અમદાવાદ | રવિવાર | 29.12.2024 | |

સમય, હોલ્ટ્સ અને કંપોઝીશન અંગે વિગતવાર માહિતી મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઇ શકો છો

ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેનો તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailway.gov.in

Like us on: facebook.com/WesternRly • Follow us on: X.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકીટો માટે મૂળ આઈડી પ્રુફ સાથે રાખો


## કચ્છ મહિલા વિકાસ સંગઠન સંસ્થા દ્વારા ગૃહ ઉદ્યોગોની તાલીમ અપાઈ

**કેએમવીએસ દ્વારા બિન પરંપરાગત વ્યવસાયોમાં અમે મેળાનું આયોજન**



ભુજ : બિન પરંપરાગત વ્યવસાયોમાં અમે એ શીર્ષક સાથેનો મેળો સંસ્થા દ્વારા ઉજવાયો. મેળામાં ૪૦૦થી પણ વધુ કિશોરીઓ અને આગેવાનો જોડાયા હતા.ભુજની કચ્છ મહિલા વિકાસ સંગઠન સંસ્થામાં પણ પહેલાં આવા જ ગૃહ ઉદ્યોગોની તાલીમ માટે માંગ આવતી હતી પરંતુ કચ્છ મહિલા વિકાસ સંગઠને યુવા કિશોરીઓ માટે નવો પથ કંડાર્યો અને શરૂ કરી છકડા ચલાવવાની તાલીમ ભુજની ૧૪ જેટલી 'છકડા ચાલક' કિશોરીઓએ તાલીમ લીધી અને જેમાંથી ૮ જેટલી સલામની દીકરીઓ આજે સ્વમાનભેર ભુજના માર્ગો પર છકડો ચલાવીને રોજગારી મેળવી રહી છે. મેળામાં જૂની રાવલવાડીના વણકરવાસની દીકરી અલ્પા રામજીભાઇ મેરિયાને છકડો અર્પણ કરાયો અને આ કિશોરીએ છકડો ચલાવવાની પોતાની નવી સફર શરૂ કરી હતી.સંસ્થાના આ નુતન વિચારને વધુ વેગ મળ્યો જ્યારે દીકરીઓ નર્સિંગ અને કોમ્પ્યુટર ઓપરેટર જેવી તાલીમોમાં પણ જોડાવા લાગી. આજે ૨૦ કિશોરીઓ કચ્છ અને કચ્છ બહારની હોસ્પિટલોમાં પેશન્ટ કેર માટેનું માનવંતુ કાર્ય કરી રહી છે. તેમને મળતી રોજગારી માત્ર નાણાકીય જ નહીં પરંતુ વૈચારિક સ્વતંત્રતા પણ આપે છે. આવી દરેક દીકરીઓને મેળામાં જાહેર મંચ પરથી તેમના વ્યવસાયને લગતી પ્રતિકૃતિ આપીને બહુમાન કરાયું હતું. ગર્લ્સ ચાઈલ્ડ એજ્યુકેશનના કોઓર્ડીનેટર જસ્મિકાબેન મોદી તથા સમાજ સુરક્ષાના ચૌહાણ સંસ્થા દ્વારા વંચિત વિસ્તારની કિશોરીઓને જે રીતે બિન પરંપરાગત વ્યવસાયોની તાલીમ આપીને વિવિધ વ્યવસાયોમાં જોડવાનું કાર્ય આદર્યું છે એ કાબિલે તારીફ હોવાનું જણાવી સંસ્થા અને કિશોરીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. નારણપરની ૪૪ મહિલાઓ ધરાવતા લક્ષ્મી બેન્ડ દ્વારા ચોટદાર બેન્ડ રજૂ કરવામાં આવ્યો હતો. મહિલા ઢોલક મુમતાઝબેન લાડકે ઢોલની થાપ પર ઉપસ્થિતઓની દાદ મેળવી હતી.મેળામાં સંસ્થાના સ્થાપક સભ્ય સુષ્માબેન આયંગર, સંદીપભાઈ વિરમાણી, અલકાબેન જાની, ડો. પૂર્વીબેન ગોસ્વામી સહિત ઉપસ્થિત રહી કિશોરીઓને પ્રોત્સાહિત કરી હતી. સંસ્થાના આગેવાનો અરૂણાબેન ધોળકિયા, કૃતિબેન લહેરૂ, માલશ્રીબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ રિંકલ, યોગેશ, મયુર, આમદ, મહેન્દ્ર, નીકીતા તેમજ સમગ્ર એકેમવીએસ ટીમ અને કિશોરીઓએ કાર્યક્રમનું સફળ આયોજન પાર પાડ્યું હતું. કિશોરી જુથમાંથી ખુશીએ મેળામાં સંચાલન સંભાળ્યું હતું.

## લુણી ખાતે નવનિર્માણ પામેલ શાળાના લોકાર્પણ સંદર્ભે ચર્ચા-વિચારણા કરાઈ



મુંદરા : તાલુકાના લુણી મુકામે આવેલ અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ લુંણગધામ-લુણી મુકામે નવનિર્માણ પામેલ શાળાના લોકાર્પણ કાર્યક્રમ સંદર્ભે ચર્ચા વિચારણા કરવા ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાની શુભેચ્છા મુલાકાત લેતા ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ પિંગોલ, ઉપપ્રમુખ નારાયણભાઈ બડીયા, ખજાનચી ખેતશીભાઈ નિઝાર, સભ્યો બચુભાઇ પિંગોલ, ધર્મેન્દ્રભાઈ ગરવા, મનોજભાઈ વિઝોંડા, ઈશ્વરભાઈ ડગરા, હીરજીભાઈ ચંદરીયા, માલશીભાઈ દનિચા વગેરે સન્માન કર્યો હતો અને શાળાના કાર્યક્રમની ચર્ચા કરી હતી.

## હાઈકોર્ટ પતિ, સાસુ તથા સસરા વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલી પોલીસ એફઆઈઆર રદ્ કરી

ભુજ : આ કેસની હકીકત એવી છે કે અરજદાર/આરોપી રવિકુમાર પ્રેમજીભાઈ મકવાણા, તેમના પિતા પ્રેમજીભાઈ વેલજીભાઈ મકવાણા તથા માતા દેવુબેન પ્રેમજીભાઈ મકવાણા રહે. રાવલવાડી રીલોકેશન ભુજવાળાઓ વિરૂધ્ધ આઈ.પી.સી. ક્લમ મુજબની એફઆઈઆર આદિપુર પોલીસ સ્ટેશન પૂર્વ કચ્છ-ગાંધીધામ મુકામે આરોપી નં. ૧ના પત્ની દેવુબેન ઉર્ફે દક્ષાબેન રવિકુમાર મકવાણા દ્વારા નોધાવવામાં આવેલ હતી. ઉપરોક્ત ફરીયાદ વિરૂધ્ધ અરજદારોએ નામદાર ગુજરાત હાઈકોર્ટ મધ્યે સીઆરપીસીની કલમ મુજબ દાદા માંગેલી અને એફઆઈઆર રદ કરવાની અરજી અરદજારો દ્વારા દાખલ કરવામાં આવેલી જે અરજી મુજબ બંને પક્ષો દ્વારા ગુણદોપ ઉપર દલીલો તથા રજુઆતો કરવામાં આવેલી અને ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ ફરીયાદ રદ ફરમાવતો હુકમ કરવામાં આવેલ અને અરજદારની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. આ કેસમાં અરજદારો/આરોપીઓ તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ મધ્યે આશીષ એમ. ડગલીએ હાજર રહીને દલીલો કરેલ તથા સ્થાનિકે વકીલ કુલદીપ જીતેન્દ્રભાઈ મહેતા આરોપી પક્ષે હાજર રહ્યા હતા.

## માધાપરમાં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજે મહાસભાના પ્રમુખનું સન્માન કર્યું



માધાપર : કોઈ પણ સમાજનો વ્યક્તિ જ્યારે સમાજ ઉપયોગી કાર્યમાં પોતાનું યોગદાન આપી સમાજને ઉંચુ લાવવા માટે અથાગ પ્રયત્નો કરે છે ત્યારે સમાજ આવી વ્યક્તિને પોખવાનું કાર્ય કરે છે અને આ બાબતે ગર્વ મહેસૂસ અનુભવે છે. આવી જ એક વ્યક્તિ સમાજને આગળ લાવવાનું કાર્ય કરતા સમાજરત્ન, ધર્મપ્રેમી, સામાજીક અગ્રણી વિનોદ પુરૂષોત્તમભાઈ સોલંકીને કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (રાષ્ટ્રીય) મહાસભાના અધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ છે.

કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા માધાપર ઘટકના ઉપપ્રમુખ બાબુભાઈ પરમારના અધ્યક્ષસ્થાને વડોદરા મુકામે સામાન્ય સભામાં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (રાષ્ટ્રીય) મહાસભાના અધ્યક્ષ તરીકે સમાજરત્ન વિનોદભાઈ સોલંકીની નિમણૂક કરવામાં આવી છે તે બદલ તેમના સન્માન માટે માધાપર સમાજના લોકો દ્વારા શ્રી સોલંકીના ઘરેથી વાજતે - ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. માધાપર ઘટક મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળ અને સમાજના વડીલો, ભાઈઓ, બહેનો અને માતાઓ-બહોળી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રામાં સમાજ હસ્તકનું શ્રી કાશી વિશ્વનાથ મંદિર, શ્રી રાધે મોહનરાય મંદિરમાં દર્શન કરી સમાજ ભવનમાં સન્માનવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

પ્રથમ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટ્ય કરી ભગવાન શ્રીરામની સ્તૂતી કરવામાં આવી હતી. રિચા વિજય રાઠોડ અને દુર્વા પ્રદીપ રાઠોડે ગીત રજૂ કર્યું હતું. આ વેળાએ ડો. મનોજભાઈ સોલંકી, દામજીભાઈ વરૂ, બાબુભાઈ પરમાર, તારાબેન ટાંક, જમનાબેન વરૂએ પ્રાસંગિક ઉદ્દબોધન કરી સન્માન પત્રનું વાચન અશ્વિન સોલંકીએ કર્યું હતું. નવ નિર્વાચિત મહાસભાના પ્રમુખ વિનોદભાઈ સોલંકી અને પરિવારનું માધાપર ઘટકે સાલ, પાઘડી, મોમેન્ટો, સન્માનપત્ર આપ્યું હતું. મહિલા મંડળે મોમેન્ટો અને સાલ, યુવા મંડળે તલવાર અને સાલ તથા યુવતી મંડળે મામેન્ટો અને સાલથી સન્માન શ્રી સોલંકીનું કર્યું હતું. કચ્છ પ્રાદેશિક સમિતિ, જય સિતારામ રોટલી કેન્દ્ર, રામ બાઈ સેવા સમિતિ, નૂતન કેળવણી મંડળ, ધોરાવા હનુમાન મંદિર, સિતારામ સેવા સમિતિ રેહા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ વિનોદભાઈ સોલંકીએ પ્રત્યુયર આપતા જણાવ્યું કે, સમાજના ઉત્કર્ષ માટે કાર્ય કરીશ. કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત સમાજના લોકોના યુવા મંડળના પ્રમુખ ભરત રાઠોડે આભાર વ્યક્ત કર્યો હતો. સંચાલન ઘટકના મંત્રી ગિરીશ એમ. ચૌહાણે કર્યું હતું.

## કલાવૃંદ ક્લબના ઉપક્રમે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો



ભુજ : અહીંની જાણીતી કરાઓકે સંસ્થા કલાવૃંદ ક્લબ દ્વારા સંતોષ ટાવર હોસ્પિટલ રોડ મધ્યે પ્રમુખના નિવાસસ્થાને મહેમાનો પૂર્વ લાયન્સ ગવર્નર ભરતભાઈ એ. ડી. મહેતા, રોટરી ક્લબ ભુજના તાજેતરમાં વણાયેલા પ્રમુખ ભાવેશભાઈ પટેલ, કલાવૃંદ ક્લબના પ્રમુખ અશોકભાઈ માંડલિયા, પ્રવિણભાઈ ભદ્રા, નીતાબેન વ્યાસ, મીનાબેન ભાનુશાલી, અકબરઅલી ખોજા તથા ઈન્દુબેન ઠાકર હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પૂર્વ લાયન્સ ગવર્નર ભરતભાઈ મહેતાએ કલાવૃંદ ક્લબની પ્રવૃત્તિઓથી વાકેફ હોય આનંદની લાગણી અનુભવી અને વિશેષ સહકાર આપવા કહ્યું હતું. અન્ય મહેમાન ભુજ રોટરી પ્રમુખ ભાવેશભાઈ પટેલે પણ સહયોગ આપવા જણાવ્યું હતું. ઉપરાંત પ્રવિણભાઈ ભદ્રા, અકબરઅલી ખોજા, અતુલભાઈ જાની વગેરે મહાનુભાવોએ વક્તવ્ય આપ્યું હતું.

ઉપસંહારમાં પ્રમુખ અશોકભાઈ માંડલિયાએ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે કલાવૃંદ ક્લબ એક પરિવાર છે. તેમજ નાના માણસને દરેક કલા ઉપર એક પ્લેટફોર્મ પુરૂં પાડે છે. કચ્છના અનેક સિંગર આ ક્લબમાંથી તૈયાર થયેલ છે જેનો આનંદ છે. અતૂલભાઈ જાનીના જોક્સથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ટીઆના માંડલિયા, પ્રેમ બહાદુર, હેમાલીબેન માંડલિયા, ભાવિકાબેન બોસમિયાં, ઉમેશ બારૈયા, અશોકભાઇ માંડલિયા, અકબરઅલી ખોજા, આશિષભાઈ વૈધ, ઈન્દુબેન ઠાકર, યોગેશભાઈ ભટ્ટ, જયંતભાઈ શાહ, પ્રદીપભાઈ ઐય્યર, ધર્મેન્દ્ર ડુડિયા, અતુલભાઈ જાની વગેરેએ નવા જૂના ગીતો રજુ કર્યા હતાં. આ કાર્યક્રમમાં બેંક ઓફિસર હિતેશભાઈ માણેક, મીનાબેન ભાનુશાલી, પ્રવિણભાઈ ભદ્રા, લાયન પૂર્વ જીલ્લા ગવર્નર ભરતભાઈ મહેતા, રોટરી પ્રમુખ ભાવેશભાઈ પટેલ હજાર રહ્યા હતા. આભારવિધિ મંત્રી આશિષભાઈ વૈદ્યએ કરી હતી. કાર્યક્રમને લાઈવ પ્રસારણ કરવા મહામંત્રી હેમાલીબેન માંડલિયાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખ અશોકભાઈ માંડલિયાએ કર્યુ હતું.




પધ્ધર પોલીસ સ્ટેશન પીએસઆઈ એચ.એમ. ગોહિલ અને પોલીસ સ્ટાફ દ્વારા ભુજ - ભચાઉ હાઈવે પર ગામડામાંથી મુખ્ય માર્ગને જોડતા તમામ રસ્તાઓની આડસ થયેલ બાળવોની ઝાડીના કારણે આવાર નવાર અકસ્માતના બનાવો બને છે ત્યારે જેસીબી દ્વારા શેખપીરથી કનૈયાબે સુધી હાઈવેને જોડતી ગ્રામીણ માર્ગોના બંને બાજુમાં ઉગેલ બાવળોની ઝાડી દૂર કરી જેના કારણે હાઈવે પર દૂરથી આવતું વાહન દેખાય તેમજ રસ્તો પર બન્ને વાહનો સરસ રીતે પસાર થઈ જાય જેથી અકસ્માત થતા અટકશે અને અમૂલ્ય માનવ જિંદગી બચાવી શકાય તેવા અભિગમ સાથે આરંભ કરાવ્યો હતો.

### ગેરકાયદેસર ખનન કરતા ખનીજ માફિયાઓને કાળાબજારીનો મળશે મોકળો મેદાન

# કચ્છ ખાણ ખનીજ વિભાગના આકરા તેવરથી બાંધકામ ક્ષેત્રમાં હડકંપ

**જિલ્લાની ૩૦૦થી વધુ માન્ય લીઝ પર ખનન બંધ થવાની રો-મટેરીયલની સર્જાશે અછત : બિલ્ડિંગ સ્ટોન, બ્લેકટ્રેપ, બેન્ટોનાઈટ જેવી અનેક લીઝ બંધ થવાની જિલ્લામાં હાલે પ્રગતિમાં સરકારી અને ખાનગી પ્રોજેક્ટ માટે સર્જાશે મુસીબત : જાણકારોએ વ્યક્ત કરી ભીતિ**

ભુજ : કચ્છ જિલ્લામાં પર્યાવરણીય મંજૂરી વિના ધમધમતી લીઝ પર ખાણ ખનીજ વિભાગ દ્વારા કડક કાર્યવાહી થવાના સંકેત સાંપડી રહ્યા છે. નવ મહિના અગાઉ જિલ્લામાં પર્યાવરણીય મંજૂરી વિના કાર્યરત રેતીની લીઝ એક ઝાટકે બંધ કરાવી હવે ખાણ-ખનીજ વિભાગે બિલ્ડિંગ સ્ટોન, બ્લેકટ્રેપ, ચાઈનાકલે, બેન્ટોનાઈ જેવી ખનીજની લીઝ સામે મોરચો માંડ્યો છે. ગુજરાત સ્ટેટ એન્વાર્યમેન્ટ ઈમ્પેક એસેસમેન્ટ ઓથોરિટી દ્વારા ખનન પ્રવૃત્તિ પહેલા એન્વાર્યમેન્ટ ક્લિયરન્સ (ઈસી) મેળવવાનું અનિવાર્ય છે પરંતુ પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં મોટાભાગના લીઝધારકો ઈસી ધરાવતા નથી જેથી આવનાર દિવસોમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા તેવી તમામ લીઝને બંધ કરી દેવામાં આવશે. ખાણ ખનીજ વિભાગે પૂર્વ અને પશ્ચિમ કચ્છ જિલ્લામાં લીઝધારકોની સુનાવણી પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે હવે ગણતરીના જ સમયમાં ઈસી વગરની લીઝ બંધ થવાની તલવાર લટકી રહી છે. તો બીજી તરફ ગેરકાયદેસર ખનન કરતા ખનીજ માફીયાઓને મોકળું મેદાન મળી જશે તો પણ નવાઈ નહી હોય.

રેતી બાદ હવે બિલ્ડિંગ સ્ટોન, બેન્ટોનાઈટ, ચાઈનાક્લે અને બ્લેકટ્રેપ જેવી લીઝ બંધ થશે. તો રોયલ્ટી બંધ થવાના કારણે સરકારી તિજોરીને થશે. કચ્છમાં ખનીજ ખનનની રોયલ્ટી માફરતે સરકારે મોટી આવક થાય છે. જો તમામ લીઝ બંધ થશે તો આવકમાં ઓટ આવશે. આ ઉપરાંત સ્થાનિક રોજગારી મેળવતા લોકોની આજીવિકાને પણ નકારાત્મક અસરો થશે. કચ્છમાં નિકળતી ખનીજ મોટા બાગે કાચા મટીરિયલ્સ તરીકે ઉદ્યોગો ઉપયોગ કરતા હોઈ તેના ઉત્પાદનમા પણ અસર પડશે.

માન્ય લીઝ બંધ થવાથી બાંધકામ સહિતના ક્ષેત્રમાં પણ રો-મટેરીયલની મોટી અછત ઊભી થવાની દહેશત જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. કચ્છ જિલ્લામાં અનેક નાના-મોટા સરકારી પ્રોજેક્ટ હાલે પ્રગતિમાં છે. નેશનલ હાઈવે, બ્રિજના નિર્માણ, પાણી યોજનાના કામો ઉપરાંત સરકારી ભવનોના બાંધકામ પ્રગતિમાં છે. લીઝ બંધ થવાથી મટેરીયલની અછતના કારણે વિકાસ કામોને પણ બ્રેક લાગશે તેવી સંભાવના જાણકારો વ્યક્ત કરી હતી. હાલ કચ્છના ખાવડા સહિત સરહદ ઉપર અનેક પ્રોજેકટો ચાલી રહ્યા છે. તો બીજી તરફ ગેરકાયદેસર ખનન કરતા ભૂમાફિયાઓની ગેરપ્રવૃત્તિને વેગ મળશે. જિલ્લામાં અનેક વિસ્તારમાં ગેરકાયદેસર ખનન થતું હોવાની વ્યાપક ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. કાયદાના ભય વીના ખનીજ માફિયાઓ સરકારી તંત્રને ચૂનો ચોપડી મોટાપાયે કિંમતી ખનીજનું ખનન કરતા રહ્યા છે. માન્ય લીઝ બંધ થવાની ગેરકાયદેસર ધોરણે ચાલતી પ્રવૃત્તિને બખ્ખા થઈ જશે. મટેરીયલની આપૂર્તિ માટે ગોરખધંધા કરતા ભૂમાફિયાઓ એક માત્ર વિકલ્પ બચશે તો તેનો તેઓ જરૂર ગેરલાભ લઈ મોં માંગ્યા દામ વસૂલશે તેવી ભિતિ બાંધકામ ક્ષેત્ર સહિત અનેક ઉદોગો સાથે સંકળાયેલા લોકો વ્યક્ત કરી રહ્યા છે.

## મંજૂરીની જટીલ પ્રક્રિયા

કચ્છ જિલ્લાના માન્ય લીઝધારકોએ જણાવ્યું કે, ગુજરાત સ્ટેટ એન્વાર્યમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી પાસેથી ઈસી મેળવવાની પ્રક્રિયા ખુબ જટીલ છે. સરકારે વર્ષ ૨૦૧૬ મા ડિસ્ટ્રીક્ટ કમિટી પાસેથી ઈસી મેળવવાનો નિયમ બનાવ્ય હતો. જે-તે સમયે અનેક લીઝ ધારકોએ ડિસ્ટ્રીક્ટ કમિટી પાસેથી પર્યાવરણીય મંજૂરી મેળવી હતી. હવે નિયમમાં બદલાવ ફરી સ્ટેટ કમિટી પાસેથી ઈસી મેળવવાની રહે છે. આ પ્રક્રિયા ખૂબ જટીલ અને લાંબી છે. અનેક લીઝધારકોએ ઈસી મેળવવા અરજી કરેલ છે. ભૂતકાળમાં તંત્ર ઈસી મેળવવા કરેલ અરજીને ગ્રાહ્ય રાખતું હતું પરંતુ હવે અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. પર્યાવરણીય મંજૂરી મેળવવામાં ઘણી વખત અમુક તત્ત્વો પણ બાધક બનતા હોય છે. લીઝધારકો માટે સ્ટેટ કમિટી પાસેથી મંજૂરી મેળવવાની પ્રક્રિયા લોઢાના ચણા ચાવવા સમાન કઠીન બની છે. તંત્ર દ્વારા મંજૂરી મેળવવા માટે પૂરતો સમય આપવામાં આવે તેવી માંગ પણ લીઝધારકો કરી રહ્યા છે.

### કચ્છમાં ૩૦૦થી વધુ લીઝ પર અટકશે ખનન

પશ્ચિમ કચ્છ ખાણ ખનીજ વિભાગના અધિકારી દેવેન્દ્રભાઈ બારિયાએ જણાવ્યું હતુંકે, પૂર્વ કચ્છમાં અંદાજીત ૧૦૦ અને પશ્ચિમ કચ્છમાં ૨૪૦ જેટલા લીઝધારકો સાથે સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. નિયમાનુસાર ખનન શરૂ કરતા પૂર્વે જ પર્યાવરણીય મંજૂરી લેવાની થતી હોય છે તેથી ઈસી મેળવવા માટે કોઈ મુદ્દત આપી શકાય નહીં. લીઝ ધારકોની સુનાવણી બાદ આવનાર દિવસોમાં મંજૂરી વિનાની લીઝ પર ખનન બંધ કરાવવાના પગલાં લેવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. ખાણ ખનીજ વિભાગના આકરા તેવરને જોતા આવનાર દિવસોમાં કચ્છમાં ૩૦૦થી વધુ લીઝ બંધ થવાની તલવાર લટકી રહી છે.

### સ્થાનિક રોજગારીને માઠી અસર

ખાણ ખનીજ વિભાગ દ્વારા એન્વાર્યમેન્ટ કિલયરન્સ રજૂ ન કરનાર લીઝ પર ખનન બંધ કરાવવામાં આવશે તો સ્થાનિકોને ખાણ પર મળતી રોજગારી પણ છીનવાઈ જશે. કચ્છ જિલ્લાની નાની-મોટી ખાણ પર હજારો શ્રમજીવીઓ, ડ્રાઈવરો રોજગાર મેળવી રહ્યા છે. ખનન પ્રવૃત્તિ પર રોક લાગતા શ્રમજીવી વર્ગની રોજગારી છિનવાઈ જશે.

### મટેરીયલના ભાવમાં થશે ભડકો

કચ્છ જિલ્લાની બિલ્ડિંગ સ્ટોન, બ્લેકટ્રેપ, બેન્ટોનાઈટ વગેરે જેવી માન્ય લીઝ પર ખનન બંધ થવાથી રો-મટેરીયલની ભારે અછત ઊભી શથે. કચ્છમાં હાલે અનેક નાના-મોટા સરકારી અને ખાનગી પ્રોજેક્ટમાં છે. માન્ય લીઝ બંધ થઈ જતા પ્રોજેક્ટ માટે જરૂરી રો-મટેરીયલની અછત સર્જાશે. જેનાથી રો-મટેરિયલના ભાવમાં તોતીંગ વધારો થશે તેવી ભીતિ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો વ્યક્ત કરી રહ્યા છે.

# ગાંધીધામમાં ગૌરક્ષાના નામે ચરી ખાનાર આંખલો કોણ ?

**પ્રોલીસ સજાગતા દાખવે, કયાંક આ બની બેઠેલા ડોન થકી સંકુલમાં કોમી તણાવ-વેરઝેરના બીજ તો નથી વવાઈ રહ્યા ને? : આંખલા છોડાવવા ગયેલા કોણ હતા? તેની તપાસ કરાય તો પણ આ બની બેઠલ ડોનના છાના ગતકડાઓ ખુલ્લા પડે..!**

## જાબાંઝ એસપી બાગમાર-પૂર્વ કચ્છ પોલીસતંત્ર ચેતે :

## ગાંધીધામ સંકુલમાં એક નવો ડોન ઉભો થાય છે..!

**અગાઉ ઘેટા-બકરાંના નામે અધમ મચાવતો હતો, હવે ગાય માતાના નામે ચરી ખાનાર આંખલાના આતંકને વેળાસર જ ડામવો જરૂરી : કાસેઝ-ગાંધીધામ સંકુલના મોટાભાગના બની બેઠેલા ડોનને પૂર્વ કચ્છ એસપીએ ભોંય ભેગા કરી દીધા છે, પરંતુ ગૌરક્ષાના નામે ઠેર-ઠેર ગુંડાગીરી પર ઉતરી પડતો, કયારે અબોલજીવો કતલખાતે જતા હોવાનુ કહી વાહનો રોકાવી તેનાથીમોટી તોડ કરે, તો કયારેક ગાયોને ગોડાઉનોમાં પડેલા અખાદ્ય ખોરાક ખાવાથી મોત નિપજયાના બહાને પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિઓથી લાખો પડાવી લેવાના ત્રાગા કરનાર બની બેઠેલ ગૌરક્ષક હજુ સુધી કેમ આબાદ ફરી રહ્યો છે..?**

**ગાયોનું નામ અને ખુદની દુકાન-ફિલમ ચલાવતા આ બની બેઠેલા ડોનને હવે પોલીસે કાયદાનું ભાન કરાવવુ જ ઘટે : ગૌરક્ષાના નામે આડેધડ કરોડોની જમીનો પર અડીંગો જમાવવાના પણ આ બની બેઠેલા ડોન દ્વારા અજમાવાઈ ચૂકયા છે હથકંડા : પોલીસ તંત્ર ગાફેલ રહેશે તો તેમના માટે પણ આ બની બેઠલ ડોન માથાનો દુખાવો બનશે : કોઈ પણ વિભાગ હોય, નવા અધિકારીઓ આવે એટલે આ બની બેઠલો ડોન તેમે લાગુ પડી જતો હોય છે, કેટલાક તો તેને સામેથી બોલાવતા ફરતા રહે છે, ગૌરક્ષાના નામે બની બેઠલ આ આંખલો છે શું? : આ શખ્સ છે જ શુ કે તેને નવા અવેલા અધિકારીઓ બોલાવે અને મળે?**

ગાંધીધામ : પૂર્વ કચ્છ એસપીશ્રી સાગર બાગમારે કચ્છમાં કાર્યભાર સંભાળતાની સાથે જ કઈક મુંછે લીંબુ લટકારવનારાઓથી માંડી અને પોતાને ડોન ગણાવતા તત્વોને કાયદાનુ ભાન કરાવી અને ભોંય તળે જ પછાડી દીધા છે. કાયદો અને વ્યવસ્થા તેમના સમયકાળથી અહી વધુ સારી રીતે સ્થાપિત થવા પામી ગઈ છે. પોલીસ પ્રજાનો મિત્ર હોવાની ઉકિત પણ સાર્થક થતી જ જોવાઈ રહી છે તો પછી બીજીતરફ હવે સરકારી કર્મીઓની સાથે રખઢતા ઢોર પકડવાની કામગીરી દરમ્યાન ખુલ્લેઆમ માથાકુટ કરી અને તંત્રનેપડકાર ફેકનારા તત્વો કોના જોરે માથુ ઉચકી અને કાયદો વ્યવસ્થાને પણ અહી પડકાર ફેકી રહ્યા છે? સંકુલમાં જાણકારો કહી રહ્યા છે કે, ગાંધીધામ કોમ્પલેક્ષમાં ફરીથી વધુ એક શખ્સે ડોન બનવાના સ્વપ્નાઓ અને અભરખાંઓ જોઈ રહ્યો છે. પૂર્વ કચ્છ પોલીસતંત્રએ ચેતવાની અને જાગવાની જરૂર છે. પોલીસ આ ડોનને ઓળખે અને તેના કરતુતોનો કાચો ચીઠ્ઠો કઢાવે તે ખુબજ જરૂરી બની રહ્યો છે. માત્ર તેના કરતુતોને જોવામા આવશે, ઈતિહાસ ચકાસવામાં આવશે તો પણ આ શખ્સની માનસીકતા હકીકતમાં ડોન બનવાની જ છે તેનો આખેઆખો એકસ રે જ પોલીસને મળી જાય તેમ છે. જાણકારો કહે છે કે પોલીસ વેળાસર જ જો આ શખ્સને ડામવાની દીશામાં કાયદાનો ધાક્કો નહી પછાડે તો પોલીસ માટે પણ કયાક ને કયાંક નજીકના ભવિષ્યમાં જ આ શખ્સ માથાનો દુખવો બની જાય તેવી લાલબત્તી પણ રજુ કરવામા આવી રહી છે.

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ-આદિપુર જોડીયાનગરમાં બિનવારસુ રખઢતા ઢોર અને આંખલાઓ થકી અકસ્માતો સર્જાવવા તથા ટ્રાફિકને અડચણરૂપ બનતા હોવાની સમસ્યાઓની ફરીયાદો વધ્યા બાદ તરત જ તંત્ર દ્વારા આ બાબતે આમપ્રજાજનો તથા બિનવારસુ રખઢતા ઢોર સહિતનાઓના મામલે સુચારૂ નિર્ણય લઈ અનેઆવા ઢોરને પકડવાની કામગીરી શરૂ કરવામા આવી હતી. પરંતુ લોકહિતાર્થે થઈ રહેલી આ કાર્યવાહીમાં હવનના હાડકાઓ નાખવા સમાન કૃત્ય અમુક બની બેઠેલ ગૌરક્ષાના નામે ચરી ખાનારા તત્વોએ આદરી દીધી હોવાની ઘટના બનવા પામી ગઈ છે.

પંચરંગી પ્રદેશમાં આ બાબતે ચર્ચાતી વિગતો અનુસાર અહી રખઢતા ઢોરને પકડી અને પાંજરે પુરવાની જે કામગીરી કરવામા આવતી હતી તેમાં સરકારી વાહનની ચાવી કાઢી લેઈ અને કામદારો પર હુમલો કરવામાં આવ્યો હતો. સ્થળ પર જોનારાઓ કહી રહ્યા હતા કે, હુમલો કરનારાઓની નશાની હાલતમાં હતા. હવે અહી તંત્ર પ્રજાહિતની કામગીરી કરીરહ્યુ હોયતો તેને રોકનારા આવા અમુક તત્વો કોણ છે? તેમના પેટમાં કેમ તેલ રેડાવવા પામી ગયુ છે? સલામતીના કામમાં આવા તત્વોના રૂકાવટ કરવાનું કારણ શું છે?

અહી સમજવાની વાત તો એ જ છે કે, કામ જે થઈ રહ્યુ હતુ તે નગરપાલિકા દ્વારા વીધીવત ટેન્ડર બહાર પાડી અને કરવામા આવી રહ્યુ હતુ. જેને ટેન્ડર અપાયુ હતુ તે ઠેકેદારના લોકો અહી આંખલાઓ પકડવાનુ કામ કરી રહ્યા હતા. વીધીવત રીતે જ જે કામગીરી કરવામાં આવતી હતી તેમાં ગૌરક્ષાન નામે ચરી ખાનારા આંખલો ગાંધીધામનો કોણ હતો? કેમ તેના પેટમાં તેલ રેડાવવા પામી ગયુ? તેની દુકાન કયાંક અહી બંધ થવા પામી જાય તેમ હતી? જાણકારો અહી માર્મિક આવા સવાલો સાથે જ કહી રહ્યા છે કે, ગૌરક્ષાના નામે સંકુલમાં ચરી ખાનારો આંખલો એક કુખ્યાત છે જે કયારેક ગૌરક્ષાની પ્રવૃતીઓના નામે વાહનો રોકાવી અને ગૌમાતાની રક્ષા કરવાના બદલે વાહનચાલકો પાસેથી તોડ કરતો ફરતો હોય છે તો વળી કયાંક સંકુલમાં ગૌરક્ષાના નામે જમીનો દબાવવાના બેનામી ધંધાઓ કરતો ફરતો હોય છે. કયાંક ને કયાંક આવા બની બેઠેલા આંખલાનો તો કોઈ દોરીસંચાર રહેલો નથી ને? આવા તત્વો જો પ્રજાહિતની કામગીરીમાં રૂકાવટ અને આડખીલી રૂપ બની રહ્યા હોય તો વિના વિલંબે તેની સામે પોલીસ ફરીયાદની કાર્યવાહી કરી દેખાડવી જોઈએ અને પોલીસે પણ સરકારી કર્મચારીઓ સાથે સરકારી કામમાં રૂકાવટ કરવા તથા માથાકુટ કરવી ઉપરાંત નશાની હાલતમાં સરકારી કામગીરીને પડકાર ફેકનારાઓને બરાબરના નશ્યત કરવા જોઈએ તેવી લોકમાંગ પણ આ સંકુલમાથી ઉઠવા પામી રહી છે.નોધનીય છે કે, ટ્રાફિકને નડતરૂપ તથા લોકોના જીવ લેતા રખડતા પશુઓને પાંજરે પુરવાની દીશામાં નામદાર હાઈકોર્ટ દ્વારા જ વિવિધ નગરપાલીકાઓ અને કાર્પોરેશનને આદેશ આપવામા આવ્યા હતા અને તે બાદ જ આ પ્રકારની કડક કાર્યવાહી કરવામા આવી રહી છે ત્યારે ગાંધીધામમાં ગૌરક્ષાના નામે ચરી ખાઈ અને સરકારી કામમા ન માત્ર રૂકાવટ બલ્કે નામદાર હાઈકોર્ટના આદેશનું પણ ઉલ્લઘન કરવા સમાન હરકત આદરી છે તેને તો કડક રીતે જ નશ્યત કરવાજોઈએ.

## ટેન્ડર સાથે કાયદેસરની કામગીરીના રૂકાવટખોર પર ફિટકાર!

**એકતરફ શહેરમાં રખડતા ઢોરના ત્રાસની ફરીયાદો વધે, ટ્રાફીક અને અકસ્માતો સહિતના વિષયો ઉઠાવાય, જે બાદ તંત્ર નિયમ અનુસારની કાર્યવાહી કરે તો અમુક બની બેઠેલા અને ગૌરક્ષાના નામે પોતાની દુકાન-ફિલમ ચલાવનારાઓ સરકારી કર્મીઓ પર નશાની હાલતમાં હુમલાઓ કરી દે, આવામાં તંત્ર-સરકારી બાબુઓ પ્રજાહિતની કામગીરી કરશે કેવી રીતે?**

**નગરપાલીકાના સત્તાધીશો, પદાધિકારીઓ તથા વહીવટીતંત્રએ પણ આવી ઘટનાઓની ઉચ્ચસ્તરે નોંધ લઈ અને સરકારી કામગીરીમાં ખુલ્લેઆમ વિક્ષેપ પાડનારાઓની સામે ધાક બેસાડતી કાર્યવાહી કરવી જોઈએ : ગેરકાદેસર રીતે ઢોરોને લઈ જવાતા હોય કે કત્લખાને ઢોર જઈ રહ્યા હોય અને કોઈ આક્રમકતા દેખાડાય તો જુદી વાત છે, આ તો સરકારી અધિકારીઓની રાહબરી હેઠળ, વિધીવત ટેન્ડર બહાર પાડીને જ લોકહિતાર્થેની અને અબોલજીવોને માટે પણ સુચારૂ કહી શકાય તેવી કામગીરી થતી હતી તેમાં વિક્ષેપ પાડવો, તેમાં ચાવીઓ ઝુંટી લેવી અને એ પણ નશાની હાલતમાં સરકારીતંત્રને ધોળા દીવસે લલકારવો એ કયાંની ગૌસેવા કહેવાય..! : આવા અમુક બની બેઠેલા ગૌરક્ષકો થકી જ સાચા ગૌમાતાના સેવકને પણ કયારેક વેઠવાનો વારો આવી જતો હોય છે..!**


## ૧૧મી વાર્ષિક પુણ્યતિથિએ
## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. સગાળચંદ પુંજાલાલ અનડા**

સ્વ. તા.૨૪-૦૬-૨૦૧૩

नैनं छिन्दन्ती शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत : ॥

આપની હયાતી અમારી પ્રેરણા હતી આપ હતા અમારા સૌના રાહદર્શક આપનો કુટુંબ વાત્સલ્ય સદા હૈયે રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના પુણ્ય દિવ્યશાળી આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ શ્રદ્ધાસુમન

શોકાતુર
- ધર્મપત્નિ - ગં.સ્વ.રાધાબેન સગાળચંદ અનડા
- પુત્રી - પ્રિયંકા સગાળચંદ અનડા • બહેન - શાંતાબેન મનજીભાઈ આયા

તથા સમસ્ત અનડા પરીવાર

**હરસિદ્ધા ટ્રાન્સપોર્ટ કાં.**

ગાંધીધામ-અમદાવાદ-સાંધીપૂરમ સમસ્ત સ્ટાફ પરીવાર


# સલમાનખાન ઘર ફાયરીંગ કેસ : કચ્છથી ઝડપાયેલા બે શુટર્સને ગેંગસ્ટર લોરેન્સના ભાઈએ જ સોપારી આપી હતી

**મુંબઈ પોલીસને આરોપીઓ પાસેથી ઓડિયો રેકોર્ડિંગ મળ્યા : મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે છેવાડાના સરહદી કચ્છમાથી આ કેસમાં સૌ પ્રથમ બે શખ્સોને દબોચ્યા હતા, તે બાદ સમગ્ર કેસમાં કુલ્લ પાંચ આરોપીઓની થઈ ચુકી છે ધરપકડ :અનમોલ બિશ્નોઈ છુપી રીતે કચ્છથી ઝડપાયેલા બે શખ્સોના સતત સંપર્કમાં હતો : બન્ને શખ્સો પાસેથી મળેલા ઓડીયો અનમોલ બિશ્નોઈના અવાજથી મેચ થયા : ફોરેન્સીક લેબમાં થયો સત્તાવાર પર્દાફાશ**

ગાંધીધામ : પ્રખ્યાત બોલીવુડ સ્ટાર સલમાનખાનના ઘર પર ફાયરીગ કેસમાં અગાઉ કચ્છ કડી જોડાઈ ચૂકી છે. ફાયરીંગ કરનારા બે શખ્સો ઘટનાને અંજામ આપી અને સરહદી છેવાડાના લખપત વિસ્તારમાં છુપાઈ ગયા હતા. જો કે, તેમને ત્યાથી ગણતરીના સમયમાં જ દબોચી લેવામા આવ્યા હતા. હવે આ બન્ને શખ્સો અને ગેંગસ્ટર લોરેન્સ તથા તેના ભાઈને લઈને મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચની પુછતાછમાં વધુ કેટલાક ખુલાસાઓ થવા પામી ગયા છે.

આ બાબતે સહેજ વિગતે વાત કરીએ તો સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં પોલીસે આરોપીઓ પાસેથી ઓડિયો રેકોર્ડિંગ મેળવ્યું છે. આ રેકોર્ડિંગ અનમોલ બિશ્નોઈનું હોવાનું કહેવાય છે.બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં મોટા સમાચાર આવી રહ્યા છે. આ ઘટના પાછળ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ વિરુદ્ધ મુંબઈ પોલીસને સૌથી મોટા પુરાવા મળ્યા છે.આરોપી પાસેથી મળી આવેલ અનમોલ બિશ્નોઈનું ઓડિયો રેકોર્ડીંગ એજન્સી પાસે રાખેલા અનમોલ બિશ્નોઈના ઓડિયો સેમ્પલ સાથે મેચ થાય છે.સૂત્રોએ જણાવ્યું કે ફાયરિંગની ઘટનાને અંજામ આપ્યા બાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં કચ્છ-ગુજરાતમાંથી વિકી ગુપ્તા અને સાગર પાલની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે અનમોલ બિશ્નોઈ ગોળીબારના સમયથી છુપાઈને સતત શૂટરોના સંપર્કમાં હતો, તેની ધરપકડ બાદ પોલીસને તેના મોબાઈલ ફોનમાંથી તેની અને અનમોલ બિશ્નોઈ વચ્ચેની વાતચીતનો ઓડિયો મળ્યો હતો . એક અધિકારીએ જણાવ્યું કે આ ઓડિયો અનમોલ બિશ્નોઈનો છે કે અન્ય કોઈનો છે તે જાણવા માટે કેન્દ્રીય તપાસ એજન્સી પાસેથી અનમોલ બિશ્નોઈના ઓડિયો સેમ્પલ લેવામાં આવ્યા હતા અને બંને સેમ્પલ ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ફોરેન્સિક લેબને ખબર પડીકે આ ઓડિયો અનમોલ બિશરોઈનો જ છે.તમને જણાવી દઈએ કે પોલીસે ૨૬ એપ્રિલના રોજ પંજાબમાંથી અનુજ કુમાર થાપન અને સોનુ ચંદરની બંને શૂટરોને બંદૂક સપ્લાય કરવાના આરોપ માં ધરપકડ કરી હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા અનુજ થાપને ૧ મેના રોજ જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. આ પછી પાંચમા આરોપી મોહમ્મદ રફીક ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં ૫ લોકોની ધરપકડ કરી છે.તમને જણાવી દઈએ કે, થોડા દિવસો ૫ હેલા બાઈક પર આવેલા કેટલાક લોકોએ સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનાને અંજામ આપ્યો હતો. આ મામલે પોલીસ તપાસ ચાલુ છે.